પાના ૮, કિંમત રૂ.૨, તા. ૦૭-૦૪-૨૦૨૬-મંગળવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૯૮ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# ધર્મની વ્યાખ્યા કરવાનું કામ કોર્ટનું નથી : ચીફ જસ્ટીસ

## ધાર્મિક બાબતોમાં કોર્ટે દાખલ ન કરવી જોઈએ : સુપ્રીમ કોર્ટમાં સબરીમાલા મુદ્દે કેન્દ્રનો જવાબ : ૯ જજોની બેન્ચે સુનાવણી કરી

નવી દિલ્હી, તા. ૦૭

સુપ્રીમ કોર્ટ આજે કેરળના સબરીમાલા મંદિરમાં મહિલાઓને એન્ટ્રી આપવાની મંજૂરી આપતા આદેશ અંગેના સમીક્ષા કેસની સુનાવણી કરી રહી છે. સીજેઆઈ સૂર્યકાંતની અધ્યક્ષતામાં નવ જજોની બંધારણીય બેન્ચ આ કેસની સુનાવણી કરી રહી છે.

વકીલો ચર્ચા કરી રહ્યા છે કે શું આ મામલો સબરીમાલા કેસની સમીક્ષા સુનાવણીનો છે, કે પછી તે ફક્ત સંદર્ભિત પ્રશ્નોના જવાબ આપવા પૂરતો મર્યાદિત રહેશે.

કેન્દ્ર સરકારનો તર્ક છે કે જો કોર્ટ આવા ધોરણોના આધારે ધાર્મિક પ્રથાઓની સમીક્ષા કરે છે, તો તેઓ ધર્મ પર પોતાના દાર્શનિક વિચારો લાદશે, જે બંધારણ સાથે અસંગત છે. સરકારે સ્પષ્ટતા કરી હતી કે ધાર્મિક પ્રથા તર્કસંગત છે કે નહીં તે નક્કી કરવું બંધારણીય સમીક્ષાનો ભાગ હોઈ શકે નહીં.

સુનાવણી પહેલાંના લેખિત જવાબમાં, કેન્દ્રએ જણાવ્યું હતું કે સબરીમાલામાં ૧૦ થી ૫૦ વર્ષની વયની મહિલાઓનો પ્રવેશ પ્રતિબંધિત છે કારણ કે ભગવાન અયપ્પાને "નૈષ્ઠિક બ્રહ્મચારી" માનવામાં આવે છે, એટલે કે તેમણે તેમના સમગ્ર જીવન દરમિયાન બ્રહ્મચર્યનું પાલન કર્યું છે. આનો મહિલાઓની શુદ્ધતા કે સ્થિતિ સાથે કોઈ સંબંધ નથી.





કેન્દ્ર સરકારે દલીલ કરી હતી કે મહિલાઓને અંદર જવા દેવાથી પરંપરાગત પૂજા પ્રથાઓમાં ફેરફાર થશે અને બંધારણ દ્વારા સુરક્ષિત ધાર્મિક વિવિધતાને નુકસાન પહોંચાડી શકે છે. તેણે સુપ્રીમ કોર્ટને કેરળના સબરીમાલામાં માસિક ધર્મની ઉંમરની મહિલાઓના પ્રવેશ પરના પ્રતિબંધને સમર્થન આપવા વિનંતી કરી.કેન્દ્રનું કહેવું છે કે આ મામલો સંપૂર્ણપણે ધાર્મિક શ્રદ્ધા અને ચોક્કસ ધાર્મિક જૂથના પોતાના નિયમો નક્કી કરવાના અધિકાર સાથે સંબંધિત છે, તેથી કોર્ટે તેમાં દખલ ન કરવી જોઈએ.મસ્જિદોમાં મહિલાઓની એન્ટ્રી, દાઉદી બોહરા સમુદાયમાં મહિલાનું ખતના અને બીજા ધર્મમાં લગ્ન કરનારી પારસી મહિલાઓને ધાર્મિક સ્થળોમાં જવાનો અધિકાર મળે કે નહીં, કોર્ટ આના પર પણ નિર્ણય કરશે.ધાર્મિક સ્થળો પર મહિલાઓ સાથે ભેદભાવ સંબંધિત આ સવાલો છેલ્લા ૨૬ વર્ષથી દેશની અલગ-અલગ અદાલતોમાં પેન્ડિંગ છે. સુપ્રીમ કોર્ટની ૯ જજોની બંધારણીય બેન્ચ આજથી ૨૨ એપ્રિલ સુધી ૫૦થી વધુ અરજીઓ પર અંતિમ સુનાવણી કરશે.સુપ્રીમ કોર્ટમાં ૭ એપ્રિલની સવારે ૧૦.૩૦ વાગ્યે સબરીમાલા રિવ્યુ કેસની સુનાવણી શરૂ થઈ. રિવ્યુ પિટિશનરો અને તેમને સપોર્ટ કરનારા ૭ એપ્રિલથી ૯ એપ્રિલ સુધી, જ્યારે વિરોધ કરનારા ૧૪ એપ્રિલથી ૧૬ એપ્રિલ સુધી દલીલો રજૂ કરી શકશે.

# આસામ, કેરળ, પુડુચેરીમાં આજે ચૂંટણી પ્રચારનો અંતિમ દિવસ

### તા. ૯મી એપ્રિલે યોજાશે મતદાન

નવી દિલ્હી, તા. ૦૭

તમિલનાડુના મુખ્યમંત્રી અને દ્રમુક અધ્યક્ષ એમ.કે. સ્ટાલિને આરોપ લગાવ્યો છે કે કેન્દ્રએ પુડુચેરીને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવામાં કોઈ રસ દાખવ્યો નથી, જ્યારે આ કેન્દ્રશાસિત પ્રદેશની વિધાનસભાએ ૧૪ વખત પ્રસ્તાવ પસાર કરીને આવી માંગ કરી છે.

આ તરફ, ચૂંટણી પંચે આસામ, કેરળ અને પુડુચેરી માટે 'સાયલન્સ પિરિયડ'ની જાહેરાત કરી છે. જે મંગળવારે સાંજે ૫ વાગ્યાથી શરૂ થશે. આ સમય તમામ મતવિસ્તારોમાં મતદાન સમાપ્ત થવાના બરાબર ૪૮ કલાક પહેલાનો છે.

'જન પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧'ની કલમ ૧૨૬ અનુસાર, આ સમયગાળા દરમિયાન ચૂંટણી પ્રચાર પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. એટલે કે ઉમેદવારો જાહેર સભાઓ, સરઘસો, રેલીઓ, જનસંપર્ક અને અન્ય કોઈ પણ પ્રવૃત્તિ કરી શકશે નહીં.

પંચે ઈલેક્ટ્રોનિક અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા ચૂંટણી પ્રચાર પર પણ પ્રતિબંધ મૂક્યો છે. બલ્ક SMS, ફોન કોલ અથવા ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા મત માંગવા પર પણ પ્રતિબંધ રહેશે.આ ઉપરાંત, જે રાજકીય પદાધિકારીઓ અને પક્ષના કાર્યકરો બહારથી આવ્યા છે અને સંબંધિત રાજ્યના રજિસ્ટર્ડ મતદાર નથી, તેમને ચૂંટણી પ્રચાર પૂરો થતાં જ તરત જ ત્યાંથી ચાલ્યા જવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિન ડીએમકેના સાથી એમડીએમકે

અનુસંધાન પાના ૭ પર

# એર ઈન્ડિયાના સીઈઓ કેમ્પબેલ વિલ્સનું રાજીનામું

### અમદાવાદ પ્લેન ક્રેશનો રિપોર્ટ આવ્યા બાદ પદ છોડવા નિર્ણય

નવી દિલ્હી, તા. ૦૭

એર ઈન્ડિયાના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) કેમ્પબેલ વિલ્સને રાજીનામું આપી દીધું છે. ન્યૂઝ એજન્સીએ મંગળવારે સૂત્રોને ટાંકીને આ માહિતી આપી હતી. ઘણા મીડિયા રિપોર્ટ્સમાં કહેવામાં આવ્યું છે કે એર ઈન્ડિયાએ નવા CEOની શોધ પણ શરૂ કરી દીધી છે.સૂત્રો અનુસાર, વિલ્સન સપ્ટેમ્બરમાં પોતાનું પદ છોડી શકે છે. ગયા અઠવાડિયે યોજાયેલી કંપનીની બોર્ડ મીટિંગમાં તેમનું રાજીનામું સ્વીકારી લેવામાં આવ્યું છે. વિલ્સનને સપ્ટેમ્બર ૨૦૨૨માં એર ઈન્ડિયાના CEO અને મેનેજિંગ ડિરેક્ટર (MD) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેમનો કરાર ૫ વર્ષ માટે, જુલાઈ ૨૦૨૭ સુધીનો હતો.રિપોર્ટ્સ અનુસાર, એરલાઇન અમદાવાદ પ્લેન ક્રેશની અંતિમ તપાસ રિપોર્ટ આવ્યા બાદ નવા CEOની નિમણૂક કરશે. એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (AAIB) એ ૧૨ જુલાઈ ૨૦૨૫ ના રોજ દુર્ઘટનાનો પ્રારંભિક રિપોર્ટ જાહેર કર્યો હતો. અંતિમ રિપોર્ટ જૂન ૨૦૨૬ માં આવી શકે છે.



# દિલ્હી, એનસીઆર સહિતના ઉત્તર ભારતમાં વરસાદ ઝીંકાયો

### જમ્મુ- કાશ્મીર, હિમાચલમાં વરસાદ, બરફ વર્ષા, વાવાઝોડાની આગાહી

નવી દિલ્હી, તા. ૦૭

દિલ્હી-એનસીઆર સહિત ઉત્તર ભારતમાં સવારે ભારે પવન સાથે કમોસમી વરસાદ શરૂ થયો હતો. દિલ્હી-એનસીઆરમાં મંગળવારે વરસાદની સાથે સાથે વાવાઝોડુ અને કરાવૃષ્ટિનું પણ એલર્ટ છે. હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ સહિત ૨૦ રાજયોમાં ભારે પવનોની સાથે વરસાદનું એલર્ટ છે.

હવામાન વિભાગના અનુસાર ૭ અને ૮ એપ્રિલે પંજાબ, હરિયાણા, ચંડીગઢ, દિલ્હી, ઉત્તર પ્રદેશ અને પૂર્વી રાજસ્થાનમાં તારજ-ચમક અને ભારે પવનોની સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. આ દરમિયાન ૪૦-૫૦ કિ.મી. દર કલાકની ઝડપે હવા ચાલશે.હવામાન વિભાગના પૂર્વાનુમાન નજીક આજે હિમાચલ પ્રદેશ, ઝારખંડ, અરૂણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, પંજાબ, ઉત્તરાખંડ, દિલ્હી, જમ્મુ-કાશ્મીર, પશ્ચિમ બંગાળ, સિક્કીમ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, તમિલનાડુ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, બિહાર, આંધ્ર પ્રદેશ, કર્ણાટક અને ઓરિસ્સામાં ભારે પવન સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.જમ્મુ-કાશ્મીર, ઉત્તરાખંડ અને હિમાચલમાં તા.૭ થી ૧૦ એપ્રિલ દરમિયાન વરસાદ, બરફવર્ષા અને કડાકા-ભડાકા-ચમકારા સાથે વાવાઝોડાની આગાહી છે. હવામાન વિભાગ અનુસાર ભારે પવનો અને વરસાદની સાથે હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, રાજસ્થાન, જમ્મુ કાશ્મીર, લદાખ, દિલ્હી, પંજાબ, દિલ્હી, હરિયાણા, ઉત્તર પ્રદેશમાં કરાવૃષ્ટિની સંભાવના છે.

# વિશ્વના તમામ દેશોના અર્થતંત્ર ધીમા પડશે :આઈએમએફ

### વિશ્વમાં ૭૨ ઉર્જા સુવિધા પર અસર થવાથી મોંઘવારી વધવાની ચેતવણી

નવી દિલ્હી, તા. ૦૭

ઈરાન યુદ્ધના કારણે સમગ્ર વિશ્વમાં અર્થતંત્રની ગતિ ધીમી પડવાની તથા મોંઘવારી વધવાની ચેતવણી આંતરરાષ્ટ્રીય નાણાભંડોળે આપી છે. આઈએમએફના રિપોર્ટમાં જણાવાયુ છે કે યુદ્ધના કારણે ક્રુડ સપ્લાય ૧૩% ઘટી છે અને ભાવ વધ્યા છે તેથી તેની સીધી અસર વિશ્વભરના દેશોના અર્થતંત્ર પર અર્થ તથા મોંઘવારી વધીને પુરા વિશ્વમાં ગેસની સપ્લાય ચેઈન પર પણ અસર છે અને તેથી કિંમત વધી રહી છે જે આગામી દિવસોમાં પણ સ્થિતિ સુધારી શકે તેવા કોઈ સંકેત નથી.યુદ્ધના કારણે ગેસ-ખાતરો અને અન્ય સંબંધીત ચેનલો સુધી અસર છે. ઈન્ટરનેશન એનર્જી એજન્સીએ જણાવ્યું કે કુલ ૭૨ ઉર્જા સુવિધાને અસર છે અને તેમાં નિકાસમાં અવલ્લ ગણાતો ચીન પણ બાકાત નથી.

# બાંગ્લાદેશ સીમા પર ઘૂસણખોરી રોકવા માટે સાપ-મગરનો ઉપયોગ

### ૧૦ વર્ષમાં ઘૂસણખોરીની ૭ હજાર ઘટનાઓ બનતા નવો ઉપાય વિચારણા હેઠળ

નવી દિલ્હી, તા. ૦૭

BSF બાંગ્લાદેશ સરહદ પર ઘૂસણખોરી રોકવા માટે મગર અને સાપનો ઉપયોગ કરી શકે છે. રિપોર્ટ્સ અનુસાર, ૨૬ માર્ચે ગૃહ મંત્રાલયે BSF મુખ્યાલયને ઓપરેશનલ સ્તરે સરિસૃપો (મગર અને સાપ)ના ઉપયોગ પર વિચાર કરવા આદેશ આપ્યો છે.ભારત-બાંગ્લાદેશની ૪,૦૯૬ કિમી લાંબી સરહદમાં લગભગ ૧૭૫ કિમીનો હિસ્સો નદી અને કાદવવાળા વિસ્તારમાં આવે છે. આ વિસ્તારોમાં ફેન્સિંગ લગાવવું મુશ્કેલ હોય છે. ઘૂસણખોરી અને તસ્કરીની ઘટનાઓ થતી રહે છે. સરહદ પર ૧૦ વર્ષમાં ૭ હજારથી વધુ ઘૂસણખોરી થઈ.BSF અધિકારીઓએ જણાવ્યું કે હાલમાં આ માત્ર એક પ્રસ્તાવ છે. તેને લાગુ કરવામાં આવ્યો નથી. તેમાં પ્રાણીઓની વ્યવસ્થાથી લઈને સરહદ નજીક રહેતા લોકોની સુરક્ષા જેવી ઘણી પડકારો છે. ભારત-બાંગ્લાદેશ બોર્ડર પાસે ગીચ વસ્તી અને પૂરની પરિસ્થિતિઓને કારણે ગ્રામજનો માટે જોખમ પણ વધી શકે છે.૧૭ માર્ચે સરકારે ભારત-બાંગ્લાદેશ બોર્ડર પર ૩,૩૨૬ કિમી ફેન્સિંગને મંજૂરી આપી હતી. લગભગ ૩૭૧ કિમીનો હિસ્સો હજુ પણ બાકી છે. ગૃહ મંત્રાલયના રિપોર્ટ અનુસાર, જ્યાં ફેન્સિંગ શક્ય નથી, ત્યાં ડ્રોન જેવા ટેકનિકલ ઉપાયો અપનાવવામાં આવશે.

અનુસંધાન પાના ૭ પર

# ભારતનું રેવડી કલ્ચર અને યુદ્ધ અર્થતંત્રની હાલત બગાડશે

### ચૂંટણી જીતવા અર્થતંત્રનો ભોગ લેવાઈ રહ્યો હોવાનો દાવો

નવી દિલ્હી, તા. ૦૭

૨૦૨૫ના પ્રારંભથી અમેરિકી ટેરિફથી સર્જાયેલા અનિશ્ચિત વાતાવરણ બાદ હવે ઈરાન યુદ્ધથી છેલ્લા બે વર્ષમાં આર્થિક મોરચે જે પડકાર સર્જાયા છે તેની સીધી અસર દેશના અર્થતંત્રની ગતિ પર પડી છે.વિશ્વના સૌથી ઝડપથી વધતા અર્થતંત્રમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના ત્રીજા કાર્યકાળમાં હવે ઈરાન યુદ્ધના કારણે અર્થતંત્ર પર અસર જોવા મળી રહી છે અને સરકારને હવે એક તરફ ઈંધણના વધેલા ભાવ અને અછતના કારણે ઉદ્યોગોની ગતિને પણ આંચકો લાગ્યો છે.ગઈકાલે જ જાહેર થયેલા દેશના ઉત્પાદનના આંકડા છેલ્લા નવ માસની સૌથી નીચી સપાટીએ છે તથા દેશના ટ્રાવેલ, એવીએશન સહિતના ક્ષેત્રને પાર પડયો છે. ખુદ સરકારના બજેટમાં પણ ગાબડા પડયા છે. ખાસ કરીને મોંઘુ ક્રુડતેલ ખરીદીને ઘર આંગણે ચુંટણીના કારણે સબ્સીડાઈઝ ભાવે વેચવામાં સરકાર લાખો-કરોડોનું નુકશાન કરી રહી છે તો સુસ્ત બનેલી અર્થવ્યવસ્થાને વેગ આપવા સરકારે નવા રાહત પેકેજ જારી કરવા પડશે. સરકારની તિજોરી પર મોંઘુ ક્રુડ- ઉંચા ટેરિફથી

અનુસંધાન પાના ૭ પર

# એક સૈનિકને બચાવવા ૧૫૫ એરક્રાફ્ટ મોકલ્યા હતા : ટ્રમ્પ

## જોખમી ઓપરેશનમાં ભગવાનનો પણ સાથ મળ્યો હોવાનો ટ્રમ્પનો દાવો

નવી દિલ્હી, તા. ૦૭

ઈરાનની સાથે યુદ્ધ વચ્ચે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પેદાવો કર્યો કે, આખા દેશ(ઈરાન)ને એક રાતમાં જ નષ્ટ કરી શકીએ છીએ અથવા કદાચ કાલે થઈ જ જશે. આ ચેતવણી એવા સમયે આવી છે, જ્યારે બંને પક્ષોએ કહ્યું છે કે, મધ્યસ્થો દ્વારા યુદ્ધવિરામ વાતાઘાટો ચાલી રહી છે. જોકે, હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી.

ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે, આજે તેઓ એક એવા મિશનની સફળતાની ઉજવણી કરવા માટે હાજર છે, જે સૈન્ય ઈતિહાસના સૌથી મોટા, જટિલ અને જોખમી 'કોમ્બેટ સર્ચ એન્ડ રેસ્ક્યુ' ઓપરેશનોમાંનું એક હતું.સામાન્ય રીતે યુદ્ધ દરમિયાન જ્યારે કોઈ વિમાન દુશ્મન વિસ્તારમાં તોડી પાડવામાં આવે છે, ત્યારે તેને બચાવવા માટે આટલા મોટા સ્તરનું ઓપરેશન કરવું ખૂબ મુશ્કેલ હોય છે. ઘણીવાર એક કે બે લોકોને બચાવવા માટે સેંકડો સૈનિકોના જીવ જોખમમાં મૂકવા પડે છે, તેથી આવા મિશન ઘણીવાર હાથ ધરવામાં આવતા નથી.

આ કિસ્સામાં પણ મોટું જોખમ હતું, પરંતુ તેમ છતાં મિશન પાર પાડવામાં આવ્યું હતું અને તેમાં ટીમની ક્ષમતાની સાથે નસીબે પણ સાથ આપ્યો હતો. અમેરિકાના ૨૦૦ જેટલા લોકોએ મળીને ઈરાનમાંથી સૈનિકનો બચાવ કર્યો.

ટ્રમ્પે પોતાના નિવેદનમાં કહ્યું કે, અમેરિકા પાસે એટલી શક્તિ છે કે તે આખા દેશને એક રાતમાં ખતમ કરી શકે છે અને તે રાત ગમે ત્યારે આવી શકે છે, ભલે તે આગામી રાત હોય.

તેમણે આ મિશનને ઐતિહાસિક ગણાવતા કહ્યું કે આ ઓપરેશન સૈન્ય ઈતિહાસમાં નોંધાશે અને તેમાં સામેલ તમામ લોકોની ભૂમિકા અત્યંત મહત્ત્વની રહી છે.

ટ્રમ્પે કહ્યું કે, તેમણે અમેરિકન સેનાને આદેશ આપ્યો હતો કે પોતાના સૈનિકોને પાછા લાવવા માટે જે પણ જરૂરી હોય તે કરવામાં આવે. તેમણે સ્વીકાર્યું કે આ એક અત્યંત જોખમી નિર્ણય હતો, કારણ કે તેમાં ૧-૨ ના બદલે ૧૦૦ સૈનિકોના જીવ પણ જઈ શકતા હતા. પરંતુ તેમણે કહ્યું કે અમેરિકન આર્મીનો સિદ્ધાંત છે, 'અમે અમારા કોઈપણ નાગરિકને પાછળ છોડતા નથી'.

તેમણે માહિતી આપી કે ગણતરીના કલાકોમાં

# ઈરાનના પાવર પ્રોજેક્ટની સુરક્ષા માટે આસપાસ યુવાનો ભેગા થશે

### અમેરિકાના હુમલાઓથી બચવા માટે હ્યુમન ચેઈન રચવાની યોજના

નવી દિલ્હી, તા. ૦૭

અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પની ધમકીઓને જોતા ઈરાને દેશભરના યુવાનોને એકજૂટ થવા અને પોતાનો સમર્થન આપવા અપીલ કરી છે.

અલ જઝીરાના રિપોર્ટ મુજબ સરકારે ઘણી યુનિવર્સિટીના યુવાનો, કલાકારો, ખેલાડીઓ અને યુવા સંગઠનોને કહ્યું છે કે તેઓ ૭ એપ્રિલે પાવર પ્લાન્ટની આસપાસ હ્યુમન ચેઈન બનાવીને ઊભા રહે.તેમનો હેતુ સાર્વજનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર અમેરિકી હુમલાનો વિરોધ કરવાનો જણાવવામાં આવ્યો છે. આ પહેલા ટ્રમ્પે ઈરાનને હોર્મુઝ ખોલવા અને સીઝફાયર માટે ૪૮ કલાકનો સમય આપ્યો હતો જે આજે રાત્રે ૮ વાગ્યે (ભારતીય સમય મુજબ સવારે ૫:૩૦ વાગ્યે) સમાપ્ત થઈ રહ્યો છે.ટ્રમ્પે સોમવારે કહ્યું કે ઈરાનને એક જ રાતમાં તબાહ કરી શકાય છે અને આવું મંગળવારે જ થઈ શકે છે. તેમણે મીડિયાને કહ્યું, 'અમારી પાસે એક પ્લાન છે.

અનુસંધાન પાના ૭ પર

# હોર્મુઝથી કરાચી જતા જહાજને ઈરાને આગળ વધતા રોક્યું

### ખાદ્ય સામગ્રી સાથેનું જહાજ ઈરાને અટકતા પાકમાં સંકટ ગંભીર બનશે

નવી દિલ્હી, તા. ૦૭

હોર્મુઝ સ્ટ્રેતટમાં હાલ દરિયાઈ સુરક્ષા અને રાજદ્વારી ખેંચતાણને કારણે એક રસપ્રદ સ્થિતિ સર્જાઈ છે. પાકિસ્તાન માટે ખાવા-પીવાની ચીજવસ્તુઓ લઈને કરાચી જઈ રહેલા જહાજ 'જીઈન્ઈદ્ન'ને ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સ દ્વારા રોકી દેવામાં આવ્યું છે.આ ઘટનાને પગલે પાકિસ્તાન અને ઈરાન વચ્ચેના સંબંધોમાં રહેલી કડવાશ ફરી સપાટી પર આવી છે. સેન્ટ કિટ્સ એન્ડ નેવિસના ધ્વજ હેઠળ મુસાફરી કરી રહેલું આ જહાજ ૨૩ માર્ચના રોજ યુએઈના શારજાહથી કરાચી જવા રવાના થયું હતું, પરંતુ જેવું તે સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં દાખલ થયું કે તરત જ ઈરાની નૌસેનાએ તેને ઘેરી લીધું હતું.ઈરાનનો દાવો છે કે આ જહાજ પાસે આ ક્ષેત્રમાંથી પસાર થવા માટે પૂરતી મંજૂરી નહોતી અને ઈરાની ઓથોરિટી સાથે સંકલન સાધ્યા વિના કોઈ પણ જહાજ અહીંથી પસાર થઈ શકે નહીં.

અનુસંધાન પાના ૭ પર




# નશો ધીરે-ધીરે લતનું સ્વરૂપ ધારણ કરે છે : ડો. પરાગ શાહ

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા હેલ્થ સિરિઝ અંતર્ગત નશામુક્તિ અંગે જાગૃતિ લાવવા 'ફ્રિડમ ફ્રોમ એડિક્શન' વિષે અવેરનેસ સેશન

સુરત, તા.૭

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સમાજમાં નશાની લત સામે જાગૃતિ લાવવા હેતુસર હેલ્થ સિરિઝ અંતર્ગત રવિવાર, તા. ૫ એપ્રિલ, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ વાગ્યે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'ફ્રિડમ ફ્રોમ એડિકશન' વિષય પર અવેરનેસ સેશન યોજાયું હતું, જેમાં મુખ્ય વકતાઓ તરીકે ડો. પરાગ શાહ અને ડો. કમલેશ દવે દ્વારા નશાની લતના શારીરિક, માનસિક અને સામાજિક પ્રભાવ અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ડો. પરાગ શાહે પોતાના સંબોધનમાં નશાની લત કેવી રીતે વ્યક્તિના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર ગંભીર અસર કરે છે તે અંગે વિગતવાર સમજણ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, નશાનો પ્રારંભ સામાન્ય રીતે શોખ કે મિત્રવર્તુળના પ્રભાવથી થાય છે, પરંતુ તે ધીમે ધીમે લતનું સ્વરૂપ ધારણ કરી જીવનને વિનાશ તરફ દોરી જાય છે. નશામુક્તિ માટે મજબૂત મનોબળ, યોગ્ય માર્ગદર્શન અને સમયસર કાઉન્સેલિંગ ખૂબ જ જરૂરી છે. પરિવાર અને સમાજનો સહકાર મળે તો વ્યક્તિ સરળતાથી નશાની લતમાંથી બહાર આવી શકે છે, તે બાબતે પણ તેમણે ભાર મૂકયો હતો.

ડો. કમલેશ દવેએ પોતાના સંબોધનમાં નશાના કારણે ઊભા થતા સામાજિક અને આર્થિક પ્રશ્નો અંગે પ્રકાશ પાડયો હતો. તેમણે જણાવ્યું હતું કે, નશાની લત માત્ર વ્યક્તિને જ નહી, પરંતુ તેના પરિવાર અને સમગ્ર સમાજને પણ પ્રભાવિત કરે છે, જેના કારણે અનેક સામાજિક સમસ્યાઓ ઊભી થાય છે. નશામુક્તિ માટે પ્રિવેન્શન સૌથી મહત્વપૂર્ણ છે અને યુવાનોમાં જાગૃતિ લાવવી અત્યંત આવશ્યક છે. શિક્ષણ, માર્ગદર્શન અને સકારાત્મક પ્રવૃત્તિઓ દ્વારા નશાની લતથી દૂર રહી શકાય છે અને સ્વસ્થ સમાજની રચના કરી શકાય છે.ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ પ્રાસંગિક સંબોધન કર્યું હતું. ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સ્વાગત સંબોધન કર્યું હતું. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી રાકેશ ગાંધીએ કાર્યક્રમના ઉદ્દેશ્ય વિષે માહિતી આપી હતી. ચેમ્બરની ઈન્ડસ્ટ્રિયલ વર્કર્સ હેલ્થ કમિટીના કો–ચેરમેન ડો. જગદીશ વઘાસિયાએ વક્તાઓનો પરિચય કરાવી સમગ્ર સેશનનું સંચાલન કરી ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.

# આવતી કાલે સરસાણા સ્થિત પ્લેટિનમ હોલમાં વુમન આંત્રપ્રિન્યોરશિપ કોન્કલેવનું આયોજન

## ચેમ્બર ઓફ કોમર્સના વુમન આંત્રપ્રિન્યોર સેલ દ્વારા કાર્યક્રમ યોજાશે

સુરત, તા.૭

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના વુમન આંત્રપ્રિન્યોર સેલ દ્વારા બુધવાર, તા. ૮ એપ્રિલ, ૨૦૨૬ના રોજ બપોરે ૩:૦૦ કલાકે પ્લેટિનમ હોલ, સરસાણા, સુરત ખાતે ગુજરાતનું પ્રથમ વિશાળ 'વુમન આંત્રપ્રિન્યોરશિપ કોન્કલેવ'નું આયોજન કરવામાં આવ્યું છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આ કોન્કલેવનો મુખ્ય હેતુ મહિલા ઉદ્યોગ સાહસિકોને એક મંચ પર લાવી નેટર્વકિંગ, માર્ગદર્શન અને પ્રેરણા આપવાનો છે. બ્રેકીંગ બેરીયર્સ એન્ડ એમ્બ્રેસિંગ સ્ટ્રેન્થ થીમ હેઠળ યોજાનાર આ કોન્કલેવમાં મહિલાઓને ઉદ્યોગ ક્ષેત્રે આગળ વધવા માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવશે.ચેમ્બરના વુમન આંત્રપ્રિન્યોર સેલના ચેરપર્સન સુશ્રી અંકિતા વાલંદે જણાવ્યું હતું કે, આ કોન્કલેવમાં મુખ્ય અતિથિ તરીકે સુપ્રિમ કોર્ટના વકીલ સુશ્રી નુપુર શર્મા ઉપસ્થિત રહેશે. જયારે નિષ્ણાત વક્તાઓ તરીકે હોલમાર્ક ઈન્ટરનેશનલના કો–ફાઉન્ડર સુશ્રી રાજલ સી., ડર્મેટોલોજિસ્ટ એન્ડ એસ્થેટિક એક્ષ્પર્ટ ડો. આંચલ પંથ અને ઈન્ફર્ટિલિટી સ્પેશ્યાલિસ્ટ ડો. શુભ્રા પાંડે ઉપસ્થિત રહેશે અને પોતાના અનુભવો અને માર્ગદર્શન દ્વારા મહિલાઓને પ્રેરણા આપશે. વુમન આંત્રપ્રિન્યોરશિપ કોન્કલેવ વિવિધ ક્ષેત્રોની મહિલા ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો અને સ્ટાર્ટઅપ્સ માટે સારો નેટર્વકિંગ પ્લેટફોર્મ સાબિત થશે.




# એજયુકેશન કેરિયર કાઉન્સિલિંગ સેમિનાર યોજાયો

## ધો.૧૦ અને ૧૨ પછીના અભ્યાસ અંગે માર્ગદર્શન

સુરત, તા.૭

શ્રી સુ મો વ સમસ્ત પંચ અને શિક્ષણ સહાય કમિટી દ્વારા પાલ વાડી ખાતે શહેરની જાહેર જનતા ના વિદ્યાર્થીઓ માટે ઓડિયો વિઝ્યુઅલ શૈક્ષણિક તેમજ કેરિયર કાઉન્સિલિંગ નો કાર્યક્રમ શ્રીમતી ક્રિમીબેન તમાકુવાળા ના સહયોગથી યોજાયો. જેમાં રોયલ ટેકનોસોફ્ટ પ્રા.લિમિટેડના કેરિયર ગુરુ શ્રી ધીરજ પુજારાએ ધોરણ ૧૦ અને ૧૨ પછી કયો અભ્યાસ ક્રમ પસંદ કરવો? કયા કેરિયર ઓપ્શન વધુ સારો છે? ફ્યુચર પ્લાનિંગ કેવી રીતે કરવું? જેવા વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે હાજર ૬૦૦ થી વધુ વિદ્યાર્થીઓ તેમના વાલી સહિતને સમજ આપી. સાયન્સ/ કોમર્સ / આર્ટસ પછીના કેરિયર પ્લાનિંગ વિશેની ચર્ચા થઈ.શહેરની જનતા ના વિદ્યાર્થીઓ ના ઉજ્વળ ભવિષ્ય માટે મોઢ વણિક સમાજે આ સેમિનાર યોજ્યો. સેમિનારની શરૂઆતમાં મંચસ્થ મહાનુભાવો એ દીપ પ્રાગટ્ય કર્યો સમસ્ત પંચના ખજાનચી શ્રી અજયભાઈ મોદીએ સ્વાગત પ્રવચન કરી સેમિનારના મુખ્ય વક્તા ધીરજભાઈ પુજારા નું પુષ્પગુચ્છ અને સાલથી સન્માન કર્યું. આ સેમીનારના પ્રણેતા ક્રીમીબેન તમાકુવાળા અને મોન્ટુભાઈ તમાકુવાળા નું સન્માન નટવરભાઈ ભૂતવાલા કન્વીનર શિક્ષણ સહાય સમિતિએ કર્યું. ત્રણ કલાકના સેમિનાર બાદ વિદ્યાર્થીઓના પ્રશ્નોના નિરાકરણ માટે વધુ બે કલાક કેરિયર ગુરુ શ્રી ધીરજભાઈ પુજારા એ ફાળવી સેમિનારને સફળ બનાવ્યો.

## પાંડેસરામાંથી પ્રદીપસીંગ ગુમ

સુરત, તા.૭

પાંડેસરા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૨/૦૨/૨૦૨૬ ના રોજ પ્લોટનં.૪૨ રૂમનં.૦૩ લક્ષ્મીનગર સોસાયટી ગોવાલક નગરની બાજુમાં બમરોલી રોડ પાંડેસરા, સુરત (મૂળ રહેઃ હોલપુર પોસ્ટ ગોપીગંજ તા. ગ્યાનપૂર જિ. સંત રાવીદાસનગર ભડોહી (યુ.પી) ખાતે રહેતા ૧૮ વર્ષીય પ્રદીપસીંગ જાતે ગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ગોરાવર્ણ અને ઊંચાઈ ૬.૦ ફૂટ છે. તેમણે બ્લૂ કલરનો શર્ટ અને કાળો પેન્ટ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા પાંડેસરા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## જહાંગીરપૂરાથી જેનિસ પટેલ ગુમ

સુરત, તા.૭

જહાંગીરપૂરા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૧૯/૦૩/૨૦૨૬ ના રોજ એલ-૨૦૪, અંજની રેસીડન્સી ઈસ્કોન મંદિરની સામે ગામ અછારણ, ગાંધી ફળિયું, તા.ઓલપાડ જિ.સુરત ખાતે રહેતા જયવદન પટેલનો ૨૯ વર્ષીય પુત્ર જેનિસ પટેલ ગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૭ફૂટ છે. તેમણે શરીરે ગુલાબી ટી-શર્ટ તથા કાળા કલરનું પેન્ટ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા જહાંગીરપૂરા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## ચેમ્બરની મેનેજિંગ કમિટીની ચૂંટણી તા. ૨ મેના રોજ યોજાશે

સુરત, તા.૭

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની મેનેજિંગ કમિટીની ચૂંટણી શનિવાર, તા. ૨ મે, ૨૦૨૬ના રોજ યોજાશે. અગાઉ તા. ૨૫ એપ્રિલે ચૂંટણી યોજાવાની હતી, પરંતુ તે જ દિવસે સુરત મહાનગરપાલિકાની ચૂંટણી યોજાનાર હોવાથી ચેમ્બર ઓફ કોમર્સની મેનેજિંગ કમિટીની ચૂંટણી શનિવાર, તા. ૨ મે, ૨૦૨૬ના રોજ સવારે ૯:૦૦થી સાંજે ૫:૦૦ કલાકના સમયગાળા દરમ્યાન પ્લેટિનમ હોલ, સુરત ઈન્ટરનેશનલ એકિઝબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સરસાણા, સુરત ખાતે યોજવાનું નકકી કરવામાં આવ્યું છે.

# લેખક મોહન પરમારની મનુભાઈ પંચોળી 'દર્શક' એવોર્ડ માટે પસંદગી

## ગ્રામ પુનર્રચના એવોર્ડ બિદડા કચ્છના ભોજાય સર્વોદય ટ્રસ્ટને અર્પણ કરાશે

રાજકોટ, તા.૭

સાહિત્ય, શિક્ષણ અને ગ્રામપુનરુત્થાન ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર પ્રતિભાઓ કે સંસ્થાઓને પુરસ્કારવાના હેતુથી રચાયેલા મનુભાઈ પંચોળી 'દર્શક' ફાઉન્ડેશનનો વર્ષ ૨૦૨૫નો સાહિત્ય એવોર્ડ સર્જનાત્મક લેખન માટે મોહન પરમાર તથા ગ્રામ પુનર્રચના એવોર્ડ બિદડા કચ્છના "ભોજાય સર્વોદય ટ્રસ્ટ'ને અર્પણ કરવામાં આવશે. મોહન પરમાર ગુજરાતી સાહિત્યમાં મહત્ત્વના લેખક છે. તેઓ વાર્તાકાર, નવલકથાકાર, નિબંધકાર અને વિવેચક તરીકે ઓળખાય છે.

ખાસ કરીને ૧૯૮૦ પછીના ગુજરાતી સાહિત્યમાં તેમનું મહત્ત્વનું સ્થાન છે. તેમના લેખનમાં સામાન્ય લોકોના જીવન, ખાસ કરીને ગ્રામ્ય અને પછાત વર્ગના લોકોની સમસ્યાઓનું દર્શન થાય છે. એમના વાર્તાસંગ્રહ 'અંચળો'ને વર્ષ ૨૦૧૧માં કેન્દ્રીય સાહિત્ય અકાદમીનો પુરસ્કાર એનાયત થયો હતો. લીલાધરભાઈ ગડાએ ૧૯૯૬માં "ભોજાય સર્વોદય ટ્રસ્ટ"ની સ્થાપના કરી હતી, જેની તમામ પ્રવૃત્તિઓનું કેન્દ્ર ગામડાઓ અને ગ્રામ્ય વિસ્તારોના દર્દીઓ છે. આ ટ્રસ્ટ આધુનિક ઓપરેશન થિયેટર જેમાં મહિલાઓ માટે નિષ્ણાત સ્ત્રી રોગ ડૉક્ટરો દ્વારા ઓપરેશન કરવામાં આવે છે. તેમજ અન્ય આરોગ્યલક્ષી સારવાર કરવામા આવે છે. એવોર્ડ વિતરણ સમારંભમાં શાલ, એક લાખ રૂપિયાનો ચેક તથા તામ્રપત્ર એનાયત કરવામાં આવશે તથા તારીખ તેમ જ સ્થળ અંગે જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે એમ ટ્રસ્ટી મધુકર પારેખ, પ્રકાશ ન. શાહ, રઘુવીર ચૌધરીની યાદીમા જણાવાયું છે.



# માંડવીના સરસી ગામમાં ૧૧ કૂંડીય વૈદીક સંસ્કૃતિ યજ્ઞ

સુરત, તા.૭

આર્ય સમાજ નેત્રંગ સંચાલિત આદિવાસી પછાત વર્ગ વિકાસ મંડળ નેત્રંગ દ્વારા વનવાસી વિસ્તારના અંતિયાર ગામમાં સુરત જિલ્લા ના માંડવી તાલુકાના સરસી ગામમાં વૈદિક સંસ્કૃતિ ના પ્રચાર - પ્રસાર અંતર્ગત ૧૧ કૂડી વૈદિક યજ્ઞ તારીખઃ-૪/ ૪/૨૦૨૬ ને રવિવાર ના રોજ કરવામાં આવિયો આમાં સત્યાર્થ પ્રકાશ અને ગાનના અજવાળે ૧૦૦ પુસ્તિકા નુ વિતરણ કરવામાં આવ્યું હતુ આ કાર્યકર્મ મા ૫૦૦ આદિવાસી ભાઈ - બહેનો એ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. યજ્ઞના બ્રહ્મા પંડિત ગોવિંદ પ્રસાદ શાસ્ત્રી અને પ્રવિણભાઈ વસાવા એ વ્યવસ્થા કરી હતી.



# ઓલપાડનાં ઝાંપા ફળિયા ખાતે શ્રી લક્ષ્મીનારાયણ મંદિરની સાલગીરી

## ૧૧૯ વર્ષથી પ્રસ્થાપિત મંદિરમાં ભગવાનને સિંહાસનની ભેટ ધરવામાં આવી

સુરત, તા.૭

સૃષ્ટિનાં પાલનહાર એવાં ભગવાન વિષ્ણુ પૃથ્વીલોકમાં અનેક નામે ભક્તોનાં હૃદયકમળમાં બિરાજમાન છે. જે પૈકી ભગવાન વિષ્ણુ લોકવાયકા મુજબ લક્ષ્મીનારાયણ નામે પણ પ્રચલિત છે. ઓલપાડ નગરનાં નાનકડાં ઝાંપાફળિયામાં ભગવાન શ્રી લક્ષ્મનારાયણનું પૌરાણિક મંદિર આવેલું છે જેની સ્થાપના આજથી ૧૧૯ વર્ષ પહેલાં સંવત ૧૯૬૩ માં થઈ હતી. સ્થાપના સમયથી ફળિયાની તડકીછાંયડી, શુભાશુભ ઘટનાઓનાં સાક્ષી ભગવાન શ્રી લક્ષ્મનારાયણની પૂજા-અર્ચના ભક્તિભાવપૂર્વક ફળિયાનાં રહીશો આજપર્યંત કરતા રહ્યાં છે. સંવત ૨૦૮૨ ચૈત્ર સુદ બારસ ને સોમવારનાં રોજ સર્વે ભક્તજનોનાં સુખમય જીવન કાજે તથા ભગવાનની

અનુસંધાન પાના ૭ પર

# મતદાન મથકના ૧૦૦ મીટરના વિસ્તારમાં પ્રતિબંધક હુકમનો અમલ

નવસારી, તા.૭

નવસારી જિલ્લામાં નવસારી મહાનગરપાલિકા, ગણદેવી નગરપાલિકા તેમજ જિલ્લાપંચાયત/તાલુકા પંચાયત સામાન્ય ચૂંટણીનું મતદાન તા.૨૬/ ૦૪/૨૦૨૬ અને મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ ના રોજ થનાર છે. જેને અનુલક્ષીને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ યોગરાજસિંહ બી. ઝાલાએ મળેલી સત્તાની રૂએ એક જાહેરનામા દ્વારા મહાનગરપાલિકા/ નગરપાલિકાતેમજ જિલ્લાપંચાયત/ તાલુકા પંચાયત સામાન્ય ચૂંટણીના સમગ્ર વિસ્તારમાં મતદાનના દિવસે એટલે કે તા.૨૬/૦૪/૨૦૨૬ ના રોજ મતદાન મથકની આસપાસ ૧૦૦ મીટરના વિસ્તાર તેમજ મતગણતરીના દિવસે એટલે કે તા.૨૮/૦૪/૨૦૨૬ ના રોજ

અનુસંધાન પાના ૭ પર

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી-૨૦૨૬

# ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિમણૂંક

## સુરત જિલ્લાની ચાર નગરપાલિકાઓની સ્થાનિક સ્વરાજયની ચુંટણી-૨૦૨૬ માટે ચૂંટણી

સુરત, તા.૭

રાજ્યના ચુંટણી પંચ દ્વારા આગામી સમયમાં યોજાનારી નગરપાલિકાઓની સ્થાનિક સ્વરાજ્યની ચુંટણી-૨૦૨૬ની પ્રક્રિયાને સુવ્યવસ્થિત અને પારદર્શી રીતે પૂર્ણ કરવાના હેતુથી વહીવટી તંત્ર દ્વારા સુરત જિલ્લાની ચાર નગરપાલિકાઓ બારડોલી, કડોદરા, માંડવી અને તરસાડી માટે ચુંટણી અધિકારી અને મદદનીશ ચુંટણી અધિકારીની નિમણૂંક કરવામાં આવી છે.

સુરત જિલ્લાની ચાર નગરપાલિકાઓની સામાન્ય ચુંટણી ઓને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા ચુંટણી અધિકારીઓ અને મદદનીશ ચુંટણી અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. જેમાં બારડોલી નગરપાલિકા (વોર્ડ ૧ થી ૯) માટે ચુંટણી અધિકારી તરીકે નાયબ કલેક્ટર (બારડોલી પ્રાંત) અને મદદનીશ ચુંટણી અધિકારી તરીકે નાયબ કાર્યપાલક ઈજનેર (પંચાયત), કડોદરા નગરપાલિકા (વોર્ડ ૧ થી ૭) ની જવાબદારી નાયબ કલેક્ટર (કામરેજ પ્રાંત) અને મદદનીશ તરીકે પલસાણાના નાયબ કાર્યપાલક ઈજનેર (પંચાયત)ની વરણી કરવામાં આવી છે. માંડવી નગરપાલિકા (વોર્ડ ૧ થી ૬) માટે ચુંટણી અધિકારી તરીકે સુરત જિલ્લા પંચાયતના નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેસૂલ)ની વરણી કરવામાં આવી છે, મદદનીશ તરીકે માંડવીના નાયબ કાર્યપાલક ઈજનેર (પંચાયત)ની નિમણૂંક કરાઈ છે. આ ઉપરાંત, તરસાડી નગરપાલિકા (વોર્ડ ૧ થી ૭) માટે પ્રાદેશિક કમિશનર નગરપાલિકાઓની કચેરીના ચીફ ઓફિસરને ચુંટણી અધિકારી અને માંગરોળના નાયબ કાર્યપાલક ઈજનેર (પંચાયત)ને મદદનીશ ચુંટણી અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

# ચૂંટણી પ્રચાર દરમિયાન મિલકતોને નુકશાન પહોંચાડવા પર પ્રતિબંધ

સુરત, તા.૭

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા મહાનગરપાલિકા, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો તથા તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તેમજ નગરપાલિકાઓની ખાલી જગ્યાઓ માટેની પેટા ચૂંટણી-૨૦૨૬નો કાર્યક્રમ જાહેર થયો છે. જે મુજબ તા.૨૬/૪/૨૦૨૬ના રોજ મતદાન અને તા.૨૮/૪/૨૦૨૬ના રોજ મતગણતરી યોજાશે. જેને અનુલક્ષીને સુરત શહેર પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગહલૌતે એક જાહરનામા દ્વારા કેટલાક પ્રતિબંધો મૂક્યા છે. જે અનુસાર શહેર પોલીસ કમિશનરેટની હદના વિસ્તારમાં રાજકીય પક્ષો કે સમર્થકો દ્વારા જાહેર કે ખાનગી મકાન, મિલ્કત, જમીન, દિવાલ કે કંપાઉન્ડનો તે મિલ્કત ધારણ કરનાર અધિકૃત વ્યક્તિ કે માલિકની પરવાનગી સિવાય ચૂંટણી લક્ષી પ્રચાર માટે ધ્વજ/ પતાકા લગાડવા, બેનરો લટકાવવા, નોટીસો ચોંટાડવા, સૂત્રો/નિશાનીઓ લખી ચૂંટણીલક્ષી પ્રચાર કરી મિલ્કતને નુકશાન પહોંચાડવા પર, એક રાજકીય પક્ષના કાર્યકરો દ્વારા અન્ય રાજકીય પક્ષની સભામાં પોતાના પક્ષનું સાહિત્ય વિતરણ કરવા પર તેમજ એક પક્ષ દ્વારા લગાવાયેલ પોસ્ટરને બીજા પક્ષ દ્વારા દૂર કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. 'જાહેર મકાન' શબ્દ પ્રયોગ મિલ્કત, ધોરીમાર્ગ, અથવા માર્ગના મહત્વના ચાર રસ્તા, ચેતવણીરૂપ નોટિસ બોર્ડ, રેલવે પ્લેટફોર્મ, બસ ટર્મીનલ કે જાહેર જનતાના સગવડ માટે પ્રદર્શિત કરેલા અન્ય કોઈપણ પ્રકારના બોર્ડનો સમાવેશ કરી શકાશે. આ જાહેરનામાનો અમલ તા.૩૦/ ૪/૨૦૨૬ સુધી કરાશે. અને તેનો ભંગ દંડનીય છે.

## ચૂંટણી પ્રચાર માટે ધાર્મિક સ્થળોનો ઉપયોગ કરવો નહીં

સુરત, તા.૭

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા મહાનગરપાલિકા, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો તથા તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તેમજ નગરપાલિકાઓની ખાલી જગ્યાઓ માટેની પેટા ચૂંટણી-૨૦૨૬નો કાર્યક્રમ જાહેર થયો છે. જે મુજબ તા.૨૬/૪/૨૦૨૬ના રોજ મતદાન અને તા.૨૮/૪/૨૦૨૬ના રોજ મતગણતરી યોજાશે. જેને અનુલક્ષીને સુરત શહેર પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગહલૌતે એક જાહરનામા દ્વારા કેટલાક પ્રતિબંધો મૂક્યા છે. જે અનુસાર શહેર પોલીસ કમિશનરેટની હદના વિસ્તારમાં રાજકીય પક્ષો કે સમર્થકો દ્વારા ભાષણો, પોસ્ટરો, સંગીત વગેરે સહિત મંદિરો, મસ્જિદો, ચર્ચ, ગુરુદ્વારા જેવા કોઇ પણ પ્રકારના પ્રાર્થના સ્થળોનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરી શકાશે નહીં. આ જાહેરનામાનો અમલ તા.૩૦/૪/૨૦૨૬ સુધી કરાશે. અને તેનો ભંગ દંડનીય છે.

## ચૂંટણી કામગીરીમાં ઉપયોગમાં લેવાતા વાહનોની નોંધણી ફરજીયાત

સુરત, તા.૭

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા મહાનગરપાલિકા, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો તથા તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તેમજ નગરપાલિકાઓની ખાલી જગ્યાઓ માટેની પેટા ચૂંટણી-૨૦૨૬નો કાર્યક્રમ જાહેર થયો છે. જે મુજબ તા.૨૬/૪/૨૦૨૬ના રોજ મતદાન અને તા.૨૮/૪/૨૦૨૬ના રોજ મતગણતરી યોજાશે. જેને અનુલક્ષીને સુરત શહેર પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગહલૌતે એક જાહરનામા દ્વારા કેટલાક પ્રતિબંધો મૂક્યા છે. જે અનુસાર શહેર પોલીસ કમિશનરેટની હદના વિસ્તારમાં કોઇ પણ રાજકીય પક્ષના ઉમેદવાર કે કાર્યકરો પોતાના પક્ષના ચૂંટણી પ્રચાર માટે વાહનનો ઉપયોગ જે તે મતવિસ્તારના ચૂંટણી અધિકારી પાસે વાહનની નોદ્ધધણી કર્યા સિવાય અને પરવાનગી લીધા સિવાય કરી શકશે નહી. આ ઉપરાંત ચૂંટણી પ્રચારમાં ઉપયોગમાં લેવાયેલા વાહન ઉપર વીન્ડ સ્ક્રીન ઉપર પરમીટ લગાડયા સિવાય વાહનનો ઉપયોગ કરી શકશે નહીં. જ્યારે વગર પરવાનગીએ વાહનમાં લાઉડસ્પીકરથી ચૂંટણી પ્રચાર કરી શકશે નહી. આ જાહેરનામાનો અમલ તા.૩૦/૪/ ૨૦૨૬ સુધી કરાશે. અને તેનો ભંગ દંડનીય છે.

# ચૂંટણી પ્રચાર દરમિયાન સરકારી મિલકતોને નુકશાન પહોંચાડવું નહીં

સુરત, તા.૭

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા મહાનગરપાલિકા, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો તથા તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તેમજ નગરપાલિકાઓની ખાલી જગ્યાઓ માટેની પેટા ચૂંટણી-૨૦૨૬નો કાર્યક્રમ જાહેર કરાયો છે. જે મુજબ તા.૨૬/૪/૨૦૨૬ના રોજ મતદાન અને તા.૨૮/૪/૨૦૨૬ના રોજ મતગણતરી યોજાશે. જેને અનુલક્ષીને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી વિજય રબારીએ એક જાહરનામા દ્વારા કેટલાક પ્રતિબંધો મૂક્યા છે.

જે અનુસાર જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની હકુમત હેઠળના(પોલીસ કમિશનરશ્રીની હકુમત સિવાય) સુરત જિલ્લાનાં વિસ્તારમાં કોઈપણ રાજકીય પક્ષ કે ઉમેદવાર દ્વારા કે ઉમેદવાર માટે કોઈ મંડળ, સંગઠન અથવા વ્યકિત ધ્વારા રાજય સરકાર, નગરપાલિકાઓ અથવા બોર્ડ, નિગમો, પંચાયતોના રસ્તાઓ, માર્ગો, મકાનો અથવા જગ્યાઓ, સરકારી કચેરી, નગરપાલિકા, પંચાયતો અથવા સરકારી બોર્ડ નિગમ હસ્તકની જગ્યાઓ પર સમાચાર, બોર્ડ અથવા જાહેર નોટીસ ન હોય એવા કોઈ પણ પ્રકારના કટ આઉટ જાહેરાત પાટીયા, પોસ્ટર, ધજા, પતાકા, બેનર્સ મૂકવા, દિવાલો ઉપર ચિત્રો દોરાવવા કે કમાનો દરવાજા ઉભા કરવા પર તેમજ કોઈ પણ ખાનગી મિલ્કત ઉપર માલિકની પૂર્વ મંજુરી વગર રાજકીય નેતાઓના કટઆઉટ, જાહેરાત પાટીયા, બેનર્સ લગાવવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ જાહેરનામાનો અમલ તા.૨૮/૪/૨૦૨૬ સુધી કરાશે. અને તેનો ભંગ દંડનીય છે.

# રંગ ઇન્ટરનેશનલ સ્કૂલનો તૃતીય વાર્ષિકોત્સવ ઉજવાયો

## બ્યુટીફૂલ બચપન થીમ આધારીત રંગારંગ મહોત્સવ

અંકલેશ્વર, તા.૭

અંકલેશ્વર સ્થિત રંગ ઈન્ટરનેશનલ સ્કૂલના સ્થાપના દિવસ નિમિત્તે યોજાયેલ તૃતીય વાર્ષિકોત્સવ 'Beautiful Bachpan' ની ઉજવણી ઉત્સાહ અને ભવ્યતા સાથે કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના નાના બાળકોએ પોતાની અંદર રહેલી પ્રતિભા અને વિવિધ કલા-કૌશલ્યનું અદભૂત પ્રદર્શન કરી હાજર મહાનુભાવો અને વાલીઓને મંત્રમુગ્ધ કરી દીધા.



કાર્યક્રમનો શુભારંભ મંગલ દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. આ અવસરે રાજ્યના જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના માનનીય મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ પૂર્વ મંત્રીશ્રી ખુમાનસિંહ વાંસિયા મુખ્ય મહેમાન તરીકે અને ડૉ. પારુલ પટેલ તથા શ્રી મનોજભાઈ આનંદપુરા અતિથિ વિશેષ તરીકે હાજર રહી બાળકોને આશીર્વચન

અનુસંધાન પાના ૭ પર

# બ્લેક પ્લાસ્ટિકને કહો 'બાય-બાય': હોટ ફૂડ+ બ્લેક પ્લાસ્ટિક = ઝેર? જાણો નિષ્ણાતો આ બાબતે શું કહી રહ્યા છે

આપણામાંથી અનેક લોકો જ્યારે ઓનલાઈન કે પછી કોઈ રેસ્ટોરાંમાં જ્યારે ફૂડનું ઓર્ડર પ્લેસ કરીએ છીએ ત્યારે ક્યુટ બ્લેક કલરના કન્ટેનરમાં પેક કરીને એ ફૂડ આપણને આપવામાં આવે છે. પરંતુ શું તમને ખબર છે કે આ પ્લાસ્ટિકના યુઝ એન્ડ થ્રોવાળા કન્ટેનર એ માત્ર પ્લાસ્ટિક વેસ્ટ નહી પણ સ્લો પોઈઝન છે? હાલમાં જ રાજ્યસભામાં ભાજપના સાંસદ ઘનશ્યામ તિવારીએ કાળા રંગના પ્લાસ્ટિકના કન્ટેનર અને વાસણના ઉપયોગ અંગે જે ચિંતા વ્યક્ત કરી છે, તે ખરેખર ગંભીર વિષય છે. હોટલ, ઢાબા અને ફૂડ ડિલિવરીમાં વપરાતા આ કાળા ડબ્બા માત્ર કચરો નથી, પણ સ્વાસ્થ્ય માટે 'સ્લો પોઈઝન' સમાન છે.

હેલ્થ એક્સપર્ટ્સના જણાવ્યા અનુસાર બ્લેક પ્લાસ્ટિક ખૂબ જ જોખમી છે અને તેનાથી ગંભીર નુકસાન થઈ શકે છે. રિપોર્ટ્સમાં કરવામાં આવેલા મુજબ, કાળા રંગનું પ્લાસ્ટિક મોટાભાગે ઈ-વેસ્ટ (ઈલેક્ટ્રોનિક કચરો) અને રિસાયકલ કરેલા પ્લાસ્ટિકમાંથી બનાવવામાં આવે છે. તેને અગ્નિરોધક બનાવવા માટે તેમાં જોખમી ફ્લેમ રિટાર્ડન્ટ કેમિકલ્સ ઉમેરવામાં આવે છે. આ કેમિકલ્સ ગરમ કે તૈલી ખોરાકના સંપર્કમાં આવતા જ ખોરાકમાં ભળી જાય છે.

નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, આ પ્લાસ્ટિકમાં રહેલા બીપીએ (ꠌ્જૅરીર્હ્ક્ષ્ણ છ) અને રંરક્ષ્ણક્ષ્ણીજ જેવા તત્વો શરીર માટે અત્યંત હાનિકારક છે. લાંબા સમય સુધી આ કેમિકલ્સના સંપર્કમાં રહેવાથી કેન્સર જેવી જીવલેણ બીમારી થઈ શકે છે. આ સિવાય આ રસાયણો શરીરના હોર્મોન્સને અસર કરે છે, જેનાથી પ્રજનન ક્ષમતામાં ઘટાડો અને ડાયાબિટીસ જેવી સમસ્યાઓ સર્જાય છે.મોસ્ટ ઈમ્પોર્ટન્ટલી આ બ્લેક રંગના કન્ટેનરમાં રહેલાં જોખમી કેમિકલ્સ લોહીમાં ભળીને હૃદયની બીમારીઓ અને હાઈ બ્લડ પ્રેશરનું કારણ બની શકે છે. જ્યારે આ કન્ટેરમાં ગરમાગરમ ફૂડ પેક કરવામાં આવે છે ત્યારે કન્ટેનરના પ્લાસ્ટિકના અદ્રશ્ય કણો ભળે છે, જે શરીરના ટોક્સિક લોડમાં વધારો કરે છે. નિષ્ણાતોએ તો ચેતવણી ઉચ્ચારી છે કે બાળકો, સગર્ભા મહિલાઓ અને જેઓ પહેલેથી કોઈ ગંભીર બીમારીથી પીડાય છે, તેમના પર આ ઝેરી તત્વોની અસર વધુ ગંભીર અને ઝડપી થાય છે.

બચવા માટે શું કરશો?

૧. ખોરાક ગરમ કરવા માટે ક્યારેય પ્લાસ્ટિકના ડબ્બા કે માઈક્રોવેવ સેફ પ્લાસ્ટિકનો પણ ઉપયોગ ન કરવો. ૨. પ્લાસ્ટિકના બદલે સ્ટીલ, કાચ કે પછી લાકડાના વાસણોનો ઉપયોગ કરવો સૌથી સુરક્ષિત છે. ૩. હોટલમાંથી બ્લેક પ્લાસ્ટિકના ડબ્બામાં આવેલા ખોરાકને તરત જ ઘરના વાસણમાં કાઢી લેવો જોઈએ.



# સોશિયલ મીડિયા પર વાઈરલ 'પેઈનકિલર આઈસ્ક્રીમ'થી રહેજો દૂર

## માથાનો દુખાવો મટાડવા જતાં લિવર-કિડની થઈ શકે છે ફેઈલ

આજકાલ જમાનો સોશિયલ મીડિયાનો છે અને હાલમાં સોશિયલ મીડિયા પર અત્યારે એક અજીબ અને જોખમી ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે, જેનું નામ છે 'પેઈનકિલર આઈસ્ક્રીમ'. નેધરલેન્ડથી શરૂ થયેલો આ ટ્રેન્ડ લોકોને આકર્ષી રહ્યો છે કારણ કે તેમાં આઈસ્ક્રીમના સ્વાદ સાથે માથાના દુખાવામાં રાહત મળવાનો દાવો કરવામાં આવે છે. પરંતુ, તબીબી નિષ્ણાતો આ ટ્રેન્ડને સ્વાસ્થ્ય માટે અત્યંત ખતરનાક ગણાવી રહ્યા છે.

સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલો આ પેરાસિટેમોલ આઈસ્ક્રીમનો ટ્રેન્ડ જોઈને નેટિઝન્સ ચોંકી ઉઠ્યા છે. જોકે પહેલી વખતમાં આ આઈડિયા સાંભળવામાં સારો લાગે છે કે ઠંડા આઈસ્ક્રીમ સાથે દવા પણ મળી જાય, પરંતુ મેડિકલ સાયન્સ મુજબ તેનાથી ફાયદા કરતા નુકસાન વધુ છે અને આજે આપણે આ સ્ટોરીમાં આ વિશે જ વાત કરીશું અને સાથે સાથે એ પણ જાણીશું કે આખરે એક્સપર્ટ્સ આ વિશે શું માને છે...




જ્યારે પણ આપણને ડોક્ટર કોઈ પણ પેઈનકિલર પ્રિસ્ક્રાઈબ કરે છે, ત્યારે તે પેશન્ટની ઉંમર અને વજન મુજબ ચોક્કસ પ્રમાણમાં ડોઝ નક્કી કરીને આપે છે. આવી પરિસ્થિતિમાં આઈસ્ક્રીમમાં દવા ભેળવીને આપવામાં આવે તો પેશન્ટ કેટલા પ્રમાણમાં દવા ખાઈ રહ્યો છે એનો કોઈ અંદાજ આવતો નથી, જે ઓવરડોઝનું કારણ બની શકે છે અને લિવર કે કિડનીને નુકસાન પહોંચાડી શકે છે.એક્સપર્ટ્સની વાત પર વિશ્વાસ કરીએ તો વારંવાર પેઈનકિલર લેવાથી માથાનો દુખાવો મટવાને બદલે વધી શકે છે. એમાં પણ જો આઈસ્ક્રીમમાં દવા ભેળવીને વારંવાર લેવામાં આવે, તો તે 'મેડિકેશન ઓવરયુઝ હેડેક'માં પરિણમી શકે છે અને એને કારણે લાંબાગાળે આની ગંભીર અસરો જોવા મળી શકે છે.દવાઓ એવી રીતે બનાવવામાં આવે છે કે તે શરીરમાં જઈને ચોક્કસ રીતે ઓગળે, પરંતુ જ્યારે તેને આઈસ્ક્રીમ જેવા ઠંડા અને ખાંડયુક્ત પદાર્થમાં ભેળવવામાં આવે છે,



# બુંદેલખંડનાં ૭૫ તળાવને મળ્યું પુનર્જીવન

પાણીનું ખરું મહત્ત્વ જો કોઈએ જાણ્યું હોય તો એ છે ઉત્તર પ્રદેશમાં આવેલા બુંદેલખંડના નાના ગામ અધાંવમાં રહેતાં રામ બાબુ તિવારીએ. તેમનાં ગામમાં પાણી મેળવવું ખૂબ મુશ્કેલ રહેતું હતું. પોતાનું બાળપણ પાણીના જે અભાવથી વિત્યું એને કારણે રામને પાણીની ખરી કિંમત જણાઈ છે.

બાળપણનો એક કિસ્સો સંભળાવતા રામ કહે છે કે, 'અમારા પરિવારમાં એકના નિધનને કારણે અમે સ્મશાનથી ઘરે પાછા ફર્યા હતા. જોકે સ્નાન કર્યા વગર ઘરમાં પ્રવેશ ન કરવાની માન્યતાને કારણે પાણી ન હોવાથી આખા ગામમાં અમારે વલખા મારવા પડ્યા હતાં. પાણી માટે ૩ કિલોમીટર દૂર સુધી બળબળતા તડકામાં ચાલવું પડ્યું હતું. મારું આખું બાળપણ પાણી માટે સંઘર્ષ કરવામાં પસાર થયું હતું. એથી પાણીનું ખરું મૂલ્ય હું સારી રીતે જાણું છું.'

અહીં પાણીની અછત હંમેશાં રહેતી હતી. પાણીની કટોકટી દૂર કરવા માટે અનેક પ્રોજેક્ટ્સ પણ ચલાવવામાં આવ્યા છે.

દસ ધોરણ બાદ વધુ સ્ટડી માટે રામને જ્યારે શહેરની હોસ્ટેલમાં જવું પડ્યું ત્યારે તેમણે પહેલી વખત શાવરમાં સ્નાન કર્યું હતું. જોકે શાવરમાં જે પ્રકારે પાણીની બરબાદી થતી હતી. એને જોઈને તેમને ગામડામાં પોતે વિતાવેલા ભૂતકાળના દિવસો યાદ આવી ગયા. એથી તેમણે મિત્રોને પાણીનો વેડફાટ ન કરવાની સલાહ આપી. તો મિત્રોએ ઊલટાનું તેને જ સલાહ આપવા માંડ્યુ કે પાણીની બચત ગામડામાં જઈને કરવાની.

પછી શું છે રામ બાબુએ રજાના દિવસોમાં ગામડે જઈને કામ કરવાનું બિડું ઉઠાવ્યું. કેટલાંક મિત્રોને સાથે લઈને પાણી ચૌપાલ બનાવી. એનો ઉદ્દેશ લોકોમાં પાણી પ્રત્યે જાગૃકતા લાવવાની હતી. તેમણે ગામડે-ગામડે જઈને પાણી ચૌપાલ કરવાનું શરૂ કર્યું. એનાં દ્વારા લોકોને જોડવાની શરૂઆત થઈ.

રામની મહેનત રંગ લાવી. ધીરે-ધીરે લોકોને પણ પાણીની અસલી કિંમત સમજાઈ. લોકો નાનાં તળાવો વિશે વાત કરવા લાગ્યા, એને સાફ કરવા લાગ્યા.

સમયની સાથે તેમણે અત્યાર સુધી ૫૦૦૦ જળ મિત્રો બનાવ્યા. લોકોને સમજાવવા માટે ધાર્મિક કાર્યક્રમની સાથે નુક્કડ નાટક પણ કર્યા. લોકોને ભંડારાનું ભોજન પિરસીને શ્રમદાન સાથે જોડ્યા અને આવી રીતે ૧૦ વર્ષની સખત મહેનત બાદ બુંદેલખંડનાં ૭૫ તળાવોને નવજીવન પ્રાપ્ત થયું.

હવે આ તળાવોમાં વરસાદના પાણીનો સંગ્રહ થાય છે. એનો આખા વર્ષભર ગામના લોકો ઉપયોગ કરે છે. રામનું કહેવું છે કે તળાવોના જીર્ણોદ્ધારથી તળાવની પરંપરા પાછી આવી છે અને લોકોનું પાણી પ્રત્યેનું માન વધ્યું છે.

# સાવધાન ૩૦ વટાવતાં જ સમય કરતાં પહેલાં વૃદ્ધ થઈ રહ્યું તમારું હાર્ટ, જાણો નિષ્ણાતો શું કહે છે...

આપણામાંથી અનેક લોકોને એવું લાગે છે કે ૩૦ વર્ષ પછી તો અસલી જિંદગી ચાલુ થાય છે, પરંતુ હકીકત કંઈક અલગ જ છે. ૩૦ વર્ષે જ્યાં તમે એવું માનો છો કે તમારી રિયલ લાઈફ તો હજી શરૂ થઈ છે, પણ નિષ્ણાતોની વાત પર વિશ્વાસ કરીએ તો ૩૦ વર્ષની ઉંમર વટાવ્યા પછી જીવનશૈલીમાં આવતા ફેરફારો સીધી અસર હૃદયના સ્વાસ્થ્ય પર કરે છે. આ પરિવર્તનને કારણે તમારું હાર્ટ તમારી રિયલ એજ કરતાં પણ પહેલાં જ વૃદ્ધ થવા લાગે છે. નિષ્ણાતોના મતે, આ ઉંમરે હૃદયમાં એવા સૂક્ષ્મ ફેરફારો શરૂ થાય છે જે ભવિષ્યમાં ગંભીર બીમારીઓનું કારણ બની શકે છે. આજે આપણે આ સ્ટોરીમાં આ વિશે જ વાત કરીશું... વાત કરીએ ૩૦ વર્ષની ઉંમર પછી હાર્ટનું ખાસ ધ્યાન કેમ રાખવું જોઈએ એની તો નિષ્ણાતોના જણાવ્યા અનુસાર ૩૦ વર્ષ પછી કામનું દબાણ અને જવાબદારીઓ વધવાને કારણે લાઈફસ્ટાઈલમાં પરિવર્તન આવે છે અને આ પરિવર્તનની સીધેસીધી અસર હૃદય પર પડે છે. અનેક વખત વ્યક્તિની સાચી ઉંમર કરતા તેની હાર્ટ એજ એટલે કે હૃદયની ઉંમર સામાન્યપણે પાંચથી આઠ વર્ષ વધારે હોઈ શકે છે.બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, ઓબેસિટી અને સ્મોકિંગ જેવા પરિબળો હાર્ટને ઝડપથી વૃદ્ધ બનાવે છે. મેટાબોલિઝમ ધીમું પડવા લાગે છે અને ખરાબ આદતોની અસર સ્વાસ્થ્ય પર સ્પષ્ટ દેખાય છે. ઊંઘની કમી, તણાવ અને શારીરિક પ્રવૃત્તિનો અભાવ કોલેસ્ટ્રોલ અને વજનમાં વધારો કરે છે. હાર્ટના મસલ્સ એકદમ હાર્ડ થવા લાગે છે, જેને કારણે તેની કાર્યક્ષમતા ઘટે છે અને ધમનીઓમાં બ્લોકેજ જેવી સમસ્યાઓ ઉભી થઈ શકે છે.હાઈ બ્લડ પ્રેશર અને બેડ કોલેસ્ટ્રોલ જેવી સમસ્યાઓ લાંબા સમય સુધી કોઈ લક્ષણો વગર શરીરને નુકસાન પહોંચાડે છે. હાર્ટને હેલ્ધી રાખવા માટે દરરોજ ઓછામાં ઓછી ૩૦ મિનિટ વોકિંગ, બેલેન્સ્ડ ડાયેટ અને પૂરતી ઊંઘ ખૂબ જ જરૂરી છે. નિયમિત અંતરે બ્લડ પ્રેશર, કોલેસ્ટ્રોલ અને બ્લડ શુગરની નિયમિત રીતે તપાસ કરાવવી જોઈએ.છે ને એકદમ કામની માહિતી? આજે જ આ માહિતી તમારા મિત્રો અને પરિવારના સભ્યો સાથે ચોક્કસ શેર કરજો, જેથી તેઓ પણ આવી ભૂલો કરતાં બચે અને સમય વર્તે સાવધાન થઈ જાય. આવી જ બીજી માહિતી જાણવા માટે અમારી સાથે ચોક્કસ જોડાયેલા રહો.

# યે જીસે કહેતે આપ યોગ, રોઝ કરતે હૈ કિતને લોગ?

આવતી કાલે વિશ્ર્વ યોગ દિવસ છે. જો કે પોણું વિશ્ર્વ યોગને યોગા જ કહી રહ્યું છે. યોગા ઉચ્ચાર ખોટો છે પણ આપણે અત્યારે વ્યાકરણની વાત નથી કરવી. આપણે વાત કરવી છે યોગની. શુદ્ધ યોગની. યોગનો પ્રાદુર્ભાવ ભારતવર્ષમાંથી થયો છે. આ એક બહુ મહાન શોધ છે જે ભારતે વિશ્ર્વને ભેટ આપી છે. પણ આપણે યોગને સમજ્યા છીએ ખરા?

યોગ હવે મોસ્ટ પોપ્યુલર બ્રાન્ડ એક્ટિવિટી બની ગઈ છે. મોડર્ન લાઈફ સ્ટાઈલમાં યોગ હોય જ. સેલિબ્રિટી લોકો યોગ કરતા જોવા મળે છે. યોગ વિશે જાણે છે બધા પણ કેટલાં લોકો એને સમજ્યા છે? યોગ વિશે પાયાની માહિતીનો અભાવ જોવા મળે છે. જેમ કે, યોગ ક્યારેય સમૂહમાં ન શીખવાડી શકાય. યોગ ઈન્ડિવિઝ્યુઅલ ક્રિયા છે. દરેકના શરીરની તાસીર જુદી હોય. તે મુજબ જ તેમણે યોગ કરવા જોઈએ. બાકી અમુક આસનોની ગંભીર આડઅસરો આવી શકે.

યોગ માત્ર શારીરિક આકારને બેલેન્સમાં લાવવા માટે નથી. મોટા ભાગના લોકો યોગને કસરતના ઓપ્શન તરીકે જુએ છે. પણ એ અર્ધસત્ય છે. યોગની વ્યુત્પત્તિ જુવો. 'યોગ' શબ્દ સંસ્કૃત ધાતુ /યુખ પરથી નિષ્પન્ન થયો છે, જેનો અર્થ થાય છે 'જોડવું.' મન અને શરીરને સંવાદી બનાવીને જીવવાની પ્રવિધિને પ્રારંભિક યોગ ગણવામાં આવ્યો છે. ભગવદગીતામાં કર્મકુશળતાને યોગ ગણ્યો છે. કેટલાક વિદ્વાનોએ મૂળ સંસ્કૃત શબ્દનો અર્થ કર્યો છે, ધ્યાનને કેન્દ્રિત કરવાની ક્રિયા. યોગ એવો વિષય છે કે જેને મર્યાદિત વ્યાખ્યામાં બાંધીને એની સર્વમાન્ય એવી કોઈ એક વ્યાખ્યા કરવાનું શક્ય બન્યું નથી. તેના સાધકોએ પોતપોતાના અભિગમથી એનું સ્વરૂપ સમજાવ્યું છે, જે સર્વગ્રાહી નથી પણ તે યોગના કોઈ એકાદ સ્વરૂપ કે પાસાને સ્પર્શે છે.

યોગનું ભલે યોગા થઈ ગયું હોય પણ આજના સમયમાં શબ્દોને પકડવાને બદલે તેના ઉપયોગને કેન્દ્રમાં રાખીએ તો વધુ સારું રહેશે. યોગનો એક જીવનપદ્ધતિ તરીકે સ્વીકાર કરી તેને જીવનનું વિજ્ઞાન ગણવામાં આવે છે. યોગ અત્યારે વિશ્ર્વવ્યાપી છે. તેનું ઉદભવસ્થાન મૂળ ભારતીય તત્ત્વજ્ઞાનમાં છે. ભારતીય તત્ત્વજ્ઞાન અને હિંદુ ધર્મના મૂળભૂત જોડાણને કારણે તેના સિદ્ધાંતો સાથે આ સંસ્કૃતિને પાયાનો સંબંધ છે. ભારતીય તત્ત્જ્ઞાનનાં મૂળ છ સમુચ્ચયોમાંથી – દર્શનોમાંથી ચોથું દર્શન યોગદર્શન છે.

ઈ. પૂ. બીજી સદીમાં મહાભાષ્યના સર્જક પતંજલિએ 'યોગસૂત્ર'ની રચના કરી. પતંજલિએ આ માટે ગૌતમ બુદ્ધના સમય પૂર્વે રચાયેલા સાંખ્યદર્શનનો જ સંદર્ભ તરીકે ઉપયોગ કર્યાનું જાણવા મળે છે. તેમણે પુરુષ (આત્મા) અને પ્રકૃતિ(પદાર્થ)ના દ્વૈતને સ્વીકાર્યો જણાય છે. મૂળમાં અંગત ઈશ્ર્વરના અસ્તિત્વની વાત નથી, પણ 'યોગસૂત્ર'માં આ વિભાવના વિશે ધારણા કરવામાં આવી છે. યોગથી પુરુષ અને પ્રકૃતિનું આંશિક કે સંપૂર્ણ જોડાણ થાય છે. પરિણામે આત્મા પદાર્થ પર આધિપત્ય સ્થાપી શકે છે અને એનો નિષેધ પણ કરી શકે છે.

આ સ્થિતિએ પહોંચેલા યોગીઓ કેટલીક સિદ્ધિઓ હાંસલ કરી શકે છે, જેમાંની કેટલીક ગહન, રહસ્યમય અને આશ્ર્ચર્યજનક હોય છે. કેટલાક યોગીઓએ આ બાબતોને સ્વીકારીને એને બહુ ઊંચો દરજ્જો આપ્યો છે, જ્યારે કેટલાકે આ બાબતે મૌન સેવ્યું છે અને તેને બહુ ઊંચો દરજ્જો આપ્યો નથી. પ્રકૃતિના ગુરુત્વાકર્ષણ જેવા સામાન્ય સિદ્ધાંતોની વિરુદ્ધની સિદ્ધિઓને યોગના મૂળ સ્વરૂપ સાથે કોઈ સીધો સંબંધ ન હોવાનું જણાવવામાં આવ્યું છે.

યોગનું સાચું ધ્યેય વિશ્ર્વસ્તરીય-વિશ્ર્વસ્વીકૃત જ્ઞાન પ્રાપ્ત કરી તેનો ઉત્તરોત્તર વિકાસ કરવાનું છે. તેનાથી મનમાં ઉત્પન્ન થતાં પ્રશ્ર્નો, શંકાઓ અને સંઘર્ષોનું સમાધાન થાય છે. પરિણામે મનઃશારીરિક સમતોલન અને મનની શાંતિની પ્રાપ્તિ થઈ શકે છે. યોગમાં પૂર્વપ્રાકૃત 'આત્મા' પૂર્વપ્રાકૃત 'પદાર્થો'થી પણ પૂર્વે અસ્તિત્વમાં હોવાની વિભાવના સ્વીકારાઈ છે. એ રીતે પુરુષ પછી પ્રકૃતિની રચના થઈ હોવાની માન્યતા છે. આ બન્નેનું જોડાણ એટલે કે પ્રકૃતિ(પદાર્થ)ના પુરુષ(આત્મા)માં અને આત્માના પરમાત્મા કે બ્રહ્માંડમાં વિલીન થવાની સૈદ્ધાંતિક કલ્પના એક યા બીજા સ્વરૂપે સ્વીકારવામાં આવી છે.

યોગીઓ આ જગતમાં મૂળભૂત પદાર્થો પર પોતાનું પ્રભુત્વ પ્રાપ્ત કરે છે, તેનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવામાં આવ્યો છે. આ પ્રભુત્વ પ્રાપ્ત કરવામાં ૮૪ આસનો, ત્રાટક, શ્ર્વાસોચ્છવાસની ચોક્કસ લયગતિ અને રીતિઓ દ્વારા પ્રાણાયામ વગેરેનો ઉપયોગ કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. આ સ્થિતિ પ્રાપ્ત કરવાથી યોગી અતિ હળવાથી પણ વધારે હળવો અને અતિ ભારેથી પણ વધારે ભારે થવાનું, નાનાથી પણ નાનો, સૂક્ષ્માતિસૂક્ષ્મથી વધારે સૂક્ષ્મ અને અતિ વિશાળથી પણ વધારે વિશાળ હોવાનું પોતાની જાતના સંદર્ભમાં અનુભવે છે.

યોગી જે રીતે ઈચ્છે એ રીતે પદાર્થની અનુભૂતિ કરી શકે છે; ભૂત-ભવિષ્ય અને વર્તમાન જોઈ શકે છે. અદૃશ્ય બની શકે છે. અવકાશમાં વિહાર કરી શકે છે. ત્યાં સુધી માનવામાં આવે છે કે મૃત થયેલ શરીરને પોતાના જ આત્મા દ્વારા સજીવન કરી શકે છે!



## તંત્રી લેખ...-

**મંગળવાર, તા. ૦૭ એપ્રિલ ૨૦૨૬**

# વૃદ્ધ માતા-પિતાની વહારે

આધુનિક ભારતમાં બદલાઈ રહેલી સામાજિક અને પારિવારિક શૈલીમાં બુઝુર્ગ માતા-પિતાની દેખભાળની સમસ્યા દિવસોદિવસ ગંભીર સ્વરૂપ લઈ ચૂકી છે. આ સંદર્ભમાં પરિવારના આ વરિષ્ઠ સભ્યો તરફની જવાબદારીને તેમના સંતાનો બરાબર અદા કરે તે માટે તેલંગાણાની રાજ્ય સરકારે બનાવેલી નીતિ ખરા અર્થમાં રાષ્ટ્રીયનીતિ બનવી જોઈએ એવી આવકારદાયક ચર્ચા છેડાઈ રહી છે. તેલંગાણામાં ગયા સપ્તાહે વિધાનસભાએ એક ખરડો પસાર કરીને પરિવારના બુઝુર્ગ માતા-પિતાની દેખભાળ માટે સરકારી અને ખાનગી કર્મચારીઓ તથા લોકપ્રતિનિધિઓની જવાબદારી નક્કી કરી છે. ઉલ્લેખનીય છે કે, આધુનિકતાની કાળી બાજુ સમાન હકીકતોમાં બુઝુર્ગ માતા-પિતાની તેમના સંતાનો દ્વારા દેખભાળ થતી ન હોવાના કિસ્સા ચિંતાજનક રીતે વધી રહ્યા છે. સંતાનો ગામડાંમાં માતા-પિતાને છોડીને શહેરોમાં સ્થાયી થતાં આ વડીલોની હાલત કફોડી બની જતી હોય છે. એવા કિસ્સા વધી રહ્યા છે જ્યાંના વરિષ્ઠ નાગરિકોને એકાકી જીવન જીવવાની ફરજ પડે છે અથવા વૃદ્ધાશ્રમનો આશરો લેવો પડે છે. આમ તો આપણા દેશમાં બુઝુર્ગોની દેખભાળ માટે કડક

કાયદાકીય જોગવાઈ છે, પણ આ કાયદાની છટકબારીનો લાભ લઈને પરિવારના વડીલોને જાકારો આપતા સંતાનો અચકાતા નથી. વળી આવા બુઝુર્ગો શારીરિક અથવા આર્થિક મુશ્કેલીને લીધે કાયદાની મદદ લઈ શકતા નથી. જો કે, હવે તેલંગાણા સરકારે એવો ખરડો પસાર કરીને વૃદ્ધ માતા-પિતાની દેખભાળ માટે એક નવતર નીતિ તૈયાર કરી છે. ગયા સપ્તાહે પસાર કરાયેલા આ ખરડા મુજબ કોઈ પણ ખાનગી કે સરકારી ક્ષેત્રના કર્મચારી અથવા લોકપ્રતિનિધિ માટે તેમના માતા-પિતાની સારસંભાળ લેવાનું અનિવાર્ય કરાયું છે. આ અનિવાર્યતાનું પાલન ન કરી શકનારા સંતાનોને તેમના પગારમાંથી ૧૫ ટકા અથવા દસ હજાર રૂપિયા એ બન્નેમાંથી જે ઓછું હોય તે રકમ માતા-પિતાને ભરપોષણ સ્વરૂપે આપવું પડશે. આ ખરડાનો ઉદ્દેશ કર્મચારીઓને તેમના પારિવારિક મૂલ્યો તરફ સભાન કરવા તથા બુઝુર્ગોને તેમના એકાકી સમયમાં આર્થિક સલામતી પૂરી પાડવાનો છે. દેશમાં છેલ્લા ઘણા સમયથી પરિવારના બુઝુર્ગ માતા -પિતાની સરસંભાળનો મુદ્દો ચર્ચામાં રહ્યો છે. સંતાનો તેમના વાલીઓને તરછોડીને કફોડી હાલતમાં મૂકી રહ્યા છે. આવામાં વિવિધ સ્તરે અલગ-અલગ સૂચનો પણ સામે આવતાં રહ્યાં છે. આવામાં તેલંગાણામાં લેવાયેલી પહેલને ખરેખર અન્ય રાજ્યોએ અનુસરવાની જરૂરત છે. રાષ્ટ્રીય સ્તરે આવો કાયદો લવાય તો સોનાંમાં સુગંધ ભળી શકે. તેલંગાણાએ કરેલી પહેલની કેવી અસર પડશે એ ટૂંક સમયમાં સ્પષ્ટ થઈ જશે. આ કાયદાનો રાજ્ય સરકાર પ્રામાણિક્તાથી કડકાઈ સાથે અમલ કરીને તેના સારા ઉદ્દેશને સાકાર કરશે તો સંખ્યાબંધ બુઝુર્ગોની કઠણાઈનો અંત આવી શકશે.

# તમારી તબિયત કેમ છે ?; આજે વિશ્વ આરોગ્ય દિવસ

આયુર્વેદના જનક લેખાતા ઋષિ ચરકે 'ચરકસંહિતા'માં આરોગ્યની સંભાળ માટે ખૂબ વ્યાવહારિક અને સચોટ સલાહ આપી છે કે, તંદુરસ્તી જાળવવા માટે દવાઓની નહીં, સાચી જીવનશૈલી અને શુદ્ધ ખાનપાનની જરૂર છે. સેંકડો વર્ષો પહેલાં કહેવાયેલી વાત આજના આરોગ્ય નિષ્ણાતો-તબીબો દોહરાવે છે. ૭મી એપ્રિલ, ૧૯૪૮ના વિશ્વ આરોગ્ય સંગઠન (ડબલ્યુએચઓ)ની સ્થાપના થઇ અને આ દિવસને યાદગાર બનાવવા માટે ૧૯૫૦થી વિશ્વ આરોગ્ય દિવસ ઊજવવાની પરંપરા સ્થાપિત થઇ. તબિયત, તંદુરસ્તી, આરોગ્ય આજનો સૌથી સંવેદનશીલ મુદ્દો છે. પહેલું સુખ જાતે નર્યા એ કહેવતનો સંદેશ સ્પષ્ટ છે કે, આરોગ્ય જાળવવાની જવાબદારી ડોક્ટર્સ કે હોસ્પિટલોની નથી, આપણી ખુદની પ્રાથમિકતા હોવી જોઇએ. આજે એકતરફ જિંદગી તનાવભરી બની ગઇ છે, પ્રદૂષણનું પર્યાવરણ પર બેહદ દબાણ છે, ઋતુચક્ર ગૂંચવાઇને પ્રલયો ઊભા કરી રહ્યું છે, વિશ્વમાં લડાતા યુદ્ધોએ ગંભીર ખતરો પેદા કર્યો છે, ભૌતિક સુખ-સુવિધામાં ભયંકર ઉછાળો આવ્યો છે. એ વખતે ડિજિટલ ટેકનોલોજી અને મોબાઈલ, લેપટોપ આજના પેઢીના દિલોદિમાગ પર સવાર થઈ જતાં શારીરિક-માનસિક આરોગ્યના ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. આ સિનારિયોમાં સામાજિક બદલાવ અને હકારાત્મકતા માટે પ્રયત્નશીલ કચ્છમિત્રએ ડિજિટલ સૂર્યાસ્તની અનોખી પહેલ કરી છે. ૭મી એપ્રિલે સાંજે એક કલાક મોબાઈલ સ્વીચઓફ કરીને સ્વાસ્થ્યપ્રદ બ્રેક ઊજવવાના આહ્વાનને અનેક સંસ્થાઓએ વધાવી લીધું છે. તમે પરિવારમાં, મિત્રવર્તુળ, મોલ, દુકાન, કાર્યસ્થળમાં કે વ્યક્તિગત રીતે પણ ડિજિટલ સૂર્યાસ્તમાં જોડાશો તો પોતાના માટે, પરિવારના માટે કંઈક કર્યાનો સંતોષ અનુભવાશે... હેતુ સ્પષ્ટ છે ક્રીન ટાઈમ વચ્ચે યોગ, વાતચીત, ગપસપ, વ્યાયામ, આરોગ્યપ્રદ વ્યવહાર અને પરિવારજનો સાથે સમય વીતાવવો. વિશ્વ આરોગ્ય દિવસ-૨૦૨૬ની થીમનું કેન્દ્ર છે મહિલાઓના આરોગ્યની વિશેષ કાળજી. આજે ઘરમાં ગૃહિણીઓ, માતાઓ પરિવારનું ધ્યાન રાખશે, પણ પોતાના ખાનપાન કે તબિયત પ્રત્યે નિર્લેપ રહે છે. નોકરી-વ્યવસાય કરતી મહિલાઓ પણ ઘર અને ઓફિસની જવાબદારીઓ વચ્ચે સંતુલન જાળવવાના ચક્કરમાં તબિયત પ્રત્યે બેદરકાર રહે છે. હકીકતમાં આવી મહિલાઓએ નિયમિત વ્યાયામ, સમતોલ આહાર, પૂરતો આહાર લેવો જોઈએ. દરરોજ પોણા કલાકથી એક કલાક પ્રકૃતિ સાથે વીતાવવાથી ફાયદો થશે. વિશ્વ આરોગ્ય દિવસ માત્ર ઔપચારિક્તા નથી, પરંતુ એક વૈશ્વિક ચેતવણી (ગ્લોબલ એલાર્મ બેલ) છે, જે આપણને પોતાની દિનચર્યા, ખાનપાન, માનસિક સ્થિતિ અને લાઈફસ્ટાઈલ તરફ ધ્યાન દેવા પ્રેરિત કરે છે. સૌને સારાં સ્વાસ્થ્યની શુભેચ્છા !

**ડિજિટલ ટેક્નોલોજી અને મોબાઈલ, લેપટોપ આજના પેઢીના દિલોદિમાગ પર સવાર થઈ જતાં શારીરિક-માનસિક આરોગ્યના ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.**

**પાકિસ્તાન આતંકવાદી હુમલા ના રોકે તો ભારત તેનો જવાબ લશ્કરી કાર્યવાહી કરીને આપશે.**

# કોલકાતા પર હુમલો કરે તો પાક.ના ચાર ટુકડા થઈ જાય

## આસિફ મિયાંએ બીજો પણ બહુ બધો બકવાસ કર્યો છે

અમેરિકા-ઈઝરાયલ વર્સીસ ઈરાન યુદ્ધના કારણે આખી દુનિયા તણાવમાં છે ત્યારે પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે ભારત પર હુમલાની ધમકી આપીને નવો પલિતો ચાંપ્યો છે. આસિફે ડંફાશ મારી છે કે, ભારત ફોલ્સ ફ્લેગ ઓપરેશન એટલે કે સર્જિકલ સ્ટ્રાઈક જેવો છુપાઈને હુમલો કરશે તો પાકિસ્તાન ચૂપ નહીં રહે. આ વખતે યુદ્ધ માત્ર સરહદ સુધી સીમિત નહીં રહે પણ કોલકાતા સુધી પહોંચી શકે છે અને પાકિસ્તાન ભવિષ્યમાં ભારતના કોઈ પણ દુસ્સાહસનો જવાબ કોલકાતા પર હવાઈ હુમલો કરીને આપશે.

આસિફે એવો દાવો પણ કર્યો છે કે, ગયા વરસે ભારતે ઓપરેશન સિંદૂર હાથ ધર્યું ત્યારે પાકિસ્તાને ભારતને કારમી હાર આપેલી તેથી ભારત ફરી હુમલાની હિંમત નહીં કરે પણ હુમલો કરશે તો અમે છેક કોલકાત્તામાં હુમલા કરીને ભારતની હાલત બગાડી દઈશું. આસિફે એવો દાવો પણ કર્યો છે કે પાકિસ્તાનના ભારત સાથે યુદ્ધની સંભાવના હજુ સાવ ખતમ થઈ નથી. ને બે પરમાણુ મહાસત્તાઓ વચ્ચે યુદ્ધ ના થઈ શકે એવા ભ્રમમાં પણ રહેવાની જરૂર નથી. ખ્વાજા આસિફે ભારત અને અફઘાનિસ્તાનની તાલિબાન સરકાર મળીને પાકિસ્તાન સામે પ્રોક્સી વોર ચલાવી રહી હોવાનો આક્ષેપ કરીને આસિફે અફઘાનિસ્તાન પર ફરી હુમલાની ધમકી પણ આપી છે.

મીડિયામાં એવા રિપોર્ટ છે કે, આપણા સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહેલું કે, પાકિસ્તાન આતંકવાદી હુમલા ના રોકે તો ભારત તેનો જવાબ લશ્કરી કાર્યવાહી કરીને આપશે. ખ્વાજા આસિફે તેના જવાબમાં ભારતને વળતી ધમકી આપી છે. આમ તો પાકિસ્તાને પહેલાં ધમકી આપી કે ભારતની ધમકીના જવાબમાં ધમકી આપી એ મુદ્દો મહત્ત્વનો છે જ નહીં પણ છતાં હકીકત એ છે કે, આસિફની અઠવાડિયાના ગાળામાં જ ભારતને આ બીજી ધમકી છે. રાજનાથના નિવેદનના બે દિવસ પહેલાં જ આસિફે ભારત સામે ઝેર ઓકતાં કહેલું કે, ભારતની કોઈ પણ લશ્કરી કાર્યવાહીનો પાકિસ્તાન ત્વરિત અને જડબાતોડ જવાબ આપશે તેથી ભારત કોઈ ભ્રમમાં ના રહે.

ખ્વાજા આસિફે તો એવો હાસ્યાસ્પદ દાવો પણ કર્યો કે ભારત પોતાની એજન્સી અથવા જેલમાં બંધ પાકિસ્તાનીઓનો ઉપયોગ કરીને આતંકવાદી હુમલાનો ખોટો ડ્રામા બનાવી રહ્યું છે પણ ગયા વર્ષની જેમ આ વખતે પણ ભારતે શરમજનક સ્થિતિમાં મુકાવું પડશે. આસિફે તો એવી હાસ્યાસ્પદ વાત પણ કરી છે કે, ભારત પાકિસ્તાન સામે આતંકવાદનો આક્ષેપ કર્યા કરે છે પણ આ દાવાને સાચો સાબિત કરવા માટે કોઈ પુરાવો કદી આપ્યો નથી.

આસિફ મિયાંએ બીજો પણ બહુ બધો બકવાસ કર્યો છે અને એ બધાની વાત માંડવામાં માલ નથી કેમ કે આ બધી વાતો અર્થહીન છે. આસિફ મિયાં સહિતના પાકિસ્તાનના શાસકોએ આવી વાતો કર્યા કરવી પડે છે કેમ કે ભારત વિરુદ્ધ ઝેર ઓકવા અને બકવાસ વાતો કરવા સિવાય તેમની પાસે કોઈ આરો નથી. અમેરિકાના ઈરાન પરના હુમલાને કારણે આખી દુનિયાની હાલત બગડી છે પણ પાકિસ્તાનની હાલત બદથી બદતર થઈ છે. ભિખારી પાકિસ્તાન પહેલાંથી જ ભૂખમરા અને જીવનજરૂરી ચીજોની અછતથી પિડાતું હતું જ પણ યુધ્ધ તેમની હાલત વધારે ખરાબ કરી છે. ક્રૂડ ઓઈલના ભાવ વધ્યા તેમાં પાકિસ્તાનમાં પેટ્રોલ-ડીઝલના ભાવ ભડકે બળી રહ્યા છે અને વધારે નાણાં આપવા છતાં પૂરતા પ્રમાણમાં પેટ્રોલ-ડીઝલ નથી મળી રહ્યાં. પેટ્રોલનો ભાવ લિટરના ૫૦૦ રૂપિયાને પાર થઈ ગયો છે ને ડીઝલ પણ ૪૦૦ રૂપિયાને આંબી ગયું છે તેથી લોકોની હાલત ખરાબ છે. પાકિસ્તાને યુદ્ધ શરૂ થયું ત્યારે જ સ્કૂલ-કોલેજોમાં રજા ને ૬૦ ટકા સરકારી વાહનો ગેરેજમાં મૂકી દેવા સહિતનાં પગલાં લીધેલાં છતાં બે છેડા ભેગા થતા નથી.પાકિસ્તાન પાસે ઊંચા ભાવે ક્રૂડ ખરીદવા માટે વિદેશી હૂંડિયામણ જ નથી ને સઉદી અરેબિયા સહિતના દેશો પોતે યુદ્ધના કારણે અટવાઈ ગયા છે તેથી પાકિસ્તાનને ટુકડા ફેંક્યા કરતા હતા એ બંધ કરી દીધા છે. આ કારણે પાકિસ્તાનની હાલત ખરાબ છે. બાકી હતું તે યુએઈએ જૂનાં લેણાંની ઉઘરાણી કાઢી છે. પાકિસ્તાને યુએઈ પાસેથી લીધેલા બે અબજ ડૉલર વ્યાજ સાથે વધીને ૩.૫ અબજ ડૉલર થઈ ગયા છે. ઈરાનના હુમલાને કારણે લોકો યુએઈ છોડીને ભાગી રહ્યા છે તેથી યુએઈએ આર્થિક નુકસાન સરભર કરવા પાકિસ્તાનનું નાક દબાવ્યું છે. પાકિસ્તાને આ નાણાં આપવાં જ પડે તેમ હોવાથી પાકિસ્તાની શાસકો દોડતા થઈ ગયા છે. યુએઈ સહિતના કહેવાતાં મિત્ર રાષ્ટ્રોને પાકિસ્તાને કુલ ૧૨ અબજ ડૉલર ચૂકવવાના થાય છે. અત્યારે પાકિસ્તાનના બધા મિત્ર દેશો દબાણમાં છે ને ઈરાને તેમની ઓખાત બગાડી દીધી છે તેથી યુએઈના રવાડે ચડીને બીજા દેશો પણ પઠાણી ઉઘરાણી શરૂ કરી શકે છે. એક તરફ ઉઘરાણીનું દબાણ ને બીજી તરફ મોંઘવારીના કારણે લોકોની રાડારાડ એમ બેઉ બાજુથી પાકિસ્તાનના શાસકો ભીંસમાં છે. આ ભીંસ આવે ત્યારે પાકિસ્તાનના શાસકોને તરત ભારત યાદ આવે છે કેમ કે ભારત સામે શાબ્દિક મર્દાનગીથી પાકિસ્તાનીઓ ઝૂમી ઉઠે છે. ભારત સામે બીજા કોઈ પ્રકારની મર્દાનગી બતાવવાની પાકિસ્તાનની ઔકાત નથી તેથી પાકિસ્તાનીઓ આ રીતે સંતોષ માને છે. પાકિસ્તાનના નેતાઓ આ વાત સારી રીતે જાણે છે તેથી થૂંક ઉડાડીને પોતાની પ્રજાને સંતોષ આપે છે. બીજું તો કરી પણ શું શકે ? ખ્વાજા આસિફે પોતાની ધમકીમાં કોલકાતાનો ઉલ્લેખ કર્યો એ નવું છે. કોલકાતાનો ઉલ્લેખ કરીને ખ્વાજા એવું બતાવવા માગે છે કે, હવે બાંગ્લાદેશ પણ અમારા બાપનો બગીચો છે ને અમે બાંગ્લાદેશમાંથી પણ ભારત પર હુમલા કરી શકીએ છીએ. આ મૂરખ માણસને શું કહેવું ? ૧૯૬૫ના યુદ્ધ વખતે બાંગ્લાદેશ પાકિસ્તાનનો જ ભાગ હતું ને પાકિસ્તાને ત્યાંથી હુમલા કરેલા જ છતાં ભારતનું શું તોડી લીધેલું ? કંઈ નહીં. ભારત એ વખતે પણ પોતાની રક્ષા કરવા માટે સક્ષમ હતું ને અત્યારે પણ સક્ષમ છે જ.

બીજું એ કે, બાંગ્લાદેશમાં નવી સરકાર આવી ને તારીક રહેમાન વડા પ્રધાન બન્યા પછી તેમણે પાકિસ્તાનને વેગળું કરવા માંડ્યું છે. બલ્કે હડધૂત કરવા માંડ્યું છે ને છતાં ખ્વાજા જેવા નકટા બાંગ્લાદેશ તેમની સાથે હોવાની વાતો કરે છે. ખ્વાજા સહિતના પાકિસ્તાની ગમે તે થૂંક ઉડાડે, ભારતને કોઈ ફરક પડતો નથી પણ પાકિસ્તાનીઓએ એ ભ્રમમાંથી પણ બહાર આવી જવાની જરૂર છે કે, તમે કોલકાતા પર હુમલો કરશો ને ભારત કંઈ નહીં કરે. ૧૯૭૧માં બાંગ્લાદેશની સરહદે પાકિસ્તાને છમકલું કર્યું તેમાં તો પાકિસ્તાનના બે ટુકડા કરી દીધેલા, આ વખતે સીધા ચાર ટુકડા થઈ જશે એટલે જે છે એ સાચવવું હોય તો માપમાં રહો, મિયાં.

**આ બધા એક વિશાળ કોમ્પ્યુટર છે, જે ૨૪ કલાક અને ૩૬૫ દિવસ સતત વાતાવરણ પર વોચ રાખે છે.**

# ટેક્નોલોજીની મદદથી કેવી રીતે થાય છે હવામાનની આગાહી

- ડોનલ્ડ ટ્રમ્પ અને વેધર વચ્ચે એક સામ્ય છે. એ બન્ને હવે પછીની ૧૫ મિનિટમાં કઈ રીતે વર્તશે એની આગાહી કરવી મુશ્કેલ ... !

જોકે હવે આજનાં આધુનિક સાધનોના જમાનામાં હવામાનનો મિજાજ પારખવો થોડો સરળ થઈ ગયો છે. હવામાનની વાત આવે ત્યારે તાપમાન, હવાની ગતિ, દબાણ અને અપર એર સરક્યુલેશન જેવા શબ્દો જોવા-સાંભળવા મળે. હવામાન માપવા માટે પણ હવે એડવાન્સ ટેક્નોલોજીનો ઉપયોગ થઈ રહ્યો છે. આ ટેક્નોલોજી મોટાભાગના કેસમાં સેટેલાઈટ પર આધારિત છે. સેટેલાઈટ ઈમેજ પરથી અને વાદળોની મુવમેન્ટથી વરસાદ, તાપમાન કે પવનનું પૂર્વાનુમાન કરી શકાય છે. આ સાથે વાદળના પ્રકાર, પવનની દિશા અને બીજાં કેટલાંક પરિબળો પણ અહીં કામ કરતા હોય છે.

દુનિયાના સૌથી સચોટ અને એડવાન્સ ટેક્નોલોજીથી સજ્જહવામાન વિભાગની વાત કરવામાં આવે તો ભારતનું ૈંસ્ઙ (ઈન્ડિયા મેટ્રોલોજિકલ ડિપાર્ટમેન્ટ) એશિયામાં બીજા ક્રમે છે. આધુનિક પદ્ધતિઓ અને સચોટ આંકડાકીય માહિતી પરથી વિશ્ર્લેષણ કરીને ચોક્કસ આગાહી કરે છે. જે સાચી પડવાની સંભાવના ૯૯ ટકા જેટલી હોય છે. હવમાન ખાતું રડારની મદદથી વાતાવરણના રિપોર્ટ મેળવે છે આ કોઈ સામાન્ય રડાર નથી હોતા.

પવનની ગતિ, દિશા, ર્ટનિંગ પોઈન્ટ અને અસરકારક ક્ષેત્ર જેવા અનેક પાસા અહીં જોડાયેલા હોય છે. દરેક રડારની એક રેન્જ નક્કી હોય છે, જે ચોક્કસ કિમી સુધીના વિસ્તારનું સચોટ ચિત્ર આપી શકે છે. હવામાનમાં ઉપયોગમાં લેવાતા રડાર ૧૫૦થી ૨૦૦ કિલોમીટર દૂરનું ચિત્ર આપી શકે છે. રિયલ ટાઈમ મોનિટરિંગ સિસ્ટમથી કયા ક્ષેત્રમાં શું થઈ રહ્યું છે એની માહિતી મળે છે. ઉદાહરણ તરીકે લક્ષદ્વીપ ટાપુ પર તાપમાન કેટલું? આ જાણકારી મેળવવા સિસ્ટમમાં માત્ર લક્ષદ્વીપ જ સર્ચ થાય છે. બાકીના રિપોર્ટ ઓટોમેટિક જનરેટ થાય છે. આ છે રિયલ ટાઈમ સિસ્ટમ.

ચોમાસાની સિઝનમાં સૌથી વધારે જવાબદારી હવામાન ખાતાની થઈ જાય છે. આવા સમયે રડાર દ્વારા લેવાયેલી વાદળની તસવીરનો અભ્યાસ થાય છે. આ તસવીરમાં એટલી ચોક્કસાઈ હોય છે કે, તે કઈ દિશા તરફ ફંટાશે એ પણ જાણી શકાય છે. 'ઈસરો'ના ઈન્સાટ સેટેલાઈટ સિસ્ટમની મદદથી આગાહી થાય છે. આ સેટેલાઈટ સિસ્ટમ પૃથ્વી પરથી નવી દિલ્હીના વિજ્ઞાન ભવનથી કંટ્રોલ થાય છે.

આ સેટેલાઈટને સુપર કોમ્પ્યુટરની મદદથી ઑપરેટ કરી શકાય છે, જે ચોક્કસ પ્રાંતના હવામાનના રિપોર્ટ આપે છે. જેમ કે, દિલ્હી, ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન. આ પ્રાંત જે તે ઝોન આધારિત વર્ગીકૃત થાય છે, જેમ કે નોર્થ ઝોન, વેસ્ટ ઝોન, ઈસ્ટ ઝોન, સાઉથ ઝોન. ભારત સિવાયના ૧૦ હજાર કિલોમીટરની આસપાસના દરેક વિસ્તારને આવરીને ઈન્સાટ એક રિપોર્ટ તૈયાર કરી દે છે. જેનું વિશ્ર્લેષણ કરીને આગાહી કરવામાં આવે છે. કોઈ મોટું તોફાન આવી રહ્યું હોય કે એકાએક પવનની ગતિ વધી જાય તો એલર્ટ સિસ્ટમ ઓટોમેટિક એક્ટિવ થાય છે. જે કોમ્પ્યુટર સાથે જોડાયેલા ઓડિયો વિઝ્યુઅલ્સ કંટ્રોલને સિગ્નલ આપીને નોટિફિકેશન જાહેર કરે છે. 'ગ્લોબલ ફોરકાસ્ટ સિસ્ટમ' દુનિયાભરના દેશ માટે હવામાન ખાતાની આગાહી કરે છે. 'ભારતકાસ્ટ' આપણા દેશ માટે હવામાન ખાતાની આગાહી કરે છે.

આ બધા એક વિશાળ કોમ્પ્યુટર છે, જે ૨૪ કલાક અને ૩૬૫ દિવસ સતત વાતાવરણ પર વોચ રાખે છે.

વહેલી સવારે અને સાંજે આકાશમાં એક રેડિયોસોન્સ છોડવામાં આવે છે. જે દૂરથી આકાશમાં કોઈ વિમાન આગળ વધી રહ્યું હોય એવો ભાસ કરાવે છે. આકાશમાં જાણે લિસોટા પડતા હોય એવું દેખાય. આ ડિવાઈસ તાપમાન, ભેજ અને પવનની ગતિનો રિપોર્ટ આપે છે. હવે આટલી વાતમાં રસ પડ્યો હોય અને આ બધુ મોબાઈલની સ્ક્રિન પર જોવું તો પણ હવે એ શક્ય છે. 'વિન્ડી' નામની વેબસાઈટ પવનની ગતિ બતાવે છે. એમાં જ પવન સિવાય, વરસાદ, વંટોળ, સુનામી, ભેજ અને પ્રેશરને જોવા-સમજવા માટેના ફીચર્સ આપેલા છે. અન્ય એક વેબસાઈટ છે 'વેધરડોટકોમ'. આ વેબસાઈટ તદ્દન સરળ અને સ્પષ્ટ છે. શહેર કે રાજ્યનું નામ નાખો એટલે રિપોર્ટ તૈયાર. 'એક્યુવેધર'માં વરસાદી સિઝનમાં વિઝિટ કરવાની મજા પડશે, કારણ કે બહાર જ્યારે વરસાદ પડતો હશે કે આગામી સમયમાં પડવાનો હશે એના પર માત્ર ક્લિક કરતા મોબાઈલ સ્ક્રિન ઉપર પણ વરસાદ પડ્યો હોય એવો અહેસાસ કરાવશે.

હવામાનનો વિગતવાર અને ઊંડો અભ્યાસ કર્યો હોય એવો મસ્ત રિપોર્ટ જોવા કે વાંચવો હોય તો લોગઈન કરી દો 'એમીઓડોટ. ઈન' (ૈંદ્બઙ્ઘ.ૈહ) અહીં તો શહેરના મસ્ત લેન્ડમાર્ક પર હવામાનનો તાજો રિપોર્ટ મળી જશે. વેધરરડાર, સંપૂર્ણ ભારતીય અને સ્વદેશી વેબસાઈટ. હિન્દીમાં ભાષાંતર કરવાની પણ જરૂર નહીં પડે એટલી સરળ ભાષા અને સમજ. આઈકોન, ઈમોજી, ચિત્રો અને સચોટતા એવી કે આવતીકાલનો સમય નોંધી રાખશો તો એ સમયનું પણ તાપમાન કહી દેશે. માત્ર દેશ જ નહીં દુનિયાભરના દેશમાં હવામાન કેવું છે લાઈવ જોવું હોય તો વગર લોગઈન કર્યે સર્ચ કરો : વેધરલેબ. નક્શો ખુલી જશે, જે વેધર કહેશે.વર્ષ ૨૦૧૩માં ભારતમાં હવામાન ખાતાના કુલ ૧૫ રડાર હતા, જે વર્ષ ૨૦૨૩માં વધીને ૩૭ થયા. આજે દેશમાં ૪૩ જેટલી રડાર સિસ્ટમ હવામાન માટે કામ કરે છે.

**મજબુત રાજકીય ઈચ્છાશક્તિ સાથે જ સેવાઓને સુધારી શકાય...**

# તબીબી સેવાઓ સ્વસ્થ બને તે જરૂરી

■ **ભારતમાં પ્રતિ વ્યક્તિ તબીબોની સંખ્યા ખુબ ઓછી હોવાના કારણે તબીબ એક દર્દીને સરેરાશ માત્ર બે મિનિટ આપી શકે છે**

બજેટ આડે હવે ગણતરીના બે દિવસ બાકી રહ્યા છે ત્યારે આરોગ્યને લઈને પણ પ્રશ્નો થઇ રહ્યા છે. ભારતમાં આરોગ્યની સુવિધા હજુ પણ અપેક્ષા કરતા ખુબ નબળી રહેલી છે. તેમાં ખુબ ધ્યાન આપવાની જરૂર છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે જો રાજકીય ઈચ્છાશક્તિ હોય તો દરેક નાગરિકને સારી આરોગ્યની સુવિધા આપી શકાય છે. દરેક નાગરિકને સારા આરોગ્ય માટે મફથ નિયમિત મેડિકલ ચેકઅપ અને સુલભ ઉપચાર માટે કાનુની અધિકાર આપી શકાય છે. ભારતમાં પ્રતિ વ્યક્તિ તબીબોની સંખ્યા ખુબ ઓછી હોવાના કારણે તબીબો દરેક દર્દીને સરેરાશ બે મિનિટ આપી શકે છે. જ્યારે અમેરિકા, સ્વીડન, નોર્વે જેવા દેશોમાં આધુનિક તપાસ સાધન બાદ પણ સરેરાશ ૨૦ મિનિટ પ્રતિ દર્દીને આપવામાં આવે છે. આ પ્રકારના અંતરને જોઇને કહી શકાય છે કે ભારતમાં આરોગ્યસેવાને સ્વસ્થ બનાવવા માટે મજબુત ઈચ્છાશક્તિની જરૂર દેખાઇ રહી છે. અમારે દેશમાં જો એક જ જિલ્લામાં સેંકડો બાળકો ઉપચાર કરી શકાય તેવા રોગના કારણે મૃત્યુ પામે છે. જટિલ રોગથી ગ્રસ્ત ૯૯ ટકાથી વધારે રોગી મોટા અને નિષ્ણાંત તબીબ સુધી પહોંચી શકતા નથી., સામાન્ય સરકારી હોસ્પિટલમાં લાંબી લાઇનના કારણે રોગીને લઇને પૂર્ણ માહિતી મેળવ્યા વગર જ તબીબ દવા લખીને આગામી દર્દીને બોલાવી લે છે. લોકોને તેમના ઘરની બહાર સામાન્ય રીતે પ્રાથમિક રીતે આરોગ્ય કેન્દ્રની સુવિધા મળી રહી નથી. જો આ પ્રકારની સ્થિતી હોય તો કહી શકાય છે કે રોગીથી પહેલા તબીબી વ્યવસ્થાના આરોગ્યને સુધારી લેવાની જરૂર છે. આરોગ્ય સેવાની આ નાજુક સ્થિતીનુ મુખ્ય કારણ દેશમાં આરોગ્ય સેવા માટે કરવામાં આવતી ઓછી બજેટ ફાળવણી પણ છે. આને તબક્કાવાર રીતે ચાર ગણી કરવાની તાકીદની જરૂર દેખાઇ રહી છે. અમારા બંધારણમાં દરેક વ્યક્તિને સ્વસ્થ જીવનના અધિકાર તો આપવામાં આવ્યા છે પરંતુ આ અધિકાર એ વખતે સાર્થક થશે જ્યારે સરકાર દરેક વ્યક્તિને સુગમ, સુલભ અને સરળ રીતે પૂર્ણ આરોગ્ય સેવા ઉપલબ્ધ કરાવે. જો કોઇ વ્યક્તિને આ સુવિધા મળતી નથી તો તે હોસ્પિટલ અથવા તો સરકારની સામે કેસ કરીને તેમને દોષિત જાહેર કરી શકે તેવી વ્યવસ્થા હોવી જોઇએ. આરોગ્યના અધિકારને કોઇ પણ મુળભુત અધિકારથી ઓછા મહત્વપૂર્ણ ગણી શકાય તેમ નથી. જો કોઇ દેશમાં યોગ્ય



તબીબી સારવાર વગર લોકો તડફી રહ્યા છે તો ત્યાંની સરકારને પોતાને કલ્યાણકારી સરકાર તરીકે ગણાવવાનો કોઇ અધિકાર નથી. આરોગ્ય સેવાના સુધારા માટે સરકારને ચાર સ્તર પર કામ કરવાની જરૂર છે. પહેલા ચરણના ભાગરૂપે યોગ્ય પોષણની સુવિધા તમામને મળે તે જરૂરી છે. ખાસ કરીને બાળકો અને સગર્ભાવસ્થામાં રહેલી માતાને પોષણની વ્યવસ્થા થવી જોઇએ. બીજા તબક્કામાં રોગના રક્ષણ માટે સઘન સ્વચ્છતા અભિયાન જેના ભાગરૂપે હાલમાં ચાલી રહેલા અભિયાનને અનેક ગણા સ્તર પર વધારે તીવ્ર કરવાની જરૂર છે. ત્રીજા તબક્કાના ભાગરૂપે રોગની શરૂઆતમાં ઓળખ કરીને તેની સારવાર કરવાની જરૂર હોય છે. નિયમિત રૂટીન તપાસ કરવામાં આવે તે જરૂરી છે. ચોથા તબક્કાના ભાગરૂપે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સામાન્ય જિલ્લા હોસ્પિટલ અને સુપર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ મોટા પ્રમાણમાં રહે તે જરૂરી છે. આવી હોસ્પિટલમાં મોટા પાયે બને અને તેમના યોગ્ય મેનેજમેન્ટની વ્યવસ્થા પણ થવી જોઇએ. રાજસ્થાન અને કેટલાક આવા પ્રદેશમાં પ્રાઈવેટ પ્રેકટીસને મંજુરી હોવાના કારણે સરકારી નિષ્ણાંત તબીબોની પાસે હોસ્પિટલમાં સમય પણ ઓછો રહે છે. પ્રાથમિક તબીબી સારવાર માટે મહિલા ક્લિનિકની જેમ જ નાના નાના ડિસ્પેન્સરીને અનેક ગણી વધારી દેવાની જરૂર છે. એમ કહેવામાં આવે છે કે તબીબો ગામમાં જવા માટે તૈયાર નથી. પરંતુ કડવી વાસ્તવિકતા એ છે કે ગામોમાં મુળભુત માળખા ન હોવાના કારણે તબીબોને લાગે છે કે ત્યાં તેની કુશળતાનો યોગ્ય ઉપયોગ કરી શકાશે નહીં. સુપર સ્પેશિયાલિસ્ટ સેવા માટે હાલમાં અમેસ અને કેટલીક પીજીઆઇ તબીબી સંસ્થાઓ છે. તેમની ઉપયોગિતાને ધ્યાનમાં લઇને દરેક રાજ્યમાં કમ સે કમ મોટી અને સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ રહે તે જરૂરી છે.

# નવી પેઢીના ફિલ્મમેકર્સે બ્લોકબસ્ટર ફિલ્મનું નવું ગણિત માંડી દાખલા બેસાડ્યા



















હિન્દી સિનેમા હાલ એક મહત્વના વળાંક પરથી પસાર થઈ રહ્યું છે અને તેનો સૌથી સ્પષ્ટ પુરાવો કોઈ ટ્રેડ ક્વોટ અથવા ટ્વિટર ટ્રેન્ડ નથી. તે તો ફિલ્મોનું ઓલ-ટાઈમ બ્લોકબસ્ટર ટેબલ પોતે જ છે. જ્યારે આપણે ઓલ ટાઈમ ટોપ ૧૦ બોલિવૂડ ફિલ્મોની યાદીમાં રહેલા દિગ્દર્શકો પર નજર કરીએ છીએ, ત્યારે એક સ્પષ્ટ પેટર્ન દેખાય છે: આ સમયની સૌથી મોટી કમર્શિયલ સફળતા મેળવનારી ફિલ્મો મોટા ભાગે નવી પેઢીના ફિલ્મમેકર્સ દ્વારા જ ડિરેક્ટ થઈ રહી છે, જેમાંથી ઘણા પોતાની કારકિર્દીની સૌથી મોટી સફળ ફિલ્મોને તેમની ઉંમરના ૩૦ વર્ષના અંત અને ૪૦ વર્ષની શરૂઆતના સમયગાળામાં બનાવી રહ્યા છે. જોકે, આ આ કોઈ જૂના અને નવા ફિલ્મ મેકર્સ વચ્ચેની લડાઈ નથી. બ્લોકબસ્ટર ફિલ્મોની ચર્ચામાં વારંવાર આવતા નામોથી શરૂઆત કરીએ તો, આદિત્ય ધર હાલ ૪૨ વર્ષના છે અને ખાસ વાત એ છે કે તે શરૂઆતથી જ એક થિયેટ્રિકલ ફોર્સ તરીકે જાણીતા છે. તેમણે ૩૬ વર્ષની ઉંમરે 'ઉરી' બનાવી હતી અને થોડા જ વર્ષોમાં તેઓ ઈન્ડસ્ટ્રીના સૌથી મોટા મેકર્સમાં ગણાવા લાગ્યા. અટલીએ ૩૭ વર્ષની ઉંમરે ઐતિહાસિક રીતે પ્રભાવશાળી ફિલ્મ 'જવાન' આપી. તો સંદીપ રેડ્ડી વાંગા ૩૭ વર્ષના હતા ત્યારે 'કબીર સિંહ' રિલીઝ થઈ અને ૪૨ પર પહોંચ્યા ત્યારે તેની 'એનિમલ' એક ઉદાહરણ બની ગઈ. અમર કૌશિકે ૪૨ વર્ષની ઉંમરે 'સ્ત્રી ૨' દ્વારા ટોપ ૧૦ બોલિવૂડની યાદીમાં સ્થાન બનાવ્યું છે—જે દર્શાવે છે કે આજકાલ ''માસ''નો અર્થ માત્ર એક્શન અને માચે હીરોઈઝમ નથી; તેમાં યુનિવર્સ, હ્યુમર, ડર, સંગીત અને પોપ કલ્ચર મેમરી જોનર પણ સામેલ છે.

હકીકતમાં, આ પ્રાઈમ-એજ બ્લોકબસ્ટર ટ્રેન્ડ માત્ર નવા નામો સુધી મર્યાદિત નથી. ટોપ ૧૦ ઈકોસિસ્ટમમાં ઘણા દિગ્દર્શકોએ સમાન ઉંમરે પોતાની સૌથી મોટી હિટ ફિલ્મો આપી છે:


અયાન મુખર્જી (બ્રહ્માસ્ત્ર – પાર્ટ વન: શિવા): ૩૯ વર્ષ મોહિત સુરી (સૈયારા): ૪૫ વર્ષ, અલી અબ્બાસ ઝફર (સુલતાન): ૩૪ વર્ષ, ઓમ રાઉત (તાનાજી): ૩૮ વર્ષ, નિતેશ તિવારી (દંગલ): ૪૩ વર્ષ .સિદ્ધાર્થ આનંદ (વોર): ૪૧ વર્ષ

ઉંમરનો આ પડાવ આ મહત્વનો છે કારણ કે તે બતાવે છે કે આધુનિક માર્કેટપ્લેસ એવા દિગ્દર્શકોને પ્રતિસાદ આપે છે, જે ઝડપથી નવી વિચારધારાને અપનાવી શકે, દર્શકોને સમજી શકે અને મજબુત થિયેટ્રિકલ સફળતાનું વચન આપી શકે. વાત માત્ર સારી ફિલ્મ બનાવવાની નથી—પરંતુ એવી ફિલ્મ બનાવવાની છે જેને લોકો થિયેટરમાં જ જોવાની જરૂરિયાત અનુભવે, જેને તેઓ મુલતવી ન રાખે, ઓટીટી માટે રાહ ન જુએ અને શાંતિથી ન જુએ. નવી પેઢીના દિગ્દર્શકો ''અર્જન્સી'' બનાવવામાં નિષ્ણાત બની ગયા છે, જે મોટી ઓપનિંગ, ઊંચો ફૂટફોલ અને મજબૂત વર્ડ ઑફ માઉથમાં રૂપાંતરિત થાય છે.

હવે આ ફિલ્મમેકર્સ સાથે જે ટોપ ૧૦ યાદીમાં દેખાતા નથી એવા કબીર ખાન, અલી અબ્બાસ ઝફર, સંજય લીલા ભણસાલી, રોહિત શેટ્ટી, કરણ જોહર, સૂરજ બરજાત્યા, અનીસ બાઝમી વગેરે થોડા દબાણમાં આવી ચૂક્યા છે. જોકે, તેમની ગેરહાજરીને તેમની અપ્રસ્તુતતા તરીકે જોવું ખોટું રહેશે. સાચી વાત એ છે કે ''ટોપ ૧૦ બ્લોકબસ્ટર''ની વ્યાખ્યા બદલાઈ ગઈ છે. જો આ મેકર્સની ઉંમરનું વિશ્લેષણ કરવામાં આવે તો, કરણ જોહર ૫૩ વર્ષના છે, રોહિત શેટ્ટી ૫૧, જ્યારે સિદ્ધાર્થ આનંદ ૪૭ વર્ષની ઉંમરે મીડલ એજમાં આવે છે - ન તો જૂની પેઢી, ન તો નવી. સંજય લીલા ભણસાલી ૬૨ વર્ષના છે, રાજકુમાર હિરાણી ૬૩ અને અનીસ બાઝમી પણ ૬૩ના છે. કાગળ પર આ પેઢીગત અંતર લાગે છે, પરંતુ વાસ્તવમાં તે એડેપ્ટેશનનું અંતર છે.

કારણ કે મહત્વની બાબત એ છે કે રાજકુમાર હિરાણી ટોપ ૧૦માં બે વખત — ''સંજુ'' અને ''પીકે'' સ્થાન મેળવી ચુક્યા છે. પરંતુ નવા દિગ્દર્શકો વારંવાર બ્લોકબસ્ટર આપી રહ્યા છે, કારણ કે તેઓ આજની ''અટેન્શન ઈકોનોમી'' મુજબ ફિલ્મ બનાવે છે. તેમની વાર્તાઓ હાઈ-કોન્સેપ્ટ અને તરત સમજાઈ જાય તેવી હોય છે. તેમની ગતિ પહેલા વીકએન્ડ અને બીજા માટે પણ અનુકૂળ હોય છે. તેમની ફિલ્મોના સીન રીલ્સ, વીડિયો, ડાયલોગ્સ અને સંગીત દ્વારા વાયરલ થવા માટે તૈયાર હોય છે. તેમનું સિનેમા સરળ નથી—પણ વધુ અસરકારક છે.

બીજી તરફ, ઘણા પરંપરાગત ફિલ્મમેકર્સ હજી પણ જૂની માન્યતા સાથે કામ કરી રહ્યા છે કે સ્ટાર પાવર અને બ્રાન્ડ આપમેળે મોટી ઓપનિંગ આપશે. આજના સમયમાં, તે પૂરતું નથી. દર્શકો ઝડપથી નિર્ણય લે છે.



# ભારતમાં સૌથી વધુ કમાણી કરનારી બોલિવૂડ ફિલ્મોમાં "ધુરંધર-૨" ટોચ પર

રણવીર સિંહની ''ધુરંધર: ધ રિવેન્જ'' એ ઈતિહાસ રચ્યો છે, કારણ કે તે ભારતીય બોક્સ ઑફિસ પર ૮૦૦ કરોડ રૂપિયા નેટ ક્લબમાં પ્રવેશ કરનારી પ્રથમ બોલિવૂડ ફિલ્મ બની છે. ''ધુરંધર: ધ રિવેન્જ'' બોક્સ ઑફિસ પર તેની ઐતિહાસિક દોડ સાથે સતત ધૂમ મચાવી રહી છે.

રણવીર સિંહ અભિનીત આ ફિલ્મે ભારતીય બોક્સ ઑફિસ પર ૮૧૨ કરોડ રૂપિયા કરતાં વધુ નેટ કમાણી કરી છે, જેમાંથી માત્ર હિન્દી વર્ઝનમાંથી ૭૬૬.૫૦ કરોડ રૂપિયા નેટ આવ્યા છે, જ્યારે દક્ષિણ ભારતીય ડબ્ડ વર્ઝનમાંથી અત્યાર સુધી ૪૫.૫૦ કરોડ રૂપિયાનો ફાળો મળ્યો છે.આ પ્રકારની કમાણી સાથે, આ સ્પાય એક્શન ડ્રામા ભારતમાં ૮૦૦ કરોડ રૂપિયા નેટનો આંક પાર કરનારી પ્રથમ બોલિવૂડ ફિલ્મ બની છે. પ્રથમ ''ધુરંધર'' ફિલ્મ ૮૦૦ કરોડ રૂપિયા નેટની નજીક પહોંચી હતી પરંતુ ૧૦ કરોડથી ચૂકી ગઈ હતી. ''ધુરંધર''એ તેની ૧૦૦ દિવસથી વધુની સંપૂર્ણ થિએટર રન દરમિયાન રાષ્ટ્રિય બોક્સ ઑફિસ પર આશરે ૭૮૯.૫૦ કરોડ રૂપિયા નેટ કમાણી કરી હતી.

''ધુરંધર''થી ઉલટું, સિક્વલને દક્ષિણમાં તમિલ, તેલુગુ, કન્નડ અને મલયાલમમાં ડબ્ડ વર્ઝનમાં રિલીઝ થવાનો ફાયદો મળ્યો છે, સાથે સાથે પેઈડ પ્રિવ્યુઝનો પણ લાભ મળ્યો છે. ''ધુરંધર: ધ રિવેન્જ''એ આ ઐતિહાસિક માઈલસ્ટોન ફક્ત ૧૩ દિવસમાં હાંસલ કરી લીધો. હવે તે તેના થિયેટ્રિકલ રનના અંત સુધી ભારતમાં ૧૦૦૦ કરોડ રૂપિયા નેટ પાર કરવાની દિશામાં આગળ વધી રહી છે, જે તેનાં આગળનાં પ્રદર્શન પર નિર્ભર રહેશે.

# વિજય સાથે ડેટિંગની અફવા વચ્ચે તૃષા કૃષ્ણનને મૌન તોડ્યું, વીડિયો શેર કરીને આપ્યો જવાબ

સાઉથની ફિલ્મ ઈન્ડસ્ટ્રીના એક્ટર થલપતિ વિજય સાથે ડેટિંગની અફવાને લઈ તૃષા કૃષ્ણને પ્રતિક્રિયા આપી છે. સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને તેમણે મહત્ત્વની ચોખવટ કરી છે. તૃષા કૃષ્ણન સમયાંતરે પોતાની લવ લાઈફને લઈને ચર્ચામાં રહે છે. આ પહેલા પણ એક્ટ્રેસનું નામ થલપતિ વિજય સાથે ચર્ચામાં રહ્યું છે. ડેટિંગની અફવાઓની વચ્ચે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ ચર્ચામાં છે. તૃષા કૃષ્ણ તાજેતરમાં એક ઈન્સ્ટાગ્રામ સ્ટોરી શેર કરી હતી.

આ સ્ટોરીએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું. આ પોસ્ટમાં તેમણે એવું લખ્યું હતું કે, પ્રેમ જ બધુ નથી હોતું, તેમ છતાં પ્રેમ વગર ખાસ કોઈ ચીજવસ્તુઓનો અર્થ થતો નથી. એક્ટ્રેસની આ પોસ્ટ ચર્ચામાં રહી છે. આ સાથે, અભિનેત્રીએ એક વીડિયો પણ શેર કર્યો. વીડિયોમાં કેપ્શન હતું, મારા જીવનના એવા તબક્કામાં છું જ્યાં,જો તમે મને કહો કે હાથી ઉડી શકે છે, તો હું તેને કોઈપણ દલીલ વિના સ્વીકારીશ. આ એટલા માટે નથી કારણ કે હું તમારી સાથે સંમત છું, પરંતુ ફક્ત એટલા માટે કે મને તમારા વિચારોની પરવાહ નથી.

વીડિયોમાં આગળ લખાણ વાંચવામાં આવ્યું કે, મેં એક મહત્વપૂર્ણ પાઠ શીખ્યો છે, સાચા હોવા કરતાં શાંતિ વધુ મહત્વની છે. કોઈને પોતાને સમજાવવાનો પ્રયાસ કરવા કરતાં મૌન રહેવું ઘણીવાર વધુ સારું છે.દરેકને તમારી ઊર્જાનો ઉપયોગ કરવાની છૂટ આપવી જોઈએ નહીં. કેટલીક દલીલો ફક્ત ગેરસમજ નથી હોતી. વિજય પણ તેના અંગત જીવનને લઈને હેડલાઈન્સમાં રહ્યો છે. થોડા દિવસો પહેલા, તેની પત્ની, સંગીતાએ કોર્ટમાં છૂટાછેડાની અરજી દાખલ કરી હતી, જેમાં અભિનેતા પર આરોપો લગાવ્યા હતા.

આ બધા વચ્ચે, વિજયને અભિનેત્રી ત્રિશા સાથે અનેક કાર્યક્રમોમાં જોવા મળ્યો હતો, જેનાથી તેમના સંબંધોના સ્વરૂપ વિશે અટકળો શરૂ થઈ હતી. વિજય અને ત્રિશાએ 'ગિલ્લી', 'તિરૂપાચી', 'આથી' અને 'કુરુવી' જેવી અનેક ફિલ્મોમાં સાથે કામ કર્યું છે. ચાહકો આ ઓન-સ્ક્રીન જોડીને ખૂબ પસંદ કરે છે.





# તારક મહેતાના સુંદર-દયા પર તૂટી પડ્યો દુઃખનો પહાડ

અમદાવાદ: તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા સિરિયલથી ઘરે ઘરે જાણીતા બનેલા સુંદર મામા (મયુર વાકાણી) અને દયાબેન (દિશા વાકાણી) પર દુઃખનો પહાડ તુટી પડ્યો છે. તેમના પિતા ભીમભાઈ વાકાણીનું આજે ૮૪ વર્ષની વયે નિધન થયું છે. ભીમભાઈ વાકાણી પ્રસિદ્ધ નાટ્યકાર અને અભિનેતા હતા. તેઓ છેલ્લા કેટલાક સમયથી બીમાર હતા.

ભીમભાઈ વાકાણી અભિનય જગતમાં એક જાણીતું નામ હતા. તેમણે આમિર ખાનથી લઈને શાહરૂખ ખાન સુધી બધા સાથે સ્ક્રીન શેર કરી હતી. તે આમિર ખાન સાથે લગાન, શાહરૂખ ખાન સાથે સ્વદેશ, લજ્જા અને વન્સ અપોન અ ટાઈમ ઈન ઈન્ડિયામાં કામ કરી ચૂક્યા હતા. ભીમભાઈ વાકાણીના નિધનથી તેનાપરિવારમાં ઊંડો શોક વ્યાપી ગયો છે. સોશિયલ મીડિયા પર ચાહકો અને કલા જગતના સાથીદારો તેમને શ્રદ્ધાંજલિ અર્પી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે ભીમભાઈ વાકાણી વર્ષોથી અભિનય ક્ષેત્રે સક્રિય હતા અને ત્રણેય માધ્યમમાં પોતાની આગવી ઓળખ ઉભી કરી હતી. અમદાવાદમાં વાકાણી થિયેટર્સના બેનર હેઠળ તેમણે અનેક નાટકોનું નિર્માણ, દિગ્દર્શન કર્યું હતું.

દિશા વાકાણીએ તેના પિતાના માર્ગદર્શન હેઠળ ખૂબ નાની વયે રંગભૂમિ પર પગલું મૂક્યું હતું. મંગળફેરા અને પહેલો સગો જેવા નાટકોમાં તેમણે બાળ કલાકાર તરીકે નાના પાત્રો ભજવીને અભિનયની શરૂઆત કરી હતી.

તારક મહેતાના જેઠાલાલ ઉર્ફે દિલીપ જોષીએ ભીમભાઈ વાકાણીના નિધન પર કહ્યું, તેમણે દિશા અને મયુરને આ ફિલ્ડમાં જવા માટે ખૂબ પ્રોત્સાહન આપ્યું હતું. તેમણે જ શરૂઆતમાં મુંબઈમાં દિશાને મોકલી હતી.

# ૭૧ વર્ષની ઉંમરે આ અભિનેતાને જબરી પ્રસિદ્ધિ સાથે એકદમ વ્યસ્ત કલાકાર બનાવી દીધો

૪૫ વર્ષ પહેલા આવેલી 'ચશ્મે બદ્દુર' ફિલ્મ જો તમે જોઈ હશે તો ઓમી શર્માનું પાત્ર તમને યાદ રહી ગયું હોવાની સંભાવના બળવત્તર છે. ૪૫ વર્ષ પછી એ જ એક્ટર 'ધુરંધર' અને 'ધુરંધર: ધ રિવેન્જ'ના પાકિસ્તાની રાજકારણી જમીલ જમાલીના પાત્રથી દર્શકોના ચિત્તતંત્ર પર જડાઈ ગયો છે. એટલું જ નહીં , ૪૫ની સંખ્યાને એક્ટરના પાત્ર સાથે અનોખો સંબંધ પણ ફિલ્મમાં જોવા મળે છે. ઓમી શર્માથી જમીલ જમાલી સુધીની યાત્રા કરનારા અવ્વલ દરજ્જાના અભિનેતા રાકેશ બેદી અચાનક એકદમ વ્યસ્ત કલાકાર બની ગયા છે.

વાત આટલેથી અટકતી નથી. આદિત્ય ધરની સિક્વલમાં રાકેશ બેદીનો ડાયલોગ 'મેરા બચ્ચા હૈ તૂ' સોશ્યલ મીડિયા પર ધૂમ મચાવી રહ્યો હોવાથી એનો છેડો પકડી અનેક બ્રાન્ડ પોતાના પ્રમોશન માટે અભિનેતાની લોકપ્રિયતા વટાવી ખાવા માટે તલપાપડ છે. ફિલ્મમાં રમૂજ લાવવા માટે અજમાવાયેલો નુસખો હવે મોટા પૈસા રળી આપતો માર્કેટિંગ ટ્રેન્ડ બની ગયો છે.

'શોલે'ના ગબ્બર સિંહે અમજદ ખાનની કારકિર્દીને જે વળાંક આપ્યો એવું જ કંઈક બંને 'ધુરંધર' ફિલ્મના જમીલ જમાલીના પાત્રથી રાકેશ બેદીના જીવનમાં બની રહ્યું છે અને એ પણ ૭૧ વર્ષની ઉંમરે.

આમ તો રાકેશ બેદી કંઈ અજાણ્યું નામ નથી. ૧૯૮૪ - ૮૫ની અફાટ લોકપ્રિયતાને વરેલી 'યે જો હૈ જિંદગી'માં સ્વરૂપ સંપટના ભાઈ રાજાના રોલથી પ્રભાવ પાડનાર અભિનેતા ચારેક દાયકાથી ભારતીય ટેલિવિઝન અને સિનેમા ઉદ્યોગમાં ખૂબ જ જાણીતો અને આદરણીય ચહેરો છે. કોમિક પાત્ર માટે અફલાતૂન ટાઈમિંગની સેન્સ ધરાવતો અને સર્પોટિંગ રોલ્સમાં ખીલી ઊઠતા એક્ટર તરીકે એની નામના છે. જો કે હકીકત એ છે કે છેલ્લાં ૧૦ વર્ષમાં વીસેક ફિલ્મમાં પિતા કે અન્ય વરિષ્ઠ વ્યક્તિનું પાત્ર ભજવનાર આ કલાકાર ઉડીને આંખે વળગ્યો નથી. 'ધુરંધર' અને 'ધુરંધર: ધ રિવેન્જ'થી વિંગમાં રહેતો કલાકાર સ્ટેજ પર આવી ગયો છે. તળેટીમાં આંટા મારતો કલાકાર શિખર સુધી પહોંચી ગયો છે. હવે એની કારકિર્દીનો નવો અધ્યાય શરૂ થઈ રહ્યો છે.

બંને ફિલ્મને મળેલી ધૂંઆધાર સફળતા અને એમાં જમીલ જમાલીના પાત્રને અનોખી રીતે સાકાર કરવામાં રાકેશ બેદીએ જીવ રેડી દીધો હોવાથી ફર્સ્ટ ગિયરમાં આગળ વધી રહેલી ગાડી એકદમ ટોપ ગિયરમાં સડસડાટ દોડવા લાગી છે. એને સાઈન કરવામાં નિર્માતાઓમાં ગજબની ઉત્સુકતા જોવા મળી રહી છે. વાત માત્ર હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી પૂરતી સીમિત નથી રહી.



સાઉથના તમિલ અને તેલુગુ ફિલ્મ મેકરો પણ અનોખા રોલ સાથે એક્ટરનો સંપર્ક કરી રહ્યા છે. મળી રહેલા અસાધારણ પ્રતિસાદથી એક વાત ફરી એકવાર સ્પષ્ટ થઈ છે કે પ્રતિભા અને દ્રઢ મનોબળ હોય તો આજે નહીં તો આવતી કાલે કે પરમ દિવસે પણ તમે ધ્યાનમાં આવ્યા વગર નથી રહેતા. રાકેશ બેદીનો પ્રવાસ દરેક પેઢીના આશાસ્પદ કલાકાર માટે પ્રેરણા પૂરી પાડે છે. આજની ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં યુવા વર્ગ અને ટ્રેન્ડની બોલબાલા છે ત્યારે અભિનેતાની પ્રગતિ પ્રતિભા - આવડતને ઉંમર સાથે કોઈ નિસ્બત નથી એ સિદ્ધ કરે છે. થાકવાનું નહીં, અટકવાનું નહીં અને પોતાની આવડતમાં ડગમગવાનું નહીં કારણ કે સફળતા કોઈ પણ ક્ષણે બારણે ટકોરા મારશે. એવે સમયે જો તમે ઊંઘતા હશો તો પતી ગયું, પણ જાગતા હશો અને સજ્જ હશો તો જમીલ જમાલી જેવું જ બીજું કોઈ તમને આમંત્રણ આપવા હાજર થઈ જશે.

આઈઆઈટી ગ્રેજ્યુએટ બનવાના સપનાનું ફિંડલું વાળી રંગભૂમિના એક્ટર બનવાનું ખ્વાબ જોનારા રાકેશ બેદીની ફિલ્મોમાં કોમિક પાત્રો સુધીની સફર આસાન તો નહોતી જ. ટેલન્ટની સરખામણીએ અભિનેતાને સશક્ત રોલ મળ્યા જ નહીં. જોકે, આદિત્ય ધરની ૨૦૧૯ની ફિલ્મ 'ઉરી: ધ સર્જિકલ સ્ટ્રાઈક' તેમના માટે ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ. દિગ્દર્શકને દાદ દેવી પડે કે કોમિક રોલ માટે વધુ જાણીતા એક્ટરના અભિનય કૌશલની બીજી બાજુ આપણને દેખાડી. પાકિસ્તાની ઈન્ટેલિજન્સ ઓફિસર- રાજકારણી તરીકે મિસ્ટર બેદી સ્મરણમાં રહી ગયા. એનું જ એક્સ્ટેંશન જમીલ જમાલી છે. દર્શકોને હસાવવા ઉપરાંત પણ કમાલની અભિનય આવડત છે એ રાકેશ બેદીએ દેખાડી દીધું છે.

સોશ્યલ મીડિયા પર રાકેશ બેદીના અનેક નાના મોટા ઈન્ટરવ્યૂ વાયરલ થયા છે. એકે ઈન્ટરવ્યૂમાં તેમને સવાલ કરવામાં આવ્યો કે 'તમારો પ્રવાસ ૪૫ વર્ષનો રહ્યો છે. ૪૫ વર્ષ પહેલાના રાકેશ બેદીને જો તમારે એક સલાહ આપવાની હોય તો તમે શું કહેશો?' સવાલના જવાબમાં રાકેશ બેદીએ આગવા અંદાજમાં પહેલા તો એટલું જ કહ્યું કે 'લગે રહો મુન્નાભાઈ' અને પછી વાતનો વિસ્તાર કરી જણાવ્યું કે 'મારે લખેલો એક શેર છે કે' 'ફિઝાએં (મુશ્કેલ પરિસ્થિતિ) ઉમ્રભર કી કટી ઈસ ઉમ્મીદ મેં કે ફૂલ ખિલે મેરે નામ કા ઈસ બહાર મેં'. આ ફિલ્મ ઈન્ડસ્ટ્રી અનિશ્ચિતતાથી ભરેલી છે. દરેક કલાકાર, દરેક દિગ્દર્શક પૂરી શ્રદ્ધા અને ટેલન્ટ સાથે પોતાના દરેક કામમાં ઓતપ્રોત થઈ જતો હોય છે પણ ક્યારે ક્યુ ચક્ર ફરી જાય એ કોઈ નથી જાણતું. હા, દરેક જણ એવા એક બોલની રાહ જોતો હોય છે જેમાં એ સિક્સર ફટકારી દે.

યસ, મિસ્ટર રાકેશ બેદી, જમીલ જમાલીના પાત્રમાં તમે સિક્સર મારવામાં સફળ રહ્યા છો. રાહ જોતા નવા કોન્ટ્રેક્ટ એની રસીદ છે.

અભિનેતાનું ગુજરાતી કનેક્શન...


આજે જમીલ જમાલીની ચારે તરફ બોલબાલા છે, પણ આદિત્ય ધરની જ 'ઊરી: ધ સર્જિકલ સ્ટ્રાઈક'માં તેમણે ભજવેલો નાનકડો પણ પ્રભાવી રોલ છેલ્લ ૧૮ વર્ષથી લોકોને ખડખડાટ હસાવતી 'તારક મેહતા કા ઉલ્ટા ચશ્મા' ટીવી સિરિયલના નિર્માતા અસિત કુમાર મોદીની પારખુ નજરમાં આવી ગયો.

# KKR અને પંજાબ વચ્ચેની મેચ વરસાદને કારણે રદ્દ : બંને ટીમોને એક - એક પોઈન્ટ મળ્યો



કોલકાતા નાઈટ રાઈડર્સ અને પંજાબ કિંગ્સ વચ્ચેની IPL ૨૦૨૬ ની મેચ વરસાદને કારણે ધોવાઈ ગઈ હતી. KKR એ ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો. ટીમે ૩.૪ ઓવરમાં બે વિકેટે ૨૫ રન બનાવી લીધા હતા. તે સમયે હળવા વરસાદ ના કારણે મેચ રોકી દેવામાં આવી હતી. જોકે, વરસાદ ઝડપથી વધી ગયો, જેના કારણે મેચ ફરી શરૂ થઈ શકી નહી. પાંચ ઓવરની મેચ માટે કટઓફ સમય રાત્રે ૧૧:૧૪ વાગ્યાનો હતો. વરસાદ બંધ થયો, પરંતુ જ્યારે કવર દૂર કરવામાં આવ્યા ત્યારે મેદાન ખૂબ ભીનું હતું, બાઉન્ડ્રીની નજીક પાણી ભરાઈ ગયું હતું. નિર્ધારિત સમય સુધીમાં મેદાન તૈયાર થઈ શક્યું ન હતું, તેથી અમ્પાયરોએ મેદાનનું નિરીક્ષણ કર્યા પછી, બંને કેપ્ટનો સાથે ચર્ચા કરી અને મેચ રદ કરવાનો નિર્ણય લીધો. KKR અને પંજાબને એક-એક પોઈન્ટ આપવામાં આવ્યો.

# KKR ની ખરાબ શરૂઆતથી નારાજ કિંગ ખાન CEO વેંકી મૈસુર સાથે ગંભીર ચર્ચા કરતા જોવા મળ્યા



કોલકાતા ખાતે આવેલા ઐતિહાસિક ઈડન ગાર્ડન્સ મેદાન પર સોમવારે રમાયેલી IPL ૨૦૨૬ ની ૧૨મી મેચમાં એક રસપ્રદ દ્રશ્ય જોવા મળ્યું. કોલકાતા નાઈટ રાઈડર્સ અને પંજાબ કિંગ્સ વચ્ચેની આ હાઈ-વોલ્ટેજ મેચ દરમિયાન KKR ના સહ-માલિક અને બોલિવૂડ સુપરસ્ટાર શાહરૂખ ખાન સ્ટેન્ડમાં હાજર હતા. મેચની શરૂઆત કોલકાતા માટે બિલકુલ અનુકૂળ રહી નહોતી. ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધા પછી ટીમે માત્ર બીજી જ ઓવરમાં બે મહત્વપૂર્ણ વિકેટ ગુમાવી દીધી. ફિન એલન (૯) અને કેમેરોન ગ્રીન (૪) ઓછા રને આઉટ થયા, જેને કારણે ટીમ પર શરૂઆતમાં જ દબાણ આવી ગયું. આ દરમિયાન અચાનક વરસાદે મેચમાં વિક્ષેપ ઉભો કર્યો અને રમતને રોકવી પડી. રમત બંધ થઈ ત્યારે કેમેરાએ શાહરૂખ ખાનને KKR ના CEO વેંકી મૈસુર સાથે ગંભીર ચર્ચા કરતા કેદ કર્યા. જોકે તેમની વાતચીતની સાચી માહિતી જાણવા મળી નથી, સોશિયલ મીડિયા પર ચાહકો અંદાજ લગાવી રહ્યા છે કે ટીમની નબળી શરૂઆત અને ટોસ પછી ટીમમાં કરાયેલા ફેરફારોને લઈને શાહરૂખ ચિંતિત છે.

# ચેન્નઇનો ફ્લોપ શો....કરોડોમાં ખરીદાયેલા ખેલાડીઓનો કંગાળ દેખાવ



પાંચ વખત ચેમ્પિયન રહી ચુકેલ ચેન્નાઈ સુપર કિંગ્સ માટે આ સિઝન ખરાબ રહી છે. ચેન્નાઈએ ત્રણ મેચ રમી અને બધી હારી ગઈ, જેના કારણે તે પોઈન્ટ ટેબલમાં તળિયે છે.

ટીમની ગત સિઝન પણ નિરાશાજનક રહી હતી, જેમાં તેઓ ૧૦મા સ્થાને રહ્યાં હતા. જોકે, આ સિઝનમાં, ચેન્નાઈની હારનું સૌથી મોટું કારણ એ ખેલાડીઓનું નિરાશાજનક પ્રદર્શન છે જેમના પર ફ્રેન્ચાઈઝે મોટો દાવ લગાવ્યો હતો.

ચેન્નાઈ ટીમ મેનેજમેન્ટ અત્યાર સુધી સૌથી વધુ નિરાશ સ્ટાર બેટ્સમેન સંજુ સેમસનથી થઈ છે, જે આ સિઝનમાં રાજસ્થાન રોયલ્સ માથી ટીમમાં જોડાયો છે. બેટિંગની ભૂમિકામાં શરૂઆત કરનાર સંજુ ત્રણ મેચમાં બે આંકડા સુધી પણ પહોંચી શક્યો નથી.

આશ્ચર્યજનક વાત એ છે કે, સંજુ તાજેતરના ૨૦ વર્લ્ડ કપમાં પ્લેયર ઓફ ધ સિરીઝ હતો, પરંતુ તે IPLમાં શા માટે સારું પ્રદર્શન કરી શક્યો નથી. આ ઉપરાંત બેટ્સમેન કાર્તિક શર્મા જેને ૧૪.૫૦ કરોડ માં ખરીદવામાં આવ્યો છે તેને ત્રણ મેચમાં ૨૫ રન જ બનાવ્યા છે. અને કિંમત ૧૪.૨૦ કરોડ રૂપિયા માં ખરીદેલ ઓલરાઉન્ડર પ્રશાંત વીર ૨ મેચમાં ૪૯ રન બનાવ્યા છે આમ ચેન્નાઈ ના દિગ્ગજ ખેલાડીઓ ફ્લોપ સાબિત થઈ રહ્યા છે.

IPL ૨૦૨૬ માં સતત ત્રણ મેચ હાર્યા બાદ ચેન્નાઈ સુપર કિંગ્સનું મનોબળ ઘટી ગયું છે. આવી સ્થિતિમાં, ટીમ મેનેજમેન્ટ ભૂતપૂર્વ અનુભવી કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની અને ઈજામાંથી સ્વસ્થ થઈ રહેલા યુવાન દક્ષિણ આફ્રિકાના બેટ્સમેન ડેવિડ બ્રેવિસની વહેલી વાપસી ઈચ્છી રહ્યું છે.

એક અહેવાલ મુજબ, બંને ખેલાડીઓ ૧૧ એપ્રિલે દિલ્હી કેપિટલ્સ સામેની ઘરેલુ મેચમાં રમી શકે છે. ૨૨ વર્ષીય બ્રેવિસના આગમનથી ચેન્નાઈનો મિડલ ઓર્ડર મજબૂત બનશે. દરમિયાન, ધોનીના આગમનથી કેપ્ટન તુરાજ ગાયકવાડનું મનોબળ વધશે.

# આજે મુંબઈ ઇન્ડિયન્સ સામે ટકરાશે રાજસ્થાન રોયલ્સ : વૈભવ તથા બૂમરાહના ફેસ ઓફ પર નજર

ગુવાહાટીમાં બારસાપારા સ્ટેડિયમ હશે, પરંતુ વાતાવરણ ગ્લેડીએટોરિયલ યુદ્ધથી ઓછું નહી હોય. એક તરફ ભારતીય ક્રિકેટનો 'આજ' એટલે કે જસપ્રીત બુમરાહ છે અને બીજી તરફ, 'આવતીકાલ' એટલે કે વૈભવ સૂર્યવંશી છે, કે જેમણે પોતાની પ્રતિભાથી સમગ્ર દુનિયાનું ધ્યાન ખેંચ્યું છે.

આજે સાંજે જ્યારે રાજસ્થાન રોયલ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ ટકરાશે, ત્યારે બધાની નજર આ એક મુકાબલા પર હશે. વૈભવ સૂર્યવંશી માટે ગયા વર્ષનો સમય ઉતાર-ચઢાવભર્યો રહ્યો હતો. ૨૦૨૫માં, તે જ મુંબઈ ઈન્ડિયન્સ સામે, તે ફક્ત બે બોલમાં દીપક ચહરના બોલ પર ઝીરો રને આઉટ થયો હતો. પરંતુ ત્યારથી તેમની રમત અને આત્મવિશ્વાસમાં ઘણો ફેરફાર આવ્યો છે.





અંડર-૧૯ અને ઘરેલુ ક્રિકેટમાં ઉત્તમ પ્રદર્શન કર્યા બાદ, વૈભવ સૂર્યવંશીએ IPL ૨૦૨૬ની આ લીગમાં ૧૭ બોલમાં ૫૨ અને ૧૮ બોલમાં ૩૧ રનની તોફાની ઈનિંગ્સ રમી છે. પરંતુ હવે તેમની સામે બુમરાહ જેવા વિશ્વસ્તરીય બોલર છે, જેમની યોર્કર અને ધીમી બોલ સામે મોટા મોટા બેટ્સમેન પણ સંઘર્ષ કરે છે.

વૈભવ માટે આ મુકાબલો એક કઠિન કસોટી સમાન રહેશે, કારણ કે તેમણે અત્યાર સુધી વ્યાવસાયિક ક્રિકેટમાં બુમરાહનો સામનો કર્યો નથી. શું આ ૧૫ વર્ષીય યુવા ખેલાડી બુમરાહની ઘાતક બોલિંગ સામે ટકી શકશે? આ પ્રશ્નનો જવાબ આ જ મેચમાં મળશે અને તે નક્કી કરશે કે ગુવાહાટીમાં કોનું પ્રભુત્વ રહેશે. મુંબઈ ઈન્ડિયન્સની દિલ્હી કેપિટલ સામે મળેલી કરારી હાર બાદ હવે સારા સમાચાર મળ્યા છે. ટીમના કેપ્ટન હાર્દિક પંડ્યા ફિટ થઈને ફરી ટીમમાં વાપસી કરવા તૈયાર છે. બીમારીના કારણે ગયા મેચમાં બહાર રહેલા હાર્દિકે ગુવાહાટીના નેટ્સમાં જોરદાર મહેનત કરી છે. તેમના પાછા આવવાથી ટીમનું સંતુલન વધુ મજબૂત બનશે.

# પર્પલ કેપની રેસમાં રવિ બિશ્નોઈનો તરખાટ, ગુજરાત સામે ૪ વિકેટ ઝડપી ટોચનું સ્થાન મેળવ્યું

## ટોપ-૫ માં નટરાજન અને એનગીડી સહિત દિલ્હી કેપિટલ્સના બે ખેલાડીઓ સામેલ

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ૨૦૨૬ માં અત્યાર સુધીમાં નવ મેચ રમાઈ છે. રાજસ્થાન રોયલ્સ (RR) અને પંજાબ કિંગ્સ (PBKS) એ આ સિઝનમાં પોતાના પ્રભાવશાળી પ્રદર્શનથી પ્રભાવિત કર્યા છે, જ્યારે ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) અને કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) નિરાશાજનક શરૂઆતથી સંઘર્ષ કરી રહી છે.

રવિવારે ગુજરાત ટાઈટન્સ (GT) અને રાજસ્થાન રોયલ્સ વચ્ચેની રોમાંચક મેચ પછી પર્પલ કેપ રેસમાં મોટો અપસેટ જોવા મળ્યો. આ મેચમાં કેટલાક બોલરોના ઉત્કૃષ્ટ પ્રદર્શને યાદી સંપૂર્ણપણે બદલી નાખી.

સ્પિનર રવિ બિશ્નોઈએ ગુજરાત સામે શાનદાર બોલિંગ કરી, તેના ચાર ઓવરના સ્પેલમાં ૪૧ રન આપીને ચાર વિકેટ લીધી. બિશ્નોઈએ તેના IPL કારકિર્દીમાં પહેલીવાર એક જ મેચમાં ચાર વિકેટ લીધી. આ સાથે, તે હવે IPL ૨૦૨૬ માં સૌથી વધુ વિકેટ લેનાર બોલર બની ગયો છે.



બિશ્નોઈએ ચેન્નાઈ સુપર કિંગ્સ સામેની પહેલી મેચમાં એક વિકેટ લીધી હતી. આનો અર્થ એ થયો કે તેણે માત્ર બે મેચમાં ૧૧.૪૦ ની પ્રભાવશાળી સરેરાશથી પાંચ વિકેટ લીધી છે. પંજાબ કિંગ્સના ફાસ્ટ બોલર વૈશાખ વિજયકુમાર આ યાદીમાં બીજા ક્રમે છે. વૈશાખે પણ બે મેચમાં પાંચ વિકેટ લીધી હતી. જોકે, તેનો ઈકોનોમી રેટ બિશ્નોઈ જેટલો સારો નથી, તેથી તે પર્પલ કેપ ધરાવતો નથી.

દિલ્હી કેપિટલ્સ (DC) ના ફાસ્ટ બોલર ટી. નટરાજન ત્રીજા નંબર પર છે. નટરાજને બે મેચમાં ૧૩.૨૫ ની સરેરાશથી ચાર વિકેટ લીધી છે. તેની ઈકોનોમી ૭.૫૭ છે. દિલ્હીના અન્ય એક ફાસ્ટ બોલર એનગીડી ચોથા નંબર પર છે.

એનગીડી એ પણ બે મેચમાં ૧૫.૨૫ ની સરેરાશથી ચાર વિકેટ લીધી છે. સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH) ના જયદેવ ઉનડકટ આ યાદીમાં પાંચમા નંબર પર છે. તેણે બે મેચમાં ૧૨.૫૦ ની સરેરાશથી ચાર વિકેટ લીધી છે.

# ઓરેન્જ કેપની રેસમાં સમીર રિઝવીનો દબદબો, રોહિત શર્માને પછાડી ટોચનું સ્થાન મેળવ્યું

IPL ૨૦૨૬ માં કુલ ૧૧ મેચ રમાઈ છે, અને ઓરેન્જ કેપ માટેની રેસ હવે રસપ્રદ બની ગઈ છે, કારણ કે બધી ટીમો બે થી ત્રણ મેચ રમી ચૂકી છે. ઓરેન્જ કેપ સિઝનમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેનને આપવામાં આવે છે. હાલમાં તે દિલ્હી કેપિટલ્સના યુવા બેટ્સમેન સમીર રિઝવી પાસે છે. ઓરેન્જ કેપની રેસમાં રોહિત શર્માને ઝટકો લાગ્યો છે.

૪ એપ્રિલે રમાયેલી ડબલહેડર મેચો પછી ઓરેન્જ કેપ રેસમાં મોટો ફેરફાર જોવા મળ્યો. રોહિત શર્માએ થોડા સમય માટે ઓરેન્જ કેપ જાળવી રાખી, પરંતુ સમીર રિઝવીએ ટૂંક સમયમાં જ તેને પાછળ છોડી દીધો.

અત્યાર સુધી સૌથી વધુ રન બનાવનારા ખેલાડીઓની યાદીમાં સમીર રિઝવી ટોચ પર છે. તેણે બે મેચમાં ૧૬૦ ની સરેરાશથી ૧૬૦ રન બનાવ્યા છે. રોહિત શર્મા ૧૧૩ રન સાથે બીજા સ્થાને છે.

કૂપર કોનોલી (પંજાબ કિંગ્સ) ૧૦૮ રન સાથે ત્રીજા સ્થાને છે. અંગક્રિશ રઘુવંશી (કેકેઆર) ૧૦૩ રન સાથે ચોથા સ્થાને છે, જ્યારે ઈશાન કિશન (એસઆરએચ) ૯૪ રન સાથે પાંચમા સ્થાને છે.



# આઇપીએલ છોડવાનો નિર્ણય ઘણો પીડાદાયક હતો : રવિચંદ્રન અશ્વિન

ભારતના ભૂતપૂર્વ ઑફ સ્પિનર રવિચંદ્રન અશ્વિને IPL છોડવા અંગે ખુલાસો કર્યો છે. તેણે કહ્યું હતું કે, ચેન્નાઈ સુપર કિંગ્સ માટે રમતી વખતે જો તે "માનસિક રીતે અસ્વસ્થ'' અને "પીડાદાયક'' તબક્કામાંથી પસાર ન થયો હોત તો તે IPL માં થોડો વધુ સમય રમી શક્યો હોત.

૨૦૨૪ માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધા પછી, તેણે ગયા વર્ષે IPL ને પણ અલવિદા કહ્યું. અશ્વિને તેની સોશિયલ મીડિયા ચેનલ 'ઐશ કી બાત' પર કહ્યું, મેં નિવૃત્તિનો નિર્ણય એટલા માટે લીધો કે ટીમને મને રાખવો કે બહાર કરવો તેની દિગ્દર્શનમાં ન ફસાવું પડે. ઉપરાંત, મારા નિવૃત્તિના કારણે ટીમના લગભગ ૧૦ કરોડ રૂપિયા પણ બચ્યા.




# રાજસ્થાન સામેની મેચ પહેલા રોહિત શર્મા અને તિલક વર્માએ કામાખ્યા મંદિરે દર્શન કર્યા

ભારત અને મુંબઈ ઈન્ડિયન્સના બેટ્સમેન રોહિત શર્માએ સાથી ખેલાડી તિલક વર્મા સાથે ગુવાહાટીમાં કામાખ્યા મંદિરની મુલાકાત લીધી હતી. મુંબઈ ઈન્ડિયન્સનો મુકાબલો મંગળવારે IPL ૨૦૨૬માં રાજસ્થાન રોયલ્સ સામે થવાનો છે. આ પહેલા રોહિત અને તિલક કામાખ્યા મંદિરમાં ગયા હતા અને પ્રાર્થના કરી હતી. જ્યારે રોહિત અને તિલક મંદિર પહોંચ્યા ત્યારે ત્યાં ભક્તોની ભારે ભીડ હાજર હતી.





**કોમલ બેન બચકાની વાલા ના જન્મ દિવસ નિમિત્તે સવારે ૧૧ કલાકે જુની સિવિલ હોસ્પિટલ ચોક બજાર ખાતે હોસ્પિટલ માં દાખલ તથા opdમાં આવતા બાળકોને ગિફ્ટ તથા આંખના દર્દીઓને ફ્રૂટ વિતરણ સફાઈ કર્મી બેનોને સાડી વિતરણ કાર્યક્રમ રાખવામાં આવેલ હોય ઉપસ્થિત રહેવા હાર્દિક આમંત્રણ છે.**

# ચૂંટણીમાં વાંધાજનક મેસેજીસ તથા એસએમએસ કરવા ઉપર પ્રતિબંધ

## ચૂંટણીમાં આચાર સંહિતાનો કડક અમલ કરવા સૂચના

નવસારી, તા.૭

નવસારી જિલ્લામાં નવસારી મહાનગરપાલિકા, ગણદેવી નગરપાલિકા તેમજ જિલ્લાપંચાયત/તાલુકા પંચાયત સામાન્ય ચૂંટણીનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ અને મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ ના રોજ થનાર છે. નવસારી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ અને મુકત અને ન્યાયી ચૂંટણી યોજાઇ તે જરૂરી છે. જેને અનુલક્ષીને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ યોગરાજસિંહ બી. ઝાલાએ મળેલી સત્તાની રૂએ એક જાહેરનામા દ્વારા મહાનગરપાલિકા/નગરપાલિકાતેમજ જિલ્લાપંચાયત/તાલુકા પંચાયત સામાન્ય ચૂંટણીના સમગ્ર વિસ્તારમાં તાત્કાલિક અસરથી આગામી તા.૩૦/૦૪/૨૦૨૬ સુધી ચુંટણી મત વિસ્તારમાં વ્યકિત, સંસ્થા કે મંડળી, રાજકીય પક્ષ, બીન રાજકીય પક્ષ, અર્ધરાજકીય પક્ષ અને આગામી ચૂંટણીના ઉમેદવારો દ્વારા ચૂંટણી સબંધી આચારસંહિતાનો ભંગ કરતા અથવા કાયદો અને વ્યવસ્થાને જોખમમાં મુકે તેવા કોઈપણ પ્રકારના વાંધાજનક મેસેજીસ તથા એસ.એમ.એસ. કરવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હુકમનો ભંગ કરનાર વ્યકિત વિરૃધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.



# અંકલેશ્વર ખાતે લઘુ ઉદ્યોગ ભારતીનો સ્નેહ મિલન સમારોહ

## ઉદ્યોગકારો અને મહેમાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા

અંકલેશ્વર, તા.૭

અંકલેશ્વરમાં લઘુ ઉદ્યોગ ભારતી દ્વારા વાર્ષિક સ્નેહ મિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉદ્યોગકારો અને આમંત્રિતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે લઘુ ઉદ્યોગ ભારતીના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. બળદેવ પ્રજાપતિ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. મોટીવેશનલ સ્પીકર અશોક ગુજ્જરે પ્રેરણાદાયક વક્તવ્ય આપ્યું હતું.

કાર્યક્રમમાં લઘુ ઉદ્યોગોના વિકાસ, નવી તકનીકોના સ્વીકાર અને ઉદ્યોગકારોમાં સહકારની ભાવના વધારવાના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો.આ કાર્યક્રમમાં લઘુ ઉદ્યોગ ભારતી ગુજરાતના પ્રમુખ ઈશ્વર પટેલ, ઉદ્યોગ મંડળના પ્રમુખ વિમલ જેઠવા, પાનોલી ઉદ્યોગ મંડળના પ્રમુખ બી. એસ. પટેલ, લઘુ ઉદ્યોગ ભારતી અંકલેશ્વરના પ્રમુખ કિશોર કાછડીયા અને મહામંત્રી પિયુષ બુદ્ધદેવ સહિતના મહાનુભાવો હાજર રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન વિવિધ ઉદ્યોગકારોને પરસ્પર ઓળખાણ અને નેટર્વકિંગ માટે અનુકૂળ વાતાવરણ પૂરું પાડવામાં આવ્યું હતું.

# ગંગા નગર સોસાયટીમાં પુર્ણેશભાઈ મોદીની ઘર ઘર મુલાકાત કાર્યક્રમ



સુરત, તા.૭

પાલનપુર પાટીયા વિસ્તાર માં આવેલ ગંગા નગર સોસાયટી માં ભાજપ સ્થાપના દિન નિમિત્તે ૧૬૭ પશ્ચિમ વિધાનસભા ના ધારાસભ્ય અને વિધાનસભાના ઉપાધ્યક્ષ ડેપ્યુટી સ્પીકર શ્રી પૂર્ણેશભાઈ મોદી સાહેબ ની ઘર ઘર મુલાકાત ના કાર્યક્રમ અંતર્ગત ગંગા નગર સોસાયટી ના ૧૫૦ થી વધુ ઘર ની મુલાકાત દરમિયાન સોસાયટી ના પ્રમુખ લાલજીભાઈ પટેલ દ્વારા શ્રી પૂર્ણેશ ભાઈ મોદી નું ખેસ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા. છેલ્લા ૩૦ થી વધુ વર્ષો થી ગંગા નગર સોસાયટી ના સભ્યો ભારતીય જનતા પાર્ટી ને જ સમર્પિત રહ્યાનું પ્રમુખ શ્રી એ જણાવ્યું. સભાનું સંચાલન સોસાયટી ના ઉપપ્રમુખ શ્રી પરેશ ભાટિયા એ કર્યું અને તમામ હોદેદારો સાથે શ્રી પૂર્ણેશ ભાઈ મોદી અને તેમની ટીમ સાથે સોસાયટી ના ઘરે ઘરે જઈ ભાજપ ને હંમેશા ની જેમ જંગી બહુમતી થી જીતાડવાના બાહેધરી આપી સોસાયટી ની કેટલીક સમસ્યા ના નિરાકરણ અર્થે આવેદન પત્ર પણ આપવામાં આવ્યું.સોસાયટી ના મંત્રી ધર્મેશ વ્યાસ અને ખજાનચી શ્રી કાંતિભાઈ પટેલ અને મહેશ ભાઈ પટેલ એ વ્યવસ્થા સંભાળી હતી. ૧૦૦ વધુ સભ્યો ઘર ઘર ની મુલાકાત દરમિયાન સોસાયટી માં સમૂહ માં ફર્યા.

## માંગરોળ મામલતદાર ડો. એચ.વી.ચાવડાની અધ્યક્ષતામાં

# માંગરોળની મોસાલી પ્રાથમિક શાળાના ધો.૮ નાં વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ

સુરત, તા.૭

સુરત જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, સુરત સંચાલિત માંગરોળ તાલુકાની મોસાલી પ્રાથમિક શાળા ખાતે ધોરણ-૮ નાં વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ માંગરોળનાં મામલતદાર ડો. એચ.વી.ચાવડાની અધ્યક્ષતામાં યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે મોસાલી ગામનાં સરપંચ સવિતાબેન વસાવા, ડેપ્યુટી સરપંચ બિલાલભાઈ પાંચભાયા, ગ્રામ પંચાયત સભ્ય પ્રેરણાબેન પઢીયાર, ચંદ્રવદન પરમાર તથા ઐયુબભાઈ ભૂલાએ ઉપસ્થિત રહી વિદાય લઈ રહેલ બાળકોને પ્રોત્સાહિત કર્યા હતાં. કાર્યક્રમની શરૂઆત મહેમાનોને પુષ્પગુચ્છ આપીને કરવામાં આવી હતી. આ તકે શાળાની બાળાઓએ વિદાયગીત રજૂ કર્યુ હતું. વિદાય લઈ રહેલ વિદ્યાર્થીઓ પોતાનાં પ્રતિભાવો રજૂ કર્યા હતાં. આ સાથે બાળકોને પ્રોત્સાહક ઈનામો પણ વિતરણ



કરવામાં આવ્યા હતાં.

મામલતદાર ડો. એચ.વી.ચાવડાએ વિદાય લઈ રહેલ વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી કરીને તેઓ ભવિષ્યમાં શું બનવા માંગે છે તથા તેમનો ગોલ શું છે તે બાબતે વિશેષ ચર્ચા હાથ ધરી હતી. તેમણે જીવનમાં શિક્ષણની મહત્તા વિશે સમજૂતી આપી હતી. શાળાનાં શિક્ષિકા શીલાબેન ચૌધરી તરફથી તમામ બાળકો માટે જલેબીની વ્યવસ્થા કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાનાં આચાર્ય વાસંતીબેન વસાવા, સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં ઉપપ્રમુખ ઈમરાનખાન પઠાણ, પુષ્પાબેન પટેલ, લલીતાબેન ગામીત, શીલાબેન ચૌધરી, જીરૂબેન ગામીત, કવિતાબેન ચૌધરી, તેજલભાઈ પટેલ તથા આશિષભાઈ ચૌધરીએ જહેમત ઉઠાવી હતી જે બદલ ઈમરાનખાન પઠાણે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ઓલપાડની સરકારી પ્રા. શાળાઓમાં ધોરણ ૩ થી ૫ ની વાર્ષિક પરીક્ષાનો પ્રારંભ



સુરત, તા.૭

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, સુરત હસ્તકની ઓલપાડ તાલુકાની તમામ પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૩ થી ૫ ની વાર્ષિક પરીક્ષાનો આજરોજ શાંતિપૂર્ણ માહોલમાં પ્રારંભ થયેલ છે. તાલુકાની ૧૦૫ જેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં રાજ્યનાં શિક્ષણ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલ નિયત સમયપત્રક મુજબ પરીક્ષાનો પ્રારંભ થયેલ છે ત્યારે સૌ પરીક્ષાર્થી વિદ્યાર્થીઓને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી વિજયભાઈ જરગલિયા, બી.આર.સી. કો-ઓર્ડિનેટર બ્રિજેશ પટેલ, તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ બળદેવભાઈ પટેલ તથા મહામંત્રી મહેન્દ્રસિંહ ઠાકોર સહિત સી.આર.સી. કો-ઓર્ડિનેટર મિત્રોએ શુભેચ્છાઓ પાઠવી હતી. એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

# યુદ્ધ દરમિયાન આઇઆરજીસી અને નાટોની વિશેષ ભૂમિકા વિષયક!

અત્રે પ્રસ્તુત લેખમાળાના મણકાને આહુતિ અને પુર્ણાહુતી આપતા પૂર્વેના એક ભાગ અને તેના અધ્યાયરૂપે...! યુદ્ધ દરમિયાન આઈઆરજીસી અને નાટોની વિશેષ ભૂમિકા વિષયક ચર્ચા કરીએ! ખેર, આઈઆરજીસી (ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ) અને નાટો (નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન) બંને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ છે જેની ભૂમિકા અને ઉદ્દેશ્યો અલગ-અલગ છે!

**આઈઆરજીસી!**

- ઈરાનની સુરક્ષા અને ક્રાંતિની રક્ષા: આઈઆરજીસી ઈરાનની સુરક્ષા અને ક્રાંતિની રક્ષા માટે કામ કરે છે.

- લશ્કરી કાર્યવાહી: આઈઆરજીસી ઈરાનના લશ્કરી કાર્યવાહીમાં ભાગ લે છે અને દેશની સુરક્ષા માટે કામ કરે છે.

- આતંકવાદ વિરોધી કાર્યવાહી: આઈઆરજીસી આતંકવાદ વિરોધી કાર્યવાહીમાં પણ ભાગ લે છે.

**નાટો!:**

- સુરક્ષા અને સંરક્ષણ: નાટો સભ્ય દેશોની સુરક્ષા અને સંરક્ષણને પ્રોત્સાહન આપે છે.

- સહકાર અને સંવાદ: નાટો સભ્ય દેશો વચ્ચે સહકાર અને સંવાદને પ્રોત્સાહન આપે છે.

- આંતરરાષ્ટ્રીય શાંતિ અને સ્થિરતા: નાટો આંતરરાષ્ટ્રીય શાંતિ અને સ્થિરતાને પ્રોત્સાહન આપવા માટે કામ કરે છે.

**આઈઆરજીસી અને નાટો વચ્ચેનો તફાવત!:**

- ઉદ્દેશ્યો: આઈઆરજીસીનો ઉદ્દેશ્ય ઈરાનની સુરક્ષા અને ક્રાંતિની રક્ષા કરવાનો છે, જ્યારે નાટોનો ઉદ્દેશ્ય સભ્ય દેશોની સુરક્ષા અને સંરક્ષણને પ્રોત્સાહન આપવાનો છે.

- ભૂમિકા: આઈઆરજીસી ઈરાનના લશ્કરી કાર્યવાહીમાં ભાગ લે છે, જ્યારે નાટો સભ્ય દેશો વચ્ચે સહકાર અને સંવાદને પ્રોત્સાહન આપે છે!

અલબત, પ્રિય વાચકો સહિત ચાહકો માટે આટલી વિગત અને હકીકત કાફી હશે!

**સુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)**
**ગોપીપુરા, હનુમાન ચાર રસ્તા, સુરત**
**મો ૯૪૨૭૮ ૩૧૨૧૩**



# સુરતી મોઢ વણિક વાવ ચકલા પંચનો ૭૨મો ચૈત્રી હવન યોજાયો

સુરત, તા.૭

સુરતી મોઢ વણિક વાવ ચકલા પંચ નો લાલ દરવાજા મોઢ વણિક વાડી ખાતે પવિત્ર ચૈત્ર માસ માં ૭૨ મો ચૈત્રી હવન નુ આયોજન કરવામાં આવેલ.જેમાં આબાલવૃદ્ધ સહિત ૬૦૦ થી વધુ મા ભક્તો એ પૂજા ,હવન,અને મહાપ્રસાદી નો લાભ લીધો. સદર હવન સાથે સામાન્યસભા થઈ,જેમાં પ્રમુખ ધીરજભાઈ તમાકુવાળા ,ઉપપ્રમુખ હરીશ લાલવાળા, કમલેશ બમન, મંત્રી દીપક અનાજવાળા,કેતન. મેહતા, ખજાનચી ધર્મેશ તમાકુવાળા ની સર્વાનુમતે વરણી કરવામાં આવી.હવન માં અતિથિવિશેષ સાર્વજનિક ટ્રસ્ટ ના પ્રમુખ મનહરભાઈ લાપસીવાળા નુ સન્માન ધર્મેશ તમાકુવાળા અને દીપક અનાજવાળા એ પુષ્પગુચ્છ થી કરવામાં આવેલ.ટ્રસ્ટ ના ત. પૂ.પ્રમુખ શ્રીવાસભાઈ ઘીવાળા ,જયંતિભાઈ લાપસીવાલા, હિતવર્ધક મંડળ ના પ્રમુખ હસમુખભાઈ લાપસીવાલા સહિત અગ્રણીઓ હાજર રહી હવન નો લાભ લઈ ધન્યતા અનુભવી.આ પંચ રાહતદરે નોટ બુક, પાઠ્ય પુસ્તક માટે આર્થિક સહાય,તેજસ્વી તારલાઓ નુ સન્માન જેવી સામાજિક સેવા ઓ કરતુ આવેલ છે.

# દારૂના પરવાનેદારોને દારૂના ખરીદ, વેચાણ, સંગ્રહ પર પ્રતિબંધ

નવસારી, તા.૭

નવસારી જિલ્લામાં નવસારી મહાનગરપાલિકા, ગણદેવી નગરપાલિકા તેમજ જિલ્લાપંચાયત/તાલુકા પંચાયત સામાન્ય ચૂંટણીનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ અને મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ ના રોજ થનાર છે. જેને અનુલક્ષીને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ યોગરાજસિંહ બી. ઝાલાએ મળેલી સત્તાની રૂએ એક જાહેરનામા દ્વારા મહાનગરપાલિકા/નગરપાલિકાતેમજ જિલ્લાપંચાયત/તાલુકા પંચાયત સામાન્ય ચૂંટણીના સમગ્ર વિસ્તારમાં દારૂના ખરીદ/વેચાણ/સંગ્રહ માટેનો અધિકૃત પરવાનો ધરાવનાર પરવાનાદારે મતદાનના આગલા બે દિવસ તા.૨૪/૦૪/૨૦૨૬ તથા તા.૨૫/૦૪/૨૦૨૬, મતદાનનો દિવસ તા.૨૬/૦૪/૨૦૨૬, મતગણતરીના દિવસનો અગાઉનો દિવસ તા.૨૭/૦૪/૨૦૨૬, મતગણતરીનો દિવસ અગર મતગણતરી પુર્ણ થવાની તા.૨૮/૦૪/૨૦૨૬ ના દિવસોએ દારૂના વેચાણની દુકાન બંધ રાખવા અને દારૂના વેચાણ પર પ્રતિબંધ મૂકયો છે. આ હુકમનો ભંગ કરનાર વ્યકિત વિરૃધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

# ચૂંટણી પ્રચાર અંગેની કોઇપણ પ્રકારની જાહેરાત આપવા ઉપર પ્રતિબંધ

નવસારી, તા.૭

નવસારી જિલ્લામાં નવસારી મહાનગરપાલિકા, ગણદેવી નગરપાલિકા તેમજ જિલ્લાપંચાયત/તાલુકા પંચાયત સામાન્ય ચૂંટણીનું મતદાન તા.૨૬/૦૪૨૦૨૬ અને મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ ના રોજ થનાર છે. જેને અનુલક્ષીને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ યોગરાજસિંહ બી. ઝાલાએ મળેલી સત્તાની રૂએ એક જાહેરનામા દ્વારા મહાનગરપાલિકા/નગરપાલિકાતેમજ જિલ્લાપંચાયત/તાલુકા પંચાયત સામાન્ય ચૂંટણીના ઉમેદવારો દ્વારા ટીવી ચેનલો/કેબલ/રેડિયો/સોશ્યલ મિડીયા/અન્ય કોઈપણ ઈલેકટ્રોનિક મિડીયામાં ચૂંટણી સબંધિત જાહેરાત આપતા પહેલા સંબંધિત વિસ્તારના ચૂંટણી અધિકારીની પૂર્વ મંજૂરી મેળવ્યા સિવાય ચૂંટણી પ્રચાર અંગેની કોઈપણ પ્રકારની જાહેરાત આપવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ હુકમનો ભંગ કરનાર વ્યકિત વિરૃધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

**આસામ, કેરળ, પુડુચેરીમાં**
**પહેલા પાનાનું ચાલુ**

ઉમેદવાર સેન્થિલ સેલ્વનના સમર્થનમાં સિરકાઝીમાં જોરશોરથી પ્રચાર કરી રહ્યા છે. સિરકાઝી નજીક સૂરક્કડુમાં આજે સાંજે ૪ વાગ્યે ડીએમકેની જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં છ વિધાનસભા મતવિસ્તારોને આવરી લેવામાં આવશે.

**એર ઈન્ડિયાના**
**પહેલા પાનાનું ચાલુ**

વિલ્સનના રાજીનામા પર એર ઈન્ડિયાએ કોઈ સત્તાવાર ટિપ્પણી કરી નથી. જોકે, સૂત્રોનું કહેવું છે કે એર ઈન્ડિયા નવા CEO માટે સંભવિત ઉમેદવારો સાથે ઉચ્ચ સ્તરીય વાતચીત કરી રહી છે. આ સંબંધમાં આવતા અઠવાડિયે એક મહત્વપૂર્ણ બેઠક પણ યોજાવાની છે.

દાવા મુજબ, કંપનીએ નવા CEOની શોધ જાન્યુઆરીમાં જ શરૂ કરી દીધી હતી, જ્યારે વિલ્સને કરાર પૂરો થયા પછી પદ છોડવાના સંકેત આપ્યા હતા. વિલ્સન પાસે ઉડ્ડયન ક્ષેત્રમાં ૩૦ વર્ષથી વધુનો અનુભવ છે અને તેમણે ફુલ-સર્વિસ અને લો-કોસ્ટ બંને પ્રકારની એરલાઈન્સમાં કામ કર્યું છે.

**ભારતનું રેવડી કલ્ચર**
**પહેલા પાનાનું ચાલુ**

નિકાસમાં ઘટાડો તે અર્થતંત્ર પર દબાણ લાવશે. ખાસ કરીને આગામી વર્ષ આઠમુ પગાર પંચ અમલી બની રહ્યું છે. તે કેન્દ્ર અને રાજયોની તિજોરી પર એરીયર્સ સહિતના મોટો બોજો નાખશે.

સરકારે પેટ્રોલ-ડીઝલના ભાવ વધારવા ન પડે (ચુંટણી કારણે) તેની આ બન્ને પેટ્રો ઉત્પાદન પરથી એકસાઈઝ રૂા.૧૩ અને રૂા.૧૬ પ્રતિ લીટર ઘટાડવી પડી છે જે રૂા.૧.૫૦ લાખ કરોડનો બોજો અર્થતંત્ર પર આવશે તો પેટ્રો આધારીત કાચા માલ પરની આયાત જકાત પણ શુન્ય કરી છે.

આમ આર્થિક દબાણ વધતી મોંઘવારી અને તેમાં ચુંટણી રેવડીઓ પણ મોટી ભૂમિકા ભજવી રહી છે અને હાલ ચાલી રહેલી ચુંટણીઓમાં સૌને જીતની ચિંતા છે. અર્થતંત્રની નહી તેવા દ્રશ્યો છે. આસામ, કેરળ, તામિલનાડુ, પ.બંગાળ, પોંડુચેરીમાં કલ્યાણ યોજના પર ૩૭૦૦૦ કરોડ અને કેશ ટ્રાન્સફરમાં રૂા.૨૦૦૦૦ કરોડ જશે.

હાલમાં જ બિહારમાં આ જ પ્રકારે રૂા.૩૦૦૦૦ કરોડનો બોજો આવ્યો છે અને હિમાચલ જેવા રાજયના કર્મચારીને પગાર આપવામાં પણ ફાંફા અનુભવે છે. જેમાં ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફરની રૂા.૧.૬૮ લાખ કરોડ જે કુલ બજેટ ખર્ચ ૭થી૮% વધારી દેશે. જેની સૌથી મોટી અસર વિકાસ પર થશે.

**ઈરાનના પાવર પ્રોજેક્ટની સુરક્ષા**
**પહેલા પાનાનું ચાલુ**

ઈરાનમાં દરેક બ્રિજ મંગળવારે રાત્રે ૧૨ વાગ્યા સુધીમાં તબાહ કરી દેવામાં આવશે. દરેક પાવર પ્લાન્ટ બિઝનેસમાંથી બહાર થઈ જશે, તે ક્યારેય ઉપયોગ કરવા લાયક નહીં રહે અને આ ફક્ત ૪ કલાકમાં થઈ શકે છે.'

ઈરાન યુદ્ધના કારણે ક્રૂડ ઓઈલની કિંમતો વધીને લગભગ ૧૧૦ ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગઈ છે.

બ્રેન્ટ ક્રૂડની કિંમત ૦.૪ ટકા વધીને પ્રતિ બેરલ ૧૧૦.૧૯ ડોલર થઈ ગઈ, જ્યારે અમેરિકી વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ (ૅ) ક્રૂડ૦.૮ ટકા વધીને પ્રતિ બેરલ ૧૧૩.૩૧ ડોલર પર પહોંચી ગયું.

**એક સૈનિકને બચાવવા ૧૫૫**
**પહેલા પાનાનું ચાલુ**

અમેરિકન સેનાએ ૨૧ સૈન્ય વિમાનો દુશ્મનના એરસ્પેસમાં મોકલી દીધા હતા. ઘણા વિમાનો ખૂબ ઓછી ઊંચાઈએ ઉડી રહ્યા હતા અને તેમના પર ગોળીબાર થઈ રહ્યો હતો. આ ઓપરેશન દિવસના અજવાળામાં લગભગ ૭ કલાક સુધી ચાલ્યું હતું અને આ દરમિયાન દુશ્મનોના ભારે ફાયરિંગનો સામનો કરવો પડ્યો હતો.

ઈરાનમાં બીજા બચાવ અભિયાન દરમિયાન ૧૫૫ વિમાન સામેલ હતા, જેમાં ૪ બોમ્બમારો કરનારા, ૬૪ ફાઈટર જેટ, ૪૮ ઈંધણ ભરનારા ટેન્કર, ૧૩ બચાવ વિમાન અને અન્ય સામેલ હતા.

ટ્રમ્પે જણાવ્યું કે, પ્રથમ રેસ્ક્યુ ટીમે F-૧૫ના પાઈલોટને શોધી કાઢ્યો અને તેને HH-૬૦ જોલી ગ્રીન હેલિકોપ્ટરની મદદથી સુરક્ષિત રીતે બહાર કાઢ્યો. આ દરમિયાન સૈનિકોએ અત્યંત નજીકથી ફાયરિંગનો સામનો કરવો પડ્યો હતો, તેમ છતાં કોઈ મોટું નુકસાન થયું નથી.

**હોર્મુઝથી કરાચી જતુ**
**પહેલા પાનાનું ચાલુ**

ઈરાનની આ કડક કાર્યવાહી બાદ હવે આ જહાજે પાકિસ્તાનનો રસ્તો છોડીને ભારત તરફ વળવાનો નિર્ણય લીધો છે. વેસલ ટ્રેકિંગ ડેટા અનુસાર, 'SELEN' હવે મુંબઈ બંદર તરફ આગળ વધી રહ્યું છે અને ૯ એપ્રિલ સુધીમાં તે ભારતીય તટ પર પહોંચે તેવી સંભાવના છે.

પાકિસ્તાન અત્યારે પહેલેથી જ ગંભીર ખાદ્ય સંકટનો સામનો કરી રહ્યું છે, તેવા સમયે અનાજ ભરેલા જહાજનું કરાચી ન પહોંચવું તે ઈસ્લામાબાદ માટે મોટો આર્થિક ફટકો માનવામાં આવે છે.

બીજી તરફ, ભારત માટે હોર્મુઝના રસ્તેથી સારા સમાચાર મળી રહ્યા છે. જ્યારે પાકિસ્તાન તરફ જતાં જહાજો રોકવામાં આવી રહ્યા છે, ત્યારે ભારત આવતા જહાજો માટે ઈરાને રસ્તો ખુલ્લો રાખ્યો છે.

સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં એલપીજી(રસોઈ ગેસ) ભરેલા ૮ જહાજો સુરક્ષિત રીતે ભારત પહોંચી ચૂક્યા છે અને આગામી ૩-૪ દિવસમાં બીજા ૪ જહાજો ભારત પહોંચવાની અપેક્ષા છે.

ઈરાને ન્યૂયોર્કમાં પોતાના મિશન દ્વારા સ્પષ્ટ કર્યું છે કે હોર્મુઝમાંથી પસાર થતા દરેક જહાજે ઈરાની અધિકારીઓ સાથે નિયમોનું પાલન કરવું પડશે. ઈરાને એ પણ સંકેત આપ્યા છે કે તે મિત્ર દેશોના જહાજોને રસ્તો આપશે, પણ શરત એટલી કે તેઓ ઈરાન વિરોધી કોઈ પ્રવૃત્તિમાં સામેલ ન હોવા જોઈએ. 'SELEN' જહાજનું કરાચી ન જઈ શકવું તે ઈરાનની આ કડક નીતિ અને ક્ષેત્રમાં વધતા પ્રભુતનું પરિણામ છે.

**ઓલપાડના ઝાંપાફળિયા**
**પેજ-૨ પાનાનું ચાલુ**

કૃપાદ્રષ્ટિ સદા વરસતી રહે એવાં શુભ ભાવ સાથે શ્રી લક્ષ્મીનારાયણ મંદિરની સાલગીરી શાસ્ત્રોક્ત વિધિથી ભક્તિભાવભર્યા વાતાવરણમાં ઉજવવામાં આવી હતી. પ્રભુજીની સાલગીરીની ઉજવણીનાં ભાગરૂપે ભજન સંધ્યાનું તથા ભોજન પ્રસાદીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આરંભથી અંત સુધી નિઃસ્વાર્થ ભાવે જહેમત ઉઠાવી સૌ ઝાંપાફળિયાનાં રહેવાસીઓએ સાલગીરીને સફળતાપૂર્વક સંપન્ન કરી હતી. અંતમાં મહોલ્લાવાસીઓએ ખૂબ જ આસ્થાપૂર્વક પોતાનાં પરિવાર સહિત સમગ્ર જીવસૃષ્ટિનાં કલ્યાણ માટે ભગવાન શ્રી લક્ષ્મીનારાયણને પ્રાર્થના કરી હતી.

**મતદાન મથકના**
**પેજ-૨ પાનાનું ચાલુ**

મતગણતરી કેન્દ્રના વિસ્તારમાં વાયરલેસ સેટ તેમજ કોઈપણ વ્યકિત દ્વારા સેલ્યુલર/મોબાઈલ ફોન, કોર્ડલેસ ફોન સાથે રાખવા તથા તેના ઉપયોગ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ હુકમનો ભંગ કરનાર વ્યકિત વિરૃધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

**રંગ ઇન્ટરનેશનલ**
**પેજ-૨ પાનાનું ચાલુ**

પાઠવ્યા હતા. શહેરના અનેક અગ્રણી સામાજિક આગેવાનો અને હોદ્દેદારોએ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભામાં વધારો કર્યો હતો.

વાર્ષિકોત્સવ દરમિયાન શૈક્ષણિક તેમજ સહ-શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. નેશનલ, રાજ્ય અને જિલ્લા કક્ષાની વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા બનેલા વિદ્યાર્થીઓને ટ્રોફી આપી બિરદાવવામાં આવ્યા હતા.

'Beautiful Bachpan' થીમ આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમોમાં બાળકો દ્વારા વિવિધ રંગારંગ રજૂઆતો કરવામાં આવી હતી. આધુનિક વેસ્ટર્ન ડાન્સ અને ભારતીય શાસ્ત્રીય નૃત્યનો સુંદર સંગમ દર્શાવવામાં આવ્યો હતો. ઉપરાંત, વિદ્યાર્થીઓએ પિરામિડ દ્વારા શારીરિક સંતુલન અને સ્કેટિંગ દ્વારા ગતિશીલતાનું શાનદાર પ્રદર્શન કર્યું હતું. કાર્યક્રમના અંતમાં ગુજરાતી સંસ્કૃતિની ઓળખરૂપ ગરબાની રમઝટે સમગ્ર વાતાવરણને ભક્તિમય અને ઉત્સાહભર્યું બનાવી દીધું હતું. અંતમાં, શાળાના ટ્રસ્ટી મંડળ અને આચાર્યશ્રીએ કાર્યક્રમને સફળ બનાવવા માટે શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓનો દિલથી આભાર વ્યક્ત કર્યો હતો.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

મંગળવાર, તા.૦૭ એપ્રિલ ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# નાયબ મુખ્યમંત્રી સંઘવી અને પ્રભારી મંત્રી કનુભાઈ દેસાઈએ સંકલન બેઠક બોલાવી

### સુરત મહાનગર પાલિકાની ૧૨૦ બેઠકોની ટિકિટ ફાળવવા ઉમેદવારોની પસંદગી કરવા ગાંધીનગરમાં બેઠકોનો દૌર

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૭**

સુરત મહાનગરપાલિકા સહિતની ૧૫ મહાનગરપાલિકાની ચૂંટણી સંદર્ભે ભાજપના ઉમેદવારો નક્કી કરવા માટે ગાંધીનગર ખાતે રાજ્યસ્તરની સંકલન બેઠકમાં મંથન ચાલી રહ્યું છે. આ દરમિયાન આજે ખાસ સુરત મનપાની ચૂંટણી અંગે પ્રભારી મંત્રી કનુભાઈ દેસાઈના ગાંધીનગર ખાતેના નિવાસસ્થાને સંકલન બેઠક મળી રહી છે.

ભાજપ પ્રદેશ મોવડી મંડળ મહાનગર પાલિકાઓ, જિલ્લા પંચાયતો, નગર પાલિકાઓ અને તાલુકા પંચાયતોની ચૂંટણી માટે ટિકિટની ફાળવણી કરવાની પ્રક્રિયામાં રાત દિવસ વ્યસ્ત બની ગયું છે. આ દરમિયાન સુરત મહાનગરપાલિકાની ૧૨૦ બેઠકો માટે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને પ્રભારી મંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં સંકલન બેઠક યોજાશે. આ સંકલન બેઠકમાં સુરત ભાજપ મહાનગર દ્વારા પાઠવાયેલા ત્રણ ત્રણ ઉમેદવારોની પસંદગી યાદી પર વિસ્તૃત ચર્ચા કરીને બે બે નામોની પેનલ બનાવવામાં આવશે અને ત્યારબાદ બે બે નામોની પસંદગી યાદી પ્રદેશ સંકલન બેઠકમાં રજુ કરાશે અને આ ૨૪૦ ઉમેદવારોના નામોમાંથી ૧૨૦ ઉમેદવારોની જે તે કેટેગરી મુજબ આખરી પસંદગી કરવામાં આવશે.સુરત મહાનગર પાલિકાની ૧૨૦બેઠકો પર ભાજપમાંથી ચૂંટણી લડવા ૨૧૦૦જેટલા ઉમેદવારો બે પ્રદેશ નિરીક્ષકો સમક્ષ દાવો કરતા ભાજપની પ્રદેશ નેતાગીરી માટે ઉમેદવારોની આખરી પસંદગી કરવાનું કામ કપરું બની ગયું છે.

## ભાજપના સંભવિત ઉમેદવારો સંદર્ભે જાગેલી જાહેર ચર્ચા

### ચૂંટણી લડવા ઉત્સુક ઉમેદવારો રાત દિવસ ટિકિટની ચર્ચામાં વ્યસ્ત

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૭**

સુરત મહાનગર પાલિકાની ચૂંટણીમાં ભાજપમાંથી ટિકિટ માંગનાર દાવેદારોમાં જે તે વોર્ડના સંભવિત ઉમેદવારો ખુદ ભારે જોર શોરથી ચર્ચા જાગી છે. ટિકિટ વાંચ્છુઓ રાત-દિવસ ટિકિટ મેળવવા માટેના ધખારા કરી રહ્યાં છે અને સંભવિત ઉમેદવારો માટે કેટલાક નામો પણ ચર્ચામાં આવ્યાં છે.ભાજપથી ટિકિટ ફાળવવા ગાંધીનગર ખાતે ભાજપ મોવડી મંડળ દ્વારા મંથન ચાલી રહ્યું છે. આજકાલમાં ભાજપના ઉમેદવારોની સત્તાવાર જાહેરાત થાય તેવી શક્યતા નહીંવત છે. ત્યારે તળસુરતનો મોટાભાગના ક્ષેત્રને આવરી લેતા વોર્ડ નં.૧૨ નાણાવટ સૈયદપુરા, કબુરેનગર, મહિધરપુરામાંથી સંભવિત ઉમેદવારો તરીકે આરતીબેન પટેલ, હિમાક્ષીબેન ચૌહાણ, ચિરાગભાઈ સાવલિયા, બીપિનભાઈ પટેલ ગાયત્રીના નામોની પેનલ ચર્ચાઈ રહી છે. આજ પ્રમાણે વોર્ડ નં.૧૩ વાડીફળિયા, નવાપુરા, બેગમપુરા, સલાબતપુરામાં ભાજપના સંભવિત ઉમેદવારોમાં ભારતીબેન વાઘેલા, મોહીનીબેન કોસંબિયા, સંદીપભાઈ ચલકવાલા અને સંજયભાઈ દલાલના નામોની ચર્ચા જોરશોરથી ચાલી રહી છે. ભાજપમાંથી ચૂંટણી લડવા ઉત્સુક આગેવાનો તથા કાર્યકરો ચૂંટણીની ચર્ચામાં વ્યસ્ત રહેતા હોવાથી જે તે વોર્ડના સંભવિત ઉમેદવારોના નામો ઉભરી રહ્યાં છે.



મનોહરબાવાનો ટેકરો સૈયદપુરા ખાતેના શ્રી મહાકાલ માતાના મંદિરની સાલગીરી નિમિતે આજરોજ શ્રી મહાકાળી મંદિર પરિવાર દ્વારા પાટોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. મંદિરમાં આજે સવારથી મોડી રાત સુધી વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યાં છે. માતાજીને ધરવામાં આવેલા અન્નકુટના દર્શન આ તસ્વીરમાં કહી શકાય છે.

## ગ્રાઈન્ડર એપ વડે જહાંગીરપુરા પાસે બોલાવી માર મારી યુવકને લૂંટી લેવાયો

### બળજબરીથી એટીએમનો પીન નંબર મેળવી રૂા.૩૦ હજાર ઉપાડી લીધા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૭**

સુરત શહેરના જહાંગીરપુરા વિસ્તારમાં ઓનલાઈન એપનો દુરુપયોગ કરીને યુવકને ફસાવી લૂંટ ચલાવવાનો ગંભીર બનાવ સામે આવ્યો છે. આ અંગે વિવેકકુમાર શાંતીલાલ બગથળીયા (ઉ.વ. ૨૬), રહેતા સુમન વંદન આવાસ, જહાંગીરપુરા, દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ફરિયાદ મુજબ તા. ૧૮ માર્ચ ૨૦૨૬ના રોજ સાંજે આશરે ૭:૪૫ વાગ્યે એક અજાણ્યા ઈસમએ "Grindr" એપ્લિકેશન મારફતે ફરીયાદીનો સંપર્ક કર્યો હતો અને તેને જહાંગીરપુરા વિસ્તારમાં રિવાન્ટા વર્ણી સામે જાહેર રોડ પર મળવા બોલાવ્યો હતો. વિશ્વાસમાં આવી ફરીયાદી ત્યાં પહોંચતા આરોપીએ તેને પોતાની મોટરસાઈકલ પર બેસાડી ઘોડા ગરનાળા રેલવે ક્રોસિંગ પાસે સૂમસામ જગ્યાએ લઈ ગયો હતો, જ્યાં બીજો સાથી પહેલેથી હાજર હતો.

બંને આરોપીઓએ મળીને ફરીયાદીને પકડી રાખી ગાલ પર તમાચા મારી તથા ઢીકમુકકી કરી મારપીટ શરૂ કરી હતી. ત્યારબાદ ગાળાગલોચ કરી અને બદનામ કરવાની ધમકી આપી ફરીયાદીને ભયભીત કર્યો હતો. આરોપીઓએ બળજબરીપૂર્વક ફરીયાદીના મોબાઈલમાં SBI અને BOB બેંકના એકાઉન્ટની માહિતી ચેક કરી અને તેમના પર્સમાંથી SBI બેંકનું ATM કાર્ડ કાઢી લીધો હતો.

આરોપીઓએ ધમકી આપી ATM કાર્ડનો પિન નંબર પણ મેળવી લીધો અને બાદમાં ખાતામાંથી રૂપિયા ૩૦,૦૦૦ ઉપાડી લીધા હતા. લૂંટ ચલાવી આરોપીઓ સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા.

## ભેજવાળા પવન ફુંકાતા ગરમીમાં થોડી ઘણી રાહત

### મોડી રાત્રે વાતાવરણમાં ઠંડકનો અનુભવ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૭**

સુરત શહેરમાં આજે દિવસભર વાદળછાયું વાતાવરણ છવાયેલું રહ્યું હતું, જેના કારણે તાપમાનમાં થોડો ઘટાડો નોંધાયો હતો અને લોકોને ગરમીમાંથી આંશિક રાહત મળી હતી. શહેરમાં મહત્તમ તાપમાન આશરે ૩૩ થી ૩૪ ડિગ્રી સેલ્સિયસ સુધી નોંધાયું હતું, જે સામાન્ય કરતા થોડું ઓછું ગણાય છે.

હવામાન વિભાગ મુજબ દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી આશરે ૬ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. આ પવનના કારણે વાતાવરણમાં થોડી ઠંડકનો અહેસાસ થયો હતો, પરંતુ સાથે જ હવામાં ભેજનું પ્રમાણ લગભગ ૭૦ ટકા સુધી પહોંચતા ઉકળાટનો માહોલ યથાવત રહ્યો હતો. લોકો ગરમીથી થોડા રાહત અનુભવી રહ્યા હોવા છતાં ભેજના કારણે અસહજતા અનુભવતા રહ્યા હતા.

દિવસભર આકાશમાં વાદળો છવાયેલા રહેતાં સૂર્યપ્રકાશની તીવ્રતા ઘટી ગઈ હતી. ખાસ કરીને બપોરના સમયે સામાન્ય રીતે અનુભવાતી તીવ્ર ગરમીમાં ઘટાડો નોંધાયો હતો. શહેરના કેટલાક વિસ્તારોમાં હળવા પવન સાથે ઠંડકનો અનુભવ થયો હતો.હવામાન નિષ્ણાતોના અનુમાન મુજબ આગામી દિવસોમાં પણ આવું જ વાદળછાયું વાતાવરણ યથાવત રહી શકે છે. સાથે જ કેટલીક જગ્યાએ હળવા વરસાદની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે. બદલાતા હવામાનને ધ્યાનમાં રાખીને નાગરિકોને જરૂરી તકેદારી રાખવા સૂચન કરવામાં આવ્યું છે.

## કાપડના વેપારી પાસેથી માલ ખરીદી બે ઠગો દ્વારા રૂા.૨૧ લાખની છેતરપિંડી

### જંગી રકમના માલની ખરીદી કરી થોડુક પેમેન્ટ ચૂકવી બંને ઠગોએ કરેલું ઉઠમણું

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૭**

સુરત શહેરમાં કાપડના વેપારી સાથે મોટી છેતરપિંડીનો બનાવ સામે આવ્યો છે, જેમાં આશરે ૨૧ લાખથી વધુની રકમની ઠગાઈ કરાઈ હોવાનું સામે આવ્યું છે. આ મામલે પીડિત વેપારી સંજીવકુમાર દેશરાજ તનેજા (ઉ.વ. ૫૫), રહેતા વેસુ વિસ્તાર, દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ફરિયાદ મુજબ આરોપી મનિષકુમાર હિરિષકુમાર અલધ, જે "આર.વી. ક્રિએશન" નામની ફર્મનો પ્રોપરાયટર છે અને અર્પિત રાજેન્દ્રસિંહ ધોત્રા, જે "વાહેગુરુ એજન્સી"નો માલિક અને દલાલ તરીકે કાર્યરત છે, બંનેએ મળીને આ છેતરપિંડી આચરી હતી. આરોપીઓએ ફરીયાદી સાથે મીઠી વાતો કરીને વિશ્વાસમાં લીધો હતો અને કાપડના વેપાર માટે સોદા શરૂ કર્યા હતા.

પ્રારંભમાં આરોપીઓએ સમયસર ચૂકવણી કરીને વિશ્વાસ જીત્યો હતો, બાદમાં તેઓએ ફરીયાદી પાસેથી અલગ-અલગ બિલ દ્વારા કુલ રૂપિયા ૭૫,૯૩,૪૦૯ના લેડીઝ સુટના કાપડનો માલ મંગાવ્યો હતો. જેમાંથી તેઓએ ટુકડે-ટુકડે રૂપિયા ૫૪,૮૮,૧૨૧ ચુકવ્યા હતા, પરંતુ બાકીના રૂપિયા ૨૧,૦૫,૨૮૮ હજુ સુધી ચૂકવ્યા નથી.

ફરિયાદ અનુસાર બાદમાં આરોપીઓએ પોતાની દુકાન બંધ કરીને ઉઠામણું કરી દીધું અને સંપર્ક તોડી નાખ્યો હતો. આ સમગ્ર ઘટના ૧ એપ્રિલ ૨૦૧૯થી ૨૧ માર્ચ ૨૦૨૦ દરમિયાન બની હતી, જ્યારે ગુનાની ફરિયાદ ૬ એપ્રિલ ૨૦૨૬ના રોજ નોંધાઈ છે.

પોલીસે બંને આરોપીઓ સામે વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



રામપુરા ખાતે આવેલી વિનસ હોસ્પિટલમાં સુરત ફાયર બ્રિગેડ દ્વારા હોસ્પિટલ સંકુલના નર્સિંગ કોલેજમાં આકસ્મીક આગ લાગવાની દુર્ઘટના સમયે બચાવ રાહત કામગીરી અંગે મોકડ્રીલ યોજવામાં આવી રહી છે. ફાયર બ્રિગેડના જવાનોએ આગની દુર્ઘટના સમયે રાહત-બચાવના કામની નિદર્શન કર્યુ હતું. (તસવીર : હનીફ મલેક)

## જે.એચ.બી. સરદાર પ્રાઈમરી શાળાને શિક્ષણાધિકારી દ્વારા ૧૦ હજારનો દંડ

### વિદ્યાર્થીએ ફી નહીં ભરતા શાળાના પ્રિન્સીપાલ ગોપાલ ઠાકરેએ પરીક્ષામાં બેસવા દીધો ન હતો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૭**

અડાજણ વિસ્તારમાં આવેલી જે. એચ.બી સરદાર પ્રાઈમરી સ્કુલ બાકી ફી મામલે ફરી એકવાર વિવાદમાં આવી છે. ગત બુધવારે ફી બાકી હોવાને કારણે ઘણા વિદ્યાર્થીઓને વાર્ષિક પરીક્ષા આપવાથી વંચિત રાખવામાં આવ્યા હતા. આ મામલે વધુ એક વાલી દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીને લેખિતમાં ફરિયાદ કરવામાં આવી છે. ઉપરાંત શાળાના વાલી મંડળ દ્વારા પણ શિક્ષણાધિકારીને શાળાના પ્રિન્સીપાલ ગોપાલ ઠાકરેની જો હુકમીની ફરિયાદ કરાઈ હતી.

ગત બુધવારે જે.એચ.બી સરદાર સ્કુલમાં વાર્ષિક પરીક્ષા હતી. જોકે આ પરીક્ષા દરમિયાન ફી બાકી હોય તેવા વિદ્યાર્થીઓને પરીક્ષાખંડમાંથી અપમાનિત કરી કાઢી મુકવામાં આવ્યા હોવાની ફરિયાદ જિલ્લા શિક્ષણાધિકારીને કરાઈ હતી. જોકે ત્યારબાદ આચાર્ય દ્વારા તે પૈકી કેટલાક વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા દીધા હતા. આ મામલે સોમવારે વધુ એક વાલી દ્વારા ડીઈઓને લેખિતમાં ફરિયાદ કરી ન્યાયની માંગણી કરી છે. વાલી દ્વારા કરાયેલી ફરિયાદમાં જણાવાયું છે કે સ્કુલ સંચાલકો દ્વારા મારા બાળક સાથે અન્યાયી વર્તન કરવામાં આવ્યું છે. મારા બાળકને આજદીન સુધી એક પણ ઓપન હાઉસ અટેન્ડ કરવા દેવામાં આવેલ નથી. આ ઉપરાંત વાર્ષિક પરીક્ષાના પ્રથમ દિવસે જ મારા બાળકને પરીક્ષાખંડમાંથી અપમાનિત કરી કાઢી મુકવામાં આવ્યો હતો. શાળાના આ કૃત્યથી બાળક ગભરાઈ ગયો છે અને તેને માનસિક આઘાત લાગ્યો છે. જેને કારણે શાળા વિરુધ્ધ કડક તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવા માટે જિલ્લા શિક્ષણાધિકારીને ફરિયાદ કરવામાં આવી છે.

આ ઘટના અંગે જિલ્લા શિક્ષણાધિકારી ડો.ભગીરથસિંહ પરમારે જણાવ્યું હતું કે શિક્ષણ વિભાગના નિયમ મુજબ કોઈ પણ વિદ્યાર્થીને સ્કુલ પરીક્ષાથી વંચિત ન રાખી શકે. આ અંગે ગત બુધવારે શાળા વિરુધ્ધ ફરિયાદ મળ્યા બાદ શાળાને નોટિસ ફટકારવામાં આવી છે તેમજ ૧૦ હજારનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે.

## બલેશ્વર હાઈ-વે પર અજાણ્યા વાહન એડફેટમાં મહિલાનું મોત

### બલેશ્વર ગામની સીમમાં ધોરી માર્ગ પર વધુ એક અકસ્માત

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૭**

બલેશ્વર ગામની સીમમાં નેશનલ હાઈવે ઉપર અજાણિયા વાહન ચાલાકે રોડ ક્રોસ કરતી એક મહિલાને ટક્કર મારી કમરનો ભાગ કચડી નાખી તેમનું મોત નીપજાવી સ્થળ ઉપર થી વાહન લઈ ને નાસી ગયો હતો કડોદરા ભગુનગર ગણેશભાઈની બિલ્ડીગમાં રૂમ નંબર ૦૨ માં બિંદુ ડી/ઓ રામ કેવલ ઉંમર વર્ષ ૩૯ રહે છે મૂળ સુપા ગામ થાના ટકેલા પોસ્ટ સૂપા તાલુકો દુધાળા જિલ્લો સંત કબીર નગર ઉત્તર પ્રદેશના વટની ગઈકાલે બલેશ્વર ગામની સીમમાં આવેલ મુંબઈથી અમદાવાદ તરફ જતા નેશનલ હાઈવે નંબર ૪૮ ના રોડ ઉપર કાલાઘોડા ની સામે રોડ ક્રોસ કરતા હતા એ વખતે અજાનિયા વાહન ચાલાકે ટક્કર મારી હતી બિંદુ ના કમર ઉપરનો ભાગ કચડાઈ ગયો હતો દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું સ્થળ ઉપર થી અજાણ્યો વાહન ચાલક પોતાનું વાહન લઈ નાસી ગયો હતો ઘટના અંગે સંબંધી રાજુ પલસાણા પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે ધારા ધોરણ મુજબનો ગુનો નોંધી વધુ તપાસ એસ ડી ગોવાલિયા કરી રહ્યા છે.

## હેરોઈન કેસમાં સંડોવાયેલા નેપાળી યુવાન જામીન પર મુક્ત

### આરોપી તરફે એડવોકેટ વિપુલ શુકલાની દલીલો ગ્રાહ્ય રાખતી કોર્ટ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૭**

સુરતઃ કતારગામ વિસ્તારમાંથી નશીલા પદાર્થ હેરોઈન સાથે ઝડપાયેલા ૨૮ વર્ષીય નેપાળી યુવક બિરેન્દ્ર મહેન્દ્ર ગુરુંગને સુરત કોર્ટ દ્વારા જામીન પર મુક્ત કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ કેસમાં આરોપી તરફે એડવોકેટ વિપુલ શુક્લાએ દલીલો રજૂ કરી હતી, જેને ગ્રાહ્ય રાખી કોર્ટે જામીન મંજૂર કર્યા છે.

પોલીસે અક્ષરનગર સોસાયટી પાસેથી બિરેન્દ્રને ૮.૪૭૨ ગ્રામ હેરોઈન (કિંમત ૧,૬૯,૪૪૦) સાથે ધરપકડ કરી હતી. તેની પાસેથી એક્ટિવા, મોબાઈલ અને રોકડ સહિત કુલ ૧.૯૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. પોલીસ તપાસ મુજબ, આ જથ્થો વરાછાના રાજુભાઈ નામના શખ્સે પૂરો પાડ્યો હતો.બચાવ પક્ષના વકીલ વિપુલ શુક્લાએ કાયદાકીય પાસાઓ અને પુરાવાઓની સ્થિતિ અંગે કરેલી રજૂઆતો બાદ કોર્ટે આરોપીને જામીન આપ્યા છે.

## સવજી કોરાટ બ્રિજ પર બાઈક સ્લીપ થતા ઈજાગ્રસ્ત વેપારીનું મોત

### કડોદરાથી ઘરે પરત ફરતા સુરેશ કાછડિયાને નડેલો અકસ્માત

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૭**

મોટા વરાછા ખાતે રહેતા એમ્બ્રોઈડરીના વેપારીની બાઈક સવજી કોરાટ બ્રિજ ઉપર સ્લીપ થતા અકસ્માતમાં ગંભીર ઈજાને પગલે તેઓ મોતને ભેટ્યા હતા. વેપારી કડોદરા થી પોતાના ખાતા પરથી ઘરે આવી રહ્યા હતા અને અકસ્માત સર્જાયો હતો.

મોટા વરાછા આનંદધારા સોસાયટી ખાતે રહેતા સુરેશ મનસુખ કાછડીયા (વર્ષ ૫૧) ગઈકાલે સાંજે પોતાની બાઈક પર બેસી સવજી કોરાટ બ્રિજ ઉપરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે સુરેશ કાછડીયાની કોઈ કારણસર બાઈક સ્લીપ થઈ હતી અને તેઓ જમીન પર પટકાયા હતા જેમાં તેમને ઈજા પહોચતા બેભાન પણ થઈ ગયા હતા. તાત્કાલિક તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. ટૂંકી સારવાર દરમિયાન સુરેશભાઈનું મોત નિપજતા પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.સુરેશભાઈના નાના ભાઈ હરેશભાઈએ જણાવ્યું હતું કે સુરેશભાઈ કડોદરા ખાતે એમ્બ્રોઈડરીનું ખાતું ચલાવતા હતા. ગઈકાલે તેઓ ખાતા પરથી ઘરે આવી રહ્યા હતા અને તેમને અકસ્માત નડ્યો હતો. સંતાનમાં તેઓને બે છોકરા અને એક છોકરી છે જેઓએ પિતાની છત્રછાયા ગુમાવી દીધી હતી.

## ગરમ પાણીથી દાઝી ગયેલા શ્રમિકની હાલત ગંભીર

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૭**પલસાણા ઓમ એન્ટર પ્રાઈઝ કંપની ના ડાઈગ મિલમાં કામ કરતા કામદાર ઉપર મશીનનું ગરમ પાણી પડતા ગંભીર રીતે દાઝી ગયા હતા પલસાણા ગામ મેગા પ્લાઝા શિવ શક્તિ એપાર્ટમેન્ટમાં રૂમ નંબર ૧૦૩ માં કિશન કુમાર પ્રવીણકુમાર ગૌતમ ઉંમર વર્ષ ૨૨ રહે છે ગઈકાલે મિલમાં કામ કરતા હતા ત્યારે ડાઈનિંગ મશીન નું ગરમ પાણી પડ્યું હતું જેથી શરીરે ચહેરા બંને ખંભા બંને હાથ તથા હાથ ની આંગળીઓ છાતી પેટ પીઠ બંને પગ વિગેરે ભાગે ગંભીર રીતે દાજી ગયા હતા ઘટના અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે

## સ્વામી નારાયણ મંદિર કેમ્પસમાં રહેતી યુવતીની આત્મહત્યા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૭**,સાત પલસાણામાં રહેતી ૨૩ વર્ષની યુવતીએ આગમ્ય કારણસર પોતાના ઘરમાં રસોડામાં પંખા સાથે ગલે ફાસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું પલસાના સામિનારાયણ મંદિર કેમ્પસમાં રહેતી યુવતીખુશીબેન સંજયભાઈ રાવલ ૨૩ રહે છે ઘરકામ કરે છે ગઈકાલે અગમ્ય કારણસર પોતે પોતાની જાતે ઘરના રસોડાના ભાગે છતના પંખા સાથે ઓઢણી બાંધી ગલે પાસો ખાય આત્મહત્યા કરી લીધી હતી. મૃત દીકરીના પિતા સંજયભાઈ રાવલે પલસાણા પોલીસ મથકમાં જાણ કરતાં પોલીસે હાલતો અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે



સુરત શહેરમાં મેટ્રો ટ્રેનની કામગીરી પુરગતિએ ચાલી રહી છે. સુરત શહેરના નાનપુરા ખાતેના વિવેકાનંદ સર્કલ પર મેટ્રો ટ્રેન રૂટની કામગીરી આગળ વધી રહી હોવાનું આ તસ્વીરમાં જણાય છે. (તસવીર : હનીફ મલેક)